Downloaded from https:// www.studiestoday.com

# ગુજરાતી

## (સાહિત્ય)

## ધોરણ 11

માધ્યમિક શિક્ષણ બૉર્ડ રાજસ્થાન, અજમેર

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# પાઠ્યપુસ્તક નિર્માણ સમિતિ

## ગુજરાતી, સાહિત્ય, ધોરણ - 11


संयोजक

- डॉ. अशोक पटेल
  एसोसिएट प्रोफेसर, एस.यु.जी. कॉलेज ऑफ एज्युकेशन, वासणा, अहमदावाद

लेखक

- श्री राघवजी माधड
  रिसर्च एसोसिएट, जी.सी.इ.आर.टी., गांधीनगर
- डॉ. जगदिशभाई महिडा
  ऐसोसिएट प्रोफेसर, एस.यु.जी.कॉलेज ऑफ एज्युकेशन, वासणा, अहमदावाद
- डॉ. अर्चना पटेल
  सुपरवाईझर, श्री गणेश विद्यामंदिर, वासणा, अहमदावाद
- श्री नीतिनकुमार ढाढोदरा
  आसि. प्रोफेसर गुजरात विद्यापीठ, अहमदावाद


## આભાર


સંપાદક મંડળ અને માધ્યમિક શિક્ષણ બૉર્ડ-અજમેર, એ બધા લેખકો પ્રત્યે આભાર અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરે છે કે, જેમના મૂલ્યવાન વિચારો અને સર્જન આ પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કરેલ છે.

આ પાઠ્યપુસ્તકમાં મુદ્રિત સમગ્ર વિષયવસ્તુનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવેલ છે, છતાં પણ વિષયવસ્તુનો કોઈ ભાગ કે અંશ ભૂલથી પણ સમાવિષ્ટ થયો ન હોય તો તેના માટે સંપાદક મંડળ ખેદ વ્યક્ત કરે છે. આવી બાકી કોઈપણ વિગત કે વિષયવસ્તુ પ્રત્યે જો ધ્યાન દોરવામાં આવશે તો અમે એનો સહર્ષ સ્વીકાર કરીશું.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# બે શબ્દ

શિક્ષણ પ્રતિમાનના ઉદ્દેશ્યની પૂર્તિ માટે પાઠ્યપુસ્તકની અનિવાર્યતાને નકારી શકાય નહીં. અધ્યાપનને પ્રભાવશાળી બનાવવા તેમજ વિદ્યાર્થીના વ્યવહારનું સંવર્ધન કરવા, મૂલ્યાંકન કરવા પાઠ્યપુસ્તક એક આધાર સ્તંભ બની રહે છે. અર્થાત્ પાઠ્યપુસ્તક એ સાધન છે. જે દ્વારા સાધ્યને સાધી શકાય છે. આજના ટેકનોલોજીના યુગમાં પણ આ સાધનની અનિવાર્યતા ઉપયોગીતા એવી ને એવી જ અકબંધ રહી છે. તેને ઉપેક્ષી શકાય નહીં.

છેલ્લા કેટલાંક વર્ષોમાં માધ્યમિક શિક્ષણ બોર્ડના પાઠ્યક્રમમાં રાજસ્થાનની ભાષાકીય અને સાંસ્કૃતિક પાર્શ્વભૂમિકાના પ્રતિનિધિત્વનો અભાવ અનુભવાતો હતો. રાજસ્થાની ભાષા અને સંસ્કૃતિનું ગૌરવ વધે તે દૃષ્ટિકોણ પાઠ્યક્રમ રચના વખતે નજર સમક્ષ રાખ્યો છે. આ દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખતાં રાજ્ય સરકાર દ્વારા ધો.9 થી 12 સુધીના વિદ્યાર્થીઓ માટે માધ્યમિક શિક્ષણ બોર્ડ રાજસ્થાન, અજમેર દ્વારા પોતાના પાઠ્યક્રમનો અમલ કરવાનો નિર્ણય લેવામાં આવેલ. તે મુજબ બોર્ડ દ્વારા શિક્ષણ સત્ર 2016-17થી ધોરણ 9 અને 11ના પાઠ્યપુસ્તકો બૉર્ડ દ્વારા નિર્ધારિત પાઠ્યક્રમના આધારે તૈયાર કરવામાં આવ્યા છે. આશા છે કે, આ પુસ્તકો વિદ્યાર્થીઓમાં મૌલિક વિચાર, ચિંતન અને અભિવ્યક્તિ માટેની પૂરતી તકો પૂરી પાડશે.

**પ્રો. બી.એલ.ચૌધરી**
**અધ્યક્ષ**
**માધ્યમિક શિક્ષણ બોર્ડ, રાજસ્થાન, અજમેર**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# ભૂમિકા

પ્રસ્તુત પુસ્તક 'ગુજરાતી - તૃતીય ભાષા' ધોરણ - 11ના વિદ્યાર્થીઓના અધ્યયન-અધ્યાપન માટે માધ્યમિક શિક્ષણ બૉર્ડ રાજસ્થાન દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. આ પાઠ્યપુસ્તકની અનેક વિશેષતાને કારણે તેને વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતા હર્ષની લાગણી અનુભવાય છે. આ પાઠ્યપુસ્તક એ વિદ્યાર્થીઓની વયકક્ષા, સમાજની અપેક્ષાઓ, રાષ્ટ્રીય આકાંક્ષાઓ અને ભાષા કૌશલ્યોને ધ્યાનમાં રાખીને તૈયાર કરેલ છે.

ગુજરાતી ભાષાના વ્યાવહારિક વપરાશનો વિકાસ થાય તે પાઠ્યપુસ્તકનો મુખ્ય હેતુ છે. આ ઉદ્દેશની પૂર્તિ માટે પાઠ્યપુસ્તક ઉપયોગી સાધન છે. પાઠ્યપુસ્તકમાં સમય, સ્વરૂપ અને લેખન શૈલીને ધ્યાનમાં રાખી ગદ્ય, પદ્ય અને વ્યાકરણનો સમાવેશ કરેલ છે. દરેક કૃતિની શરૂઆતમાં જે તે કૃતિના કર્તાનો અને કૃતિનો ટૂંકમાં પરિચય આપેલ છે. તદ્ઉપરાંત કૃતિનું જે સાહિત્ય સ્વરૂપ વિદ્યાર્થીઓ ભણવાના છે તેનાથી વિદ્યાર્થીઓ સામાન્ય પ્રમાણમાં પરિચિત થાય તેને ધ્યાનમાં રાખીને સાહિત્યના સ્વરૂપનો પરિચય પણ કૃતિની સાથે આપેલ છે.

વિદ્યાર્થી કૃતિને સરળતાથી સમજી શકે તે માટે કૃતિમાં આવતા અપરિચિત શબ્દો જે તે કૃતિના અંતે 'ટિપ્પણ'માં આપેલ છે. વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવા માટે તેમજ તેના સ્વઅધ્યયન માટે દરેક કૃતિની સાથે સ્વાધ્યાય આપેલ છે. આ પાઠ્યપુસ્તકની અનેક વિશેષતામાંની ધ્યાનાકર્ષક વિશેષતા જો હોય તો તે છે - કૃતિના અંતે આપવામાં આવેલ પ્રવૃત્તિ દ્વારા થતી ભાષાસજ્જતા. અહીં એવી પ્રવૃત્તિઓ આપવામાં આવી છે કે જેનાથી વિદ્યાર્થી સરળતાથી ભાષા શીખે, સમાજજીવનને જાણે, સામાજિક પ્રવૃત્તિ કરવા પ્રેરાય. સાહિત્યને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીએ શીખવું જોઈતું વ્યાકરણ યોગ્ય જગ્યાએ કૃતિના અંતે આપેલ છે.

આ પાઠ્યક્રમમાં ભાષા અધ્યયન, ભાષા વિકાસની સાથોસાથ ભાષાના વ્યાવહારિક વપરાશને નજર સમક્ષ રાખવામાં આવ્યો છે. આ પાઠ્યપુસ્તકમાં વિવિધ પ્રકારની સાહિત્યકૃતિઓનો સમાવેશ કરેલ છે. ખાસ કરીને રાજસ્થાની ભાષા અને ભવ્ય સાંસ્કૃતિક, ભૌગોલિક વારસાને પ્રગટ કરતી કૃતિઓને પણ સ્થાન આપ્યું છે. જેથી વિદ્યાર્થીઓમાં ભાષા વિકાસની સાથોસાથ સંસ્કૃતિ અને કળાના વારસાનો મહિમા થાય, કુટુંબપ્રેમ, રાષ્ટપ્રેમ, પ્રકૃતિપ્રેમ, પશુ-પક્ષીપ્રેમ, બંધુત્વની ભાવના, સ્વચ્છતા જેવાં અનેક મૂલ્યો વિકસે.

સંપાદક મંડળે પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી, વ્યવહારુ અને ક્ષતિ રહિત બનાવવાની પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં જો કોઈ ક્ષતિ કે ખામી રહી ગઈ હોય તો તે માટે સંપાદક મંડળ દિલગીરી વ્યક્ત કરે છે. ઉપરાંત જો કોઈ અભ્યાસીના ધ્યાનમાં આ પાઠ્યપુસ્તકની કોઈ ભૂલ કે ખામી આવે તો તે પ્રત્યે અમારું ધ્યાન દોરે તેવી નમ્ર વિનંતી છે. અભ્યાસીઓના આવા પ્રયત્નોને અમે સહર્ષ સ્વીકારીશું.

**સંપાદક મંડળ**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## અનુક્રમણિકા



| ક્રમ | વિગત | કૃતિનો પ્રકાર | કર્તા | પાના.નં. |
|---|---|---|---|---|
| | | **પદ્ય** | | |
| 1. | જીવન અંજલિ થાજો ! | ભજન | કરસનદાસ માણેક | 07 |
| 2. | વૈષ્ણવજન | પદ | નરસિંહ મહેતા | 09 |
| 3. | એક ઝાડ માથે ઝુમખડું | લોકગીત | – | 11 |
| 4. | ગુજરાત મોરી મોરી રે ! | ઊર્મિકાવ્ય | ઉમાશંકર જોશી | 13 |
| 5. | જૂનું ઘર ખાલી કરતાં | સૉનેટ | બાલમુકુંદ દવે | 16 |
| 6. | આબુનું વર્ણન | ઊર્મિકાવ્ય | દલપતરામ કવિ | 19 |
| 7. | જેસલમેર | અછાંદસ કાવ્ય | ગુલામ મોહમ્મદ શેખ | 22 |
| 8. | ગઢને હોંકારો તો | ગીતકાવ્ય | રમેશ પારેખ | 24 |
| | | **ગદ્ય** | | |
| 1. | આપણી કેટલીક કુટેવો | લલિત નિબંધ | ધનવંત દેસાઈ | 26 |
| 2. | છાત્રોને પત્ર | પત્ર | નાગજીભાઈ દેસાઈ | 30 |
| 3. | છત્રી | હાસ્ય નિબંધ | રતિલાલ બોરીસાગર | 36 |
| 4. | કરનાલની કન્યાનું વિરાટ કદમ | જીવનચરિત્ર | લતા હિરાણી | 42 |
| 5. | નર્મદામૈયા | પ્રવાસ નિબંધ | રમણ સોની | 47 |
| 6. | એ.પી.જે અબ્દુલ કલામ | આત્મકથા ખંડ | અબ્દુલ કલામ | 53 |
| 7. | જુમો ભિસ્તી | નવલિકા (ટૂંકીવાર્તા) | ધૂમકેતુ | 59 |
| 8. | ગોપાળબાપા | નવલકથાખંડ | મનુભાઈ પંચોલી | 64 |
| 9. | ફકત પંદર મિનિટ | નાટક | વિભૂત શાહ | 71 |
| 10. | મામો અને ભાણેજ | નવલકથાખંડ | કનૈયાલાલ મુનશી | 79 |




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 1. જીવન અંજલિ થાજો !



**કરસનદાસ માણેક**

**જન્મ : ઈ.સ. ૧૯૦૧ મૃત્યુ : ઈ.સ. ૧૯૭૮**

કરસનદાસ નરસિંહભાઈ માણેકનો જન્મ કરાંચી-હાલ પાકિસ્તાનમાં થયો હતો. તેમનું વતન જામનગર જિલ્લાનું હડીયાણા ગામ હતું. 'હરિના લોચનિયાં' અને 'માલિની' એમના જાણીતા કાવ્યો છે.

આ ગીત-કાવ્યમાં પોતાનું અમૂલ્ય જીવન અન્યને ઉપયોગી થાય તેવી કવિ પ્રભુ પાસે પ્રાર્થના કરે છે. તેમની એવી ઈચ્છા છે કે હું હંમેશા દીનદુખિયાને મદદરૂપ બનું અને જગતના ઝેર એટલે કે મુશ્કેલીઓ સહન કરીને બદલામાં અમૃત જેવું ઉપયોગીપણું આપું. આ કામ કરતા પહેલાં દરેક ક્ષણે અને દરેક શ્વાસે ઈશ્વરને હું યાદ કરું. કોઈપણ મુશ્કેલી આવે છતાં શ્રદ્ધાનો દીપ હંમેશા પ્રજ્વલિત રહે.

આ પદ્ય સાહિત્યમાં ભજન પ્રકારની કવિતા છે. પદ્ય સાહિત્યમાં પદ, પ્રાર્થના, ગીત, ભજન વગેરે ગીતના જૂના પ્રકારો છે. આ કાવ્ય ભજનના ઢાળમાં રચાયેલું કાવ્ય છે. મધ્યકાલીન સાહિત્ય મુખ્યત્વે ધર્મના રંગથી રંગાયેલું સાહિત્ય કહેવાયું છે. તેમાં મીરાંબાઈ અને આદિકવિ નરસિંહ મહેતા જેવાં કવિઓએ ભજન પ્રકારના કાવ્યો આપ્યાં છે. તેનો પ્રધાન સૂર પ્રભુભક્તિ ને ઈશ્વર પ્રાપ્તિનો હોય છે. જેમાં લય અને ગેયતા વિશેષ હોય છે, જેથી લોક હૈયે રમતું અને ગવાતું રહે છે.

---

જીવન અંજલિ થાજો,
મારું જીવન અંજલિ થાજો !
ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો;
દીનદુ:ખિયાનાં આંસુ લો'તાં અંતર કદી ન ધરાજો.
મારું જીવન અંજલિ થાજો !
સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો;
ઝેર જગતના જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો.
મારું જીવન અંજલિ થાજો !
વણથાક્યા ચરણો મારા નિત તારી સમીપે ધાજો;
હૈયાના પ્રત્યેક સ્પન્દને તારું નામ રટાજો.
મારું જીવન અંજલિ થાજો !
વમળોની વચ્ચે નૈયા મુજ હાલકલોલક થાજો;
શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો.
મારું જીવન અંજલિ થાજો !

('મધ્યાહ્ન' પુસ્તક)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ટિપ્પણ

**અંતર**- દિલ, હૃદય **સત** - સત્ય **કેડી** - રસ્તો, પથ **જીરવવું** - સહન કરવું અહીં (સહન કરી) **ઉરનાં** - હૃદયનાં, દિલનાં **ચરણ** - પગ **નિત** - હંમેશા, પ્રતિદિન, દરરોજ **સમીપ** - સમક્ષ, સામે **સ્પન્દન** - કંપ, પલકારો, થડકો, સ્ફૂરણ અહીં હૃદયનો ધબકારો **વમળ** - વહેતા પાણીમાં થતું કૂંડાળું, ભમરી **શ્રદ્ધા** - આશા, આસ્થા **દીપક** - દિવો

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કવિ પોતાનું જીવન કેવું બને તેવી પ્રાર્થના કરે છે ?
2. ભૂખ્યાં - તરસ્યાં લોકો માટે કવિ શું બનવા માગે છે ?
3. કવિ પોતાનાં ચરણો કોની તરફ દોડતા રહે તેવું ઇચ્છે છે ?
4. હૈયાનાં પ્રત્યેક સ્પંદને કવિ કોનું નામ રટવા માંગે છે ?
5. કવિ શાનો દીપક ન ઓલવાય તેવું ઝંખે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.**

1. દીનદુખિયા લોકો માટે કવિ શું પ્રાર્થના કરે છે ?
2. સત્યના મારગે ચાલનારા લોકો માટે કવિ શું ઇચ્છે છે ?

**પ્રશ્ન 3. વર્ણન કરો.**

1. ‘જીવન અંજલિ થાજો !’માં વ્યક્ત થતી કવિની ઉદાત્ત ભાવનાનું વર્ણન કરો.

**પ્રશ્ન 4. કાવ્યપંક્તિઓનો ભાવાર્થ લખો.**

1. વમળોની વચ્ચે નૈયા મુજ હાલકલોલક થાજો;
   શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો !

**પ્રશ્ન 5. ઉચ્ચારણની દૃષ્ટિએ સમાન લાગતા શબ્દનો અર્થ જાણી તેનો વાક્યમાં પ્રયોગ કરો.**

થાજો, ધરાજો, પથરાજો, પાજો, ધાજો, રટાજો, ઓલવાજો.

**પ્રશ્ન 6. સમાનાર્થી શબ્દ લખો.**

અંજલિ, દીન, પુષ્પ, ઝેર, ચરણ

**પ્રશ્ન 7. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

સત, અમૃત, શ્રદ્ધા, સમીપ, જીવન

### આટલું કરો

1. પ્રાર્થના સભામાં આ કાવ્યનું સમૂહગાન કરો.
2. ‘મારી પ્રભુને પ્રાર્થના...’ વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરો.
3. વર્ગખંડમાં રહેલા વિવિધ ધર્મના વિદ્યાર્થીઓ પાસેથી તેમના ધર્મની પ્રાર્થનાનું ગાન સાંભળી ભાવ સમજો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 2. વૈષ્ણવજન



નરસિંહ મહેતા
આશરે પંદરમું શતક

નરસિંહ મહેતાનો જન્મ ભાવનગર જિલ્લાના તળાજા ગામમાં થયો હોવાનું મનાય છે. તેઓ જૂનાગઢમાં આવીને રહ્યાં હતાં. તેમણે આખું જીવન ભક્તિ-કીર્તનમાં વિતાવ્યું હતું. સંસારી હોવા છતાં સંસારના વ્યવહારોથી અલિપ્ત રહી અડગ શ્રદ્ધાથી આરાધના કરી હતી. આ ભક્ત કવિના સંતજીવન વિશે અનેક કથાઓ પ્રચલિત છે. હાર, હૂંડી, મામેરું, વિવાહ અને શ્રદ્ધા આ પાંચ પ્રસંગે તેમનાં જીવનમાં ચમત્કારો સર્જાયા હતા. ગુજરાતી ભક્તિ કવિતાને ગિરનારની ઊંચાઈએ લઈ જનાર, નરસિંહ મહેતા ગુજરાતના મધ્યકાલીન ભક્ત કવિઓમાં એક ચિરંજીવી કવિ-સમ્રાટ છે. નરસિંહે રચેલાં પદોમાં જે અનાયાસ કળાસૌન્દર્ય ઝળહળે છે, જે માધુર્ય અને માર્દવ છે, કવિતાનું જે કળાયેલ રૂપ છે તે એની પૂર્વે કોઈ કવિ સિદ્ધ કરી શક્યા નથી. કવિના આવા પ્રથમ આવિષ્કારની દૃષ્ટિએ આપણે નરસિંહને આદિકવિનું વ્હાલસોયું બિરુદ આપ્યું છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ભક્તિરચનાઓ માટે આવા પદપ્રકારનો વ્યાપક રીતે ઉપયોગ થતો. નરસિંહ મહેતાએ રચેલાં પદો, પ્રભાતિયાં લોકકંઠે ગવાતાં ગવાતાં આજ સુધી ટકી રહ્યાં છે. ગુજરાતી ભાષાનું આ સંસ્કારધન છે. આ પદ પણ અત્યંત પ્રસિદ્ધ છે.

આ ભજન રાષ્ટ્રપિતા ગાંધીજીને અતિ પ્રિય હતું. આ ભજનમાં વૈષ્ણવજન એટલે કે એક ઉત્તમ, સજ્જન કેવો હોય તેની વાત કરવામાં આવી છે. જે માણસ અન્યની પીડા જાણે, પરોપકારી હોય, નિરાભિમાની હોય, કોઈની નિંદા કર્યા વગર સૌને વંદન કરે, યથા સમયે મનને સ્થિર રાખે, ક્યારેય અસત્ય ન બોલે, મોહ-માયા ત્યાગે, જેનામાં દૃઢ વૈરાગ્ય હોય, કામ-ક્રોધ પર કાબુ મેળવ્યો હોય વગેરે સદ્‌ગુણોની માણસ પાસે અપેક્ષા રાખે છે. મૂળ તો ભક્તિ સંપ્રદાયનું આ આગવું લક્ષણ છે. જે ભાવ સાથે આમ રજૂ કરે છે.

---

વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે.
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ-કાછ-મન નિશ્ચળ રાખે, ધન ધન જનની તેની રે.
સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે.
મોહ-માયા લેપે નહિ તેને, દૃઢ વૈરાગ્ય તેના મનમાં રે;
રામનામ-શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે.
વણલોભી ને કપટરહિત છે, કામ-કોર્ધ જેણે માર્યા રે;
ભણે નરસૈયો : તેનું દર્શન કરતાં કુળ એકોતરે તાર્યાં રે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ટિપ્પણ

**વૈષ્ણવજન** - વિષ્ણુની ઉપાસના કરનાર માણસ, ભગવાનનો ભક્ત, સજ્જન **પીડ** - દુઃખ, પીડા, કષ્ટ **પરાઈ** - બીજાનું, અન્યનું **ઉપકાર** - ભલું કરવું, કલ્યાણ **અભિમાન** - અહંકાર, ગર્વ **સકળ લોક** - આખું જગત **નિંદા** - વગોવણી, **વાચકાછ** - વાણી અને કાર્ય **નિશ્ચળ** - પવિત્ર, અડગ, અચળ **જનની** - માતા, મા **સમદૃષ્ટિ** - સમાન દૃષ્ટિ, સરખી દૃષ્ટિ **તૃષ્ણા ત્યાગી** - ઇચ્છાઓનો ત્યાગ કરનાર **જિહ્‌વા** - જીભ **મોહ** - લોભ **દઢ** - સ્થિર, મજબૂત **વૈરાગ્ય** - સંસાર ઉપરની આસક્તિનો અભાવ, વિરક્તિ, સંસારના મોહ માયા ન હોવાં તે **તીરથ** - કોઈ પવિત્ર કે જાત્રાની જગ્યા **તન** - શરીર **વણલોભી** - લોભ વિનાનું **કપટ** - છળ, પ્રપંચ, દાવપેચ **કુળ** - કુટુંબ, વંશ

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કવિની દૃષ્ટિએ સાચો વૈષ્ણવજન કોણ છે ?
2. વૈષ્ણવજનને પરસ્ત્રીમાં કોના દર્શન થાય છે ?
3. વૈષ્ણવજનના મનમાં શું રહેલું છે ?
4. કોના દર્શન માત્રથી ઈકોતેર પેઢી તરી જાય છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.**

1. કવિ શા માટે વૈષ્ણવજનની માતાને ધન્ય ગણે છે ?
2. લોકો સાથે વૈષ્ણવજન કેવી રીતે વ્યવહાર કરે છે ?

**પ્રશ્ન 3. વર્ણન કરો.**

1. 'વૈષ્ણવજન' પદને આધારે સાચા પ્રભુભક્તના ગુણોનું વર્ણન કરો.

**પ્રશ્ન 4. કાવ્ય પંક્તિનો ભાવાર્થ લખો :**

1. સમદૃષ્ટિને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
   જિહ્‌વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે.

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

અભિમાન, જનની, હાથ, લોક

**પ્રશ્ન 6. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

ઉપકાર, નિંદા, સત્ય, દુઃખ

**આટલું કરો**

1. વર્ગખંડમાં આ કાવ્યનું સમૂહગાન કરો.
2. આ કાવ્યમાં રજૂ થયેલા ગુણો ધરાવતી કોઈ વ્યક્તિ વિશે પ્રાર્થનાસભામાં પરિચય આપો.
3. નરસિંહ મહેતાના જીવન-કવન વિશે માહિતી આપતા ચાર્ટ્સ બનાવી વર્ગખંડમાં ટીંગાળો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 3. એક ઝાડ માથે ઝુમખડું

આ એક પ્રચલિત લોકગીત છે. લોકગીતના કોઈ ચોક્કસ રચયિતા હોતા નથી પણ લોકમાનસ દ્વારા સર્જાતું કે રચાતું હોય છે. તેમાં લોકલાગણીનો પડઘો અને પ્રતિબિંબ પડતું હોય છે. અહીં ગેય ગીતમાં માનવ મનની ઊર્મિઓ પ્રગટ કરવામાં આવી છે. સરોવર પાળે આંબો... આંબા ડાળે કોયલ, નર માથે પાઘડી... માથે ફૂમતા લાલ, ભાલે-કપાળે ચાંદલો... તેના રાતા તેજ... જેવાં પ્રતીકો લઈ ઊર્મિભાવને પ્રગટ કર્યા છે. ગીત ગાઈ શકાય એવું હોવાથી લોક હૈયે સતત ધબકતું રહે છે.

એક ઝાડ માથે ઝુમખડું
ઝુમખડે રાતા ફૂલ રે,
ભમ્મર રે રંગ ડોલરિયો...

એક સરોવર પાળે આંબલિયો
આંબલિયે ઝૂલતી ડાળ રે,
ભમ્મર રે રંગ ડોલરિયો...

એક આંબા ડાળે કોયલડી
એનો મીઠો મીઠો સાદ રે,
ભમ્મર રે રંગ ડોલરિયો...

એક નરને માથે પાઘલડી
પાઘડીયે ફૂમતા લાલ રે,
ભમ્મર રે રંગ ડોલરિયો...

એક ભાલે કંકુ ચાંદલિયો
એના રાતા રાતા તેજ રે,
ભમ્મર રે રંગ ડોલરિયો...

## ટિપ્પણ

**રાતા** - લાલ ભમ્મર **પાળ** - કિનારો **સાદ** - અવાજ, ઘાંટો, બૂમ **ફૂમતા** - છોગું, કલગી **ભાલે** - કપાળે, લલાટે

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. આંબલિયાનું વૃક્ષ કયાં આવેલું છે ?
2. કોયલડી ક્યાં બેસીને કૂંજન કરે છે ?
3. પાઘડી પર કેવાં ફૂમતા જડેલાં છે ?
4. ચાંદલિયાનું તેજ કેવું છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**પ્રશ્ન 2. કવિતાનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.**

**પ્રશ્ન 3. ઉદાહરણ અનુસાર અન્ય કાવ્ય પંક્તિઓ રચો.**

1. એક તળાવ કાંઠે ગાવલડી
   એના મીઠાં મીઠાં દૂધ રે
   ભમ્મર રે રંગ ડોલરિયો

**પ્રશ્ન 4. યોગ્ય જોડી ગોઠવો**

| 'અ' | 'બ' | 'ક' |
|---|---|---|
| સરવર પાળે | ઝુમખડું | મીઠો સાદ |
| નરને માથે | આંબલિયો | રાતાં ફૂલ |
| આંબા ડાળે | ચાંદલિયો | લાલ ફૂમતાં |
| ભાલે | કોયલડી | રાતાં તેજ |
| ઝાડ માથે | પાઘલડી | ઝૂલતી ડાળ |

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

ઝાડ, ફૂલ, સરોવર, ડાળ, નર, ભાલ, તેજ

**આટલું કરો**

1. અભિનય સાથે આ કાવ્યનું ગાન પ્રાર્થનાસભામાં કરો.
2. તમારી નોટબુકમાં બે લોકગીતો લખો.
3. 'લોકગીત' વિશે વધુ માહિતી તમારા શિક્ષક પાસેથી મેળવો.


•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 4. ગુજરાત મોરી મોરી રે !



**ઉમાશંકર જોશી**
**જન્મ : ઈ.સ. ૧૯૧૧ મૃત્યુ ઈ.સ. ૧૯૮૮**

ઉમાશંકર જેઠાલાલ જોશીનો જન્મ ઈડર પાસેના બામણા ગામમાં થયો હતો. તેઓ ગુજરાતીના જ નહીં, ભારતીય સાહિત્યના એક પ્રતિભાવંત સર્જક, ચિંતક અને વિવેચક છે. મોટા ગજાના કવિ ઉપરાંત વાર્તા-એકાંકીના અનોખા લેખક, નિબંધકાર, વિવેચક, સંશોધક તથા અનુવાદક તરીકે ઉત્તમ કાર્ય કરેલ છે. તેઓના 'ગંગોત્રી', 'નિશીથ', 'પ્રાચીના', 'શ્રાવણી મેળો','સાપના ભારા' વગેરે પુસ્તકો છે. તેઓને જ્ઞાનપીઠ પુરસ્કાર સહીત અનેક માન-સન્માન પ્રાપ્ત થયા છે. કેન્દ્રીય સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પણ રહ્યા હતા. મૌલિક પ્રતિભા ઉપરાંત બહોળો અનુભવ, વિશાળ વાંચન, તીક્ષ્ણ બુદ્ધિ અને પારદર્શી દૃષ્ટિના સમન્વયવાળું તેમનું સાહિત્ય અમૂલ્ય ખજાનો છે.

ગુજરાત પ્રત્યેનો અહોભાવ પ્રગટ કરતું આ એક ઊર્મિકાવ્ય છે. અંગેજીમાં લિરિક નામનો એક કાવ્યપ્રકાર છે. તે ગ્રીક સાહિત્યમાંથી અંગ્રેજીમાં આવ્યો અને અંગ્રેજી લિરિકની અસર નીચે ઊર્મિકાવ્યો લખાયાં અને વિકસ્યાં. એક જમાનામાં ગીત અને ઊર્મિ કાવ્ય વચ્ચે કશો ભેદ નહોતો. પણ પછી ભેદ સ્પષ્ટ કરવામાં આવ્યો. આ સ્વરૂપમાં એક ભાવ અને વિચારનું અસરકાર નિરૂપણ હોય છે. વિચાર, ચિંતન અને કલ્પનાથી આ અનુભવ સઘન બને છે. છંદોબદ્ધ અછાંદસ કે ગદ્યની નજીકની આ ભાષા હોય, પરંતુ એમાં શબ્દની સ્વર વ્યંજન સંવાદિતાનો એક ભાવવાહી લય ગૂંથાતો હોય છે.

આ કાવ્ય પ્રદેશપ્રેમનું, પ્રાંત પ્રત્યેની લાગણીનું, ગુજરાતની પ્રશસ્તિનું છે. ગુજરાત વિશેના ઉત્તમ કાવ્ય પૈકીનું આ એક છે. આ કાવ્યની અને એમાં નિરૂપિત કવિભાવનાની મોટી ખૂબી એ છે કે એ ગુજરાતની પ્રશંસા કરે છે છતાં એમાં સંકુચિતતા કે આવેશ નથી. આમાં સરળ-સહજ અને સમતોલ ભાવ પ્રગટ થાય છે. ભારતની ભોમને કે માનવ માત્રને કવિ ભૂલતા નથી, માત્ર મોંઘેરી-ઝાઝેરી ગુજરાતની મીઠાશને તેઓ મન ભરી ગાય છે. આ તો મળતાં મળી ગઈ છે, ગુજરાતની ભૂમિ, અમારું સદ્ભાગ્ય છે – એવો ધન્યતાનો છલકાતો ભાવ આ ગીતમાં પ્રગટ થાય છે.

---

મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત,
ગુજરાત મોરી મોરી રે.
ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત,
ગુજરાત મોરી મોરી રે.

ગિરનારી ટૂંકો ને ગઢ રે ઈડરિયા,
પાવાને ટોડલે મા'કાળી મૈયા,
ડગલે ને ડુંગરે ભર દેતી હૈયાં,
ગુજરાત મોરી મોરી રે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સાબરનાં મર્દાની સોણલાં સુણાવતી,
રેવાનાં અમૃતની મર્મર ધવરાવતી,
સમદરનાં મોતીની છોળે નવરાવતી,
ગુજરાત મોરી મોરી રે.

આંખની અમીમીટ ઊમટે ચરોતરે,
ચોરવાડ-વાડીએ છાતી શી ઊભરે,
હૈયાનાં હીર પાઈ હેતભરી નીતરે,
ગુજરાત મોરી મોરી રે.

કોયલ ને મોરને મેઘમીઠે બોલડે,
નમણી પનિહારીને ભીને અંબોડલે,
નીરતીર સારસ શાં સુખ ડૂબ્યાં જોડલે,
ગુજરાત મોરી મોરી રે.

નર્મદની ગુજરાત દોહ્યલી રે જીવવી,
ગાંધીની ગુજરાત કપરી જીરવવી,
એક વાર ગાઈ કે કેમ કરી ભૂલવાં ?
ગુજરાત મોરી મોરી રે.

ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત,
ગુજરાત મોરી મોરી રે.
મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત,
ગુજરાત મોરી મોરી રે.

## ટિપ્પણ

**મોંઘેરી** - કિંમતી, આદરમાનને પાત્ર **મોરી** - મારી **ટોડલે** - બાર સાખના ઉપલા લાકડા આગળ રહેતો છેડો **ડગલે** - પગલે **સોણલાં** - સ્વપ્ન **મર્મર** - ધીમો અવાજ **ભોમ** - ભૂમિ, જમીન **ઊમટવું** - હોંશભેર ધસવું **મર્દાની** - બહાદુરી ભરેલાં **હૈયાં** - દિલ, હૃદય **મેઘમીઠે** - મેઘ જેવું મીઠું **નમણી** - નાજુક **નીર** - પાણી, જળ **દોહયલી** - મુશ્કેલ **કપરી** - અઘરી, મુશ્કેલ **તીર** - (અહીં) કિનારો

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. મહાકાળી માતા કયા પર્વત પર બિરાજે છે ?
2. કઈ નદી વીરોની યશગાથાનું વર્ણન કરે છે ?
3. કયા પ્રદેશના લોકોની આંખોમાં અમી ભરેલા છે ?
4. ગુજરાતના કયા વીરોનો ઉલ્લેખ કાવ્યમાં કરાયો છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. ગુજરાતનાં નદી-પર્વતો વિશે કવિ શું લખે છે ?
2. ગુજરાતના વિવિધ પ્રદેશના લોકો વિશે કવિ શું જણાવે છે ?

**પ્રશ્ન 3. કાવ્યને આધારે ગુજરાતની યશગાથાનું વર્ણન કરો.**

**પ્રશ્ન 4. કાવ્યપંકિતઓનો ભાવાર્થ સમજાવો.**

સાબરનાં મર્દાની સોણલાં સુણાવતી,
રેવાનાં અમૃતની મર્મર ધવરાવતી,
સમદરનાં મોતીની છોળે નવરાવતી,
ગુજરાત મોરી મોરી રે.

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

ભોમ, ડુંગર,મૈયા, હૈયું, ડગલું

**પ્રશ્ન 6. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

મોંઘી, ટૂંકો, અમૃત, ઝાઝું

**આટલું કરો**

1. દેશ, રાજ્ય કે પ્રદેશનો મહિમાગાન કરતા કાવ્યો બુલેટીન બૉર્ડ પર રજૂ કરો.
2. રાજ્ય કે પ્રદેશની યશગાથા રજૂ કરતું કાવ્ય લખી તમારા શિક્ષકને બતાવો.
3. ‘દેશભક્તિગીત’ સ્પર્ધાનું આયોજન કરો.

•




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 5. જૂનું ઘર ખાલી કરતાં

બાલમુકુંદ દવે
જન્મ : ઈ.સ. ૧૯૧૬



બાલમુકુંદ દવેનો જન્મ વડોદરા જિલ્લાના મસ્તપુરા ગામમાં થયો હતો. ગુજરાતી સાહિત્યના ગીત અને ભજનના ઢાળમાં કવિતા કરનાર કવિ છે. પ્રાચીન ભજન પરંપરાનું અનુસંધાન તેમની રચનાઓમાં જોવા મળે છે. બાળપણમાં માણેલું પ્રકૃતિ-સૌંદર્ય દાદીમાના પ્રભાતિયાં તેમ જ લગ્નગીતોનું શ્રવણ તથા ચિંતનાત્મક અને પ્રેરક સાહિત્યનું વાંચન આ બધાંએ તેમના કવિ વ્યક્તિત્વને ઘડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. એમના કાવ્યસંગ્રહ 'પરિક્રમા'માં પ્રકૃતિ, પ્રણય અને ભક્તિનાં કાવ્યો-ગીતો છે. તેમની કવિતાની વાણી શિષ્ટ અને પ્રાસાદિક છે. સાચુકલી ભાવનાભૂતિના આલેખનના કારણે તેમની કવિતા મનોહર બની છે. તેમણે બાળકાવ્યોના ત્રણ સંગ્રહો આપ્યા છે. આ ઉપરાંત પ્રૌઢશિક્ષણ માટે વ્યક્તિચિત્રોની પુસ્તિકા આપી છે.

આ સૉનેટ પ્રકારનું કાવ્ય છે. ગુજરાતી કવિતામાં સૉનેટ વિદેશી કાવ્ય પ્રકાર છે. સૉનેટ સ્વરૂપને ગુજરાતીમાં સ્થાયી કરવાનું કામ બળવંતરાય ઠાકોરે કર્યું. આ કાવ્યસ્વરૂપમાં ચૌદ પંક્તિની અનિવાર્યતા છે. અત્યારે ચૌદ પંક્તિનો સળંગ, તેર અને એક, સાડા બાર અને દોઢ એમ અનેક પ્રયોગો સૉનેટની રચનામાં થાય છે. તેને અનિયમિત સૉનેટ કહી શકાય. તેનાં ત્રણ લક્ષણો : વસ્તુવૈશિષ્ટ્ય, ચૌદ પંકિતની નિશ્ચિત સંખ્યા તેમ જ પાઠ્યવૃત્ત, સઘન વસ્તુવિચાર અને તેનો કાવ્યદેહમાં યોગ્ય પલટો.

આ કાવ્ય કૃતિમાં એક મધ્યમવર્ગનો માણસ પોતાનું જૂનું ઘર ખાલી કરી નવા ઘેર રહેવા જઈ રહ્યો છે. તે સમયે કેવી માનસિક સ્થિતિમાંથી પસાર થાય છે ? એ વસ્તુને વિષય તરીકે લેવામાં આવી છે. ઘરની નાની મોટી વસ્તુઓ એકઠી કર્યા પછી છેલ્લીવાર ઘર જોવા માટે કાવ્યનાયક અને તેની પત્ની તૈયારી કરે છે ને ત્યાં તેમને યાદ આવે છે. તેમના દાંપત્યજીવનનો પ્રથમ દસકો કે જે અત્યંત આનંદદાયક હતો. વળી, યાદ આવે છે પનોતો પુત્ર. જે તેઓને આ ઘરમાં જ પ્રાપ્ત થયો હતો ને કમનસીબે અહીં જ તેનું મૃત્યુ થયું હતું. બંને અત્યંત વ્યગ્ર થઈ જાય છે. ત્યાં સંભળાય છે પુત્રનો અવાજ : 'બા-બાપુ ! ના કશુંય ભૂલ્યાં, એક ભૂલ્યા મને કે ?' વેદનાગ્રસ્ત દંપતીનો નવા ઘેર જવાનો ઉત્સાહ ઓસરી જાય છે. ભૂતકાળમાં બનેલી ઘટના તેમના વર્તમાનને કરુણતાથી ભરી દે છે અને નવા ઘેર જવા ઉત્સાહથી ઉપડેલા પગ લોખંડ જેવા ભારે બની જાય છે.

ફંફોસ્યું સૌ ફરીફરી અને હાથ લાગ્યુંય ખાસ્સું :
જૂનું ઝાડું, ટૂથ બ્રશ, વળી લક્સ સાબુની ગોટી,
બોખી શીશી, ટિનનું ડબલું, બાલદી કૂખકાણી,
તૂટ્યાં ચશ્માં, ક્લિપ બટન ને ટાંકણી સોય-દોરો !
લીધું દ્વારે નિત લટકતું નામનું પાટિયું, જે
મૂકી ઊંધું, સુપરત કરી, લારી કીધી વિદાય.
ઊભાં છેલ્લી નજર ભરીને જોઈ લેવા જ ભૂમિ,
જ્યાં વિતાવ્યો પ્રથમ દસકો મુગ્ધ દામ્પત્ય કેરો;



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

જ્યાં દેવોના પરમ વરશો પુત્ર પામ્યાં પનોતો,
ને જ્યાંથી રે કઠણ હૃદયે અગ્નિને અંક સોંપ્યો !
કોલેથી જે નીકળી સહસા ઊઠતો બોલી જાણે :
'બા-બાપુ ! ના કશુંય ભૂલિયાં, એક ભૂલ્યાં મને કે ?'
ખૂંચી તીણી સજલ દગમાં કાચ કેરી કણિકા !
ઉપાડેલાં ડગ ઉપર શા લોહ કેરા મણીકા !

## ટિપ્પણ

**ફંફોસ્યું** - બારીકાઈથી તપાસવું, ખોળવું **બાલદી** - ડોલ **દ્વારે** - બારણે **મુગ્ધ** - કોઈ અસર નીચે આવી જાય તેવું **વરશો** - વરદાન જેવો **પનોતો** - શુભ, મંગળકારી, ઘણે વર્ષે થયેલું સંતાન **કોલેથી** - ખૂણેથી **સહસા** - એકાએક **અંકે** - ખોળે **દગ** - આંખ **કણિકા** - ઝીણી કરચ **લોહ** - લોખંડ **મણીકા** - નાના મણકા (અહીં) મણનું વજન (એક મણ એટલે ૨૦ કિલો)

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. જૂના ઘરમાં કવિ કેટલો સમય રહ્યા હતા ?
2. લારીને વિદાય કરતી વખતે કવિ નામનાં પાટિયાનું શું કરે છે ?
3. કાવ્યનાયક જૂના ઘરમાં શું પામ્યા હતા ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. જૂનું ઘર ખાલી કરતાં કવિને શું-શું મળી આવે છે ?
2. લારીને વિદાય કરતાં પહેલા કવિ શું કરે છે ?
3. જૂના ઘરમાં બનેલી કઈ ઘટના કાવ્યનાયકને સતાવે છે ?
4. કાવ્યનાયકને પુત્ર શું બોલતો હોય તેવો ભાસ થાય છે ?
5. દંપતીનો નવા ઘેર જવાનો ઉત્સાહ કેમ મંદ પડે છે ?
6. પુત્રની યાદથી દંપતીને કેવી અનુભૂતિ થાય છે ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

1. લારીને વિદાય કરતાં પહેલાં અને પછીની કવિની મનોસ્થિતિનું વર્ણન કરો.
2. જૂનું ઘર ખાલી કરતી વખતે કવિને થયેલી વેદનાનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

**પ્રશ્ન 4. કાવ્યપંક્તિઓનો ભાવાર્થ સમજાવો.**

ખૂંચી તીણી સજલ દગમાં કાચ કેરી કણિકા !
ઉપાડેલાં ડગ ઉપર શા લોહ કેરા મણીકા !

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

દગ, અંક, ભૂમિ, હૃદય, પુત્ર

**પ્રશ્ન 6. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

વિદાય, દેવ, કઠણ, જૂનું



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**આટલું કરો**

1. કવિતાનું વાર્તામાં રૂપાંતર કરીને વર્ગખંડમાં રજૂ કરો.
2. ઘર, ગામ કે શાળા છોડતી વખતે અનુભવાતી વેદનાને વાચા આપતું કાવ્ય લખી બુલેટીન બૉર્ડ પર રજૂ કરો.
3. સ્થાનિક કવિને નિમંત્રણ આપી કાવ્યપઠનનો કાર્યક્રમ યોજો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 6. આબુનું વર્ણન



**દલપતરામ કવિ**

**જન્મ : ઈ.સ. ૧૮૨૦ મૃત્યુ : ઈ.સ. ૧૮૯૮**

દલપતરામ ડાહ્યાભાઈ ત્રવાડીનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણમાં થયો હતો. પછીથી તેઓ અમદાવાદ વસેલા. અર્વાચીન ગુજરાતી કવિતાના પહેલા નોંધપાત્ર કવિ અને સારા ગદ્યકાર. સમાજ સુધારક તરીકે દલપતરામ ગુજરાતના સંસ્કાર જીવનમાં માનભર્યું સ્થાન ધરાવે છે. ગોરા અધિકારી ફાર્બસને ગુજરાતી શીખવવા અમદાવાદ આવ્યા હતા. ત્યાર બાદ 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'ના મંત્રી અને 'બુદ્ધિપ્રકાશ'નાં તંત્રી રહ્યા હતા. ફાર્બસ-દલપતનું મિલન ગુજરાતનો એક મોટો સાંસ્કૃતિક બનાવ કહેવાય છે. તેમણે 'દલપત કાવ્ય ૧-૨' દ્વારા સમાજને રંજન સાથે જ્ઞાન આપીને જીવન-કવન દ્વારા ધીરેધીરે સુધારાનો સાર સમજાવ્યો છે. ગીતો, ગરબીઓ, પદો અને પ્રસંગ કાવ્ય જેવાં કાવ્યસ્વરૂપોમાં એમણે રસિકોને ભરપૂર કાવ્યરસ પાયો છે. તેમની ભાષા સરળ, સુંદર, મધુર અને સાહજિક છે. છંદોવિધાન મોહક છે અને અલંકારની સૂઝ પણ ઊંડી છે. પરિણામે એમનાં કેટલાંક કાવ્યો તો આજ દોઢ સદી પછી પણ આસ્વાદ્ય રહ્યા છે.

ગુજરાતી સાહિત્યમા મધ્યકાળમાં પ્રવર્તતા પદ, રાસ, ફાગુ, ગરબી વગેરે સ્વરૂપોમાં ઊર્મિકવિતા જ દર્શન થાય છે. વિશેષ કરીને નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં, મીરાંબાઈની પદ કવિતા, દયારામની ગરબી વગેરેમાં ઊર્મિકવિતાના મનહર દૃષ્ટાંત જોવા મળે છે. તેમ છતાં આપણે ઊર્મિકવિતા અંગેની સમતી ક્ષિતિજો વિસ્તારીએ તો અંગ્રેજી કેળવણીના સંપર્કના પરિણામે જે ઊર્મિકાવ્ય ગુજરાતી સાહિત્યમાં રચાવા લાગી છે તે સ્વરૂપ, વિષય, બાની, અભિવ્યક્તિ સર્વ રીતે ભિન્ન રહી અને આજની ઊર્મિકવિતા સ્વરૂપે પ્રગટી.

રાજસ્થાનમાં આવેલા ગિરિમથક યાને ગિરિરાજ આબુનું ખૂબ જ સરસ રીતે ભાવવાહી શૈલીમાં વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં આપવામાં આવેલી ઉપમાઓ દેવતા બીજ, દેવ હાથી અને ખાસ તો વર્ણનકલા જેવી કે-ઝૂકી ઝાડનાં ઝુંડની ઝાઝી ઝાડી તથા તહાં તેર ગાઉતણે તો તળાવે ધ્યાન ખેંચે તેવી છે અને કવિતાને એક રમ્યતા સાથે લય બક્ષે છે જેથી કંઠસ્થ થઇ જાય છે.

---

ભલો દૂરથી દેખતાં દિલ ભાવ્યો,
ચઢી જેમ આકાશમાં મેહ આવ્યો;
દીસે કુંડનો દેવતા બીજ જેવો,
દીઠો આજ આબુ ગિરિરાજ એવો !
તિથિ પૂનમે શોભિયા સાંજ ટાણે,
બન્યા ઘંટ બે સૂર્ય ને સોમ જાણે;
દીપે દેવ હાથી કહે કોઈ કેવો,
દીઠો આજ આબુ ગિરિરાજ એવો !



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કદી ઉપરે જૈ જુઓ આંખ ફાડી,
ઝૂકી ઝાડનાં ઝૂંડની ઝાઝી ઝાડી;
મહા સ્વાદુ માગ્યો મળે મિષ્ટ મેવો,
દીઠો આજ આબુ ગિરિરાજ એવો !
દિસે વાઘ ને વાંદરા સિંહ હર્ણાં,
ઝરે નિર્મળાં નીરનાં નિત્ય ઝર્ણાં;
શીળો ને સુગંધી વહે વાયુ તેવો,
દીઠો આજ આબુ ગિરિરાજ એવો !
તહાં તેર ગાઉતણે તો તળાવે,
પીવા ગામ અગિયારના લોક આવે;
જહાં જેઠ માસે ન દીસે પ્રસેવો,
દીઠો આજ આબુ ગિરિરાજ એવો !

## ટિપ્પણ

**દિલ** - હૃદય, ઉર, **ભાવ્યો** (અહીં) ગમવું **મેહ** - વરસાદ **ગિરિરાજ** - શ્રેષ્ઠ કે મોટો પર્વત **તિથિ** - હિંદુ મહિનાનો દિવસ, મિતિ **સોમ** - ચંદ્ર **મિષ્ટ** - મીઠું, મધુર **શીળો** - શીતળ **પ્રસેવો** - પરસેવો

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. આબુ પર કયા પ્રાણીઓ વિહાર કરે છે ?
2. આબુ પર કેવાં ઝરણાં વહી રહ્યાં છે ?
3. જેઠ માસમાં પણ આબુ પર કેવું વાતાવરણ હોય છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. આબુ પર્વતને નજીકથી જોતા કવિને કેવી અનુભૂતિ થાય છે ?
2. પૂનમની સાંજે આબુ કેવો લાગે છે ?
3. આબુને ઉપરથી જોતા કેવું દૃશ્ય રચાય છે ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. આબુના સૌંદર્યનું વર્ણન કરો.
2. કવિ દલપતરામે આબુની સરખામણી કોની કોની સાથે કરી છે તે વર્ણવો.

**પ્રશ્ન 4. કાવ્યપંક્તિઓનો ભાવાર્થ સમજાવો.**

1. ભલો દૂરથી દેખતાં દિલ ભાવ્યો,
   ચઢી જેમ આકાશમાં મેહ આવ્યો.
2. તિથિ પૂનમે શોભિયા સાંજ ટાણે,
   બન્યા ઘંટ જે સૂર્યને સોમ જાણે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**પ્રશ્ન 5. ઉચ્ચારની દૃષ્ટિએ સમાન લાગતા શબ્દોના અર્થ જાણી તેનો વાક્યમાં પ્રયોગ કરો.**

ભાવ્યો - આવ્યો, ટાણે - જાણે, ફાડી - ઝાડી, હરણાં - ઝરણાં

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

મેહ, સૂર્ય, આંખ, વાયુ, નીર

**પ્રશ્ન 6. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

પૂનમ, સુગંધ, ગામ, સાંજ

**આટલું કરો**

1. તમે આબુ પર્વત પર પ્રવાસ કરીને આવ્યા છો તે રીતે કાવ્યનું અહેવાલમાં રૂપાંતર કરીને વર્ગખંડમાં તેનું વાંચન કરો.
2. પ્રકૃતિ કાવ્યોને બુલેટીન બૉર્ડ પર રજૂ કરો.
3. તમારા ગામ કે શહેરની નજીકના પર્વતનું વર્ણન કરતું કાવ્ય લખી શિક્ષકને બતાવો.


•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 7. જેસલમેર



ગુલામ મોહમ્મદ શેખ
જન્મ : ઈ.સ. ૧૯૩૭

ગુલામ મોહમ્મદ શેખનો જન્મ સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગરમાં થયો હતો. તેઓએ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, બરોડામાં અભ્યાસ કર્યો હતો. તેમજ કલા-શિક્ષણકાર્ય પણ ત્યાં કર્યું હતું. તેઓ લેખક અને કલા વિવેચક છે. ખાસ તો વિશ્વકક્ષાના ખ્યાતનામ ચિત્રકાર છે. વિવિધ આર્ટગેલેરીમાં તેમના પ્રદર્શનો યોજાયા છે. વિદેશની યુનિવર્સિટીઓમાં પણ સેવાઓ આપી છે. તેઓના સંપાદિત પુસ્તકો વિવેચકોમાં પ્રશંસાપાત્ર રહ્યા છે. તેઓ ‘પદ્મશ્રી’ અને ‘પદ્મવિભૂષણ’થી સન્માનિત થયા છે.

જેસલમેર એ અછાંદસ ઊર્મિ કાવ્ય છે. પદ્ય સાહિત્યમાં અછાંદસ કાવ્યનું ઠીક ઠીક ખેડાણ થયેલું જોવા મળે છે. આ કાવ્યપ્રકારમાં છંદના બંધારણનું બંધન હોતું નથી. તેમાં ભાવ અભિવ્યક્તિ સાથેની સર્જનાત્મકતાનું ખાસ મૂલ્ય, મહત્ત્વ રહેલું હોય છે. કાવ્યનું સૌંદર્ય કશા બંધન વગર પણ અસરકારક રીતે નીખરી આવતું હોય છે. વિષય અને શબ્દની ચોટ અગત્યની હોય છે. આ સ્વરૂપમાં એક ભાવ અને વિચારનું અસરકારક નિરૂપણ હોય છે. વિચાર, ચિંતન અને કલ્પનાથી આ અનુભવ સઘન બને છે. છંદોબદ્ધ, અછાંદશ કે ગદ્યની નજીકની આ ભાષા હોય, પરંતુ એમાં શબ્દની સ્વર વ્યંજન સંવાદિતાનો એક ભાવવાહી લય ગૂંથાતો હોય છે.

આ કાવ્યમાં રાજસ્થાનના જેસલમેર શહેર-નગરનું પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વર્ણન કરવામાં આવ્યું છે. જેમાં જેસલમેરને ‘મરુથલે મોતી મઢ્યું નગર’ ઉપમા આપવામાં આવી છે. જેમાં ટોડલે મોર, ભીંતે ફરે હાથી, ઝરુખે પથ્થરનું હીરભરત... જેવાં પ્રતીકો દ્વારા નગરની આગવી ઓળખ ઊભી થાય છે. લોઢાનું બારમું, આઠ પેઢીના હાથનો ઘચરકો જેવાં પ્રતીકો દ્વારા રાજાશાહીની ઝલક અનુભવાય છે. બકરા, ઊંટ.. રાજસ્થાની પ્રાણીઓની ઓળખ છે. વંડી, ચીર, ફુગાઈ ગયેલો અંધાર, ઢીલી વાટ, લાલચટક ચૂલાની ઝાળ, ચૂંદડીનું અજવાળું, રોટલા ટીપતી સોનેરી કન્યા... સઘળું રાજસ્થાની સંસ્કૃતિને ઉજાગર કરે છે.

---

મરુથલે મોતીમઢ્યું આ નગર,
એને ટોડલે મોર અને ભીંતે ફરે હાથી,
ઝરૂખે ઝરૂખે પથ્થરનું હીરભરત.
બારીએ બારીએ બુટ્ઠી તરવારોનાં તોરણ.
સાંજના અજવાળે ભીંતો નારંગી ચૂંદડીની જેમ ફરફરે,

બારણે લોઢાના કડે
આઠ પેઢીના હાથનો ઘસરકો.
ફળિયે ફરે બે ચાર બકરાં શ્યામ
ડેલી બા’ર ડ્હેકાર દે કામઢું ઊંટ.

વચલી વંડીએ સુકાય રાતાં ચીર
અંધારીએ ઓરડે ફુગાઈ ગયેલા અંધારે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ફરફરે ઢીલી વાટ.
લાલચટક ચૂલાની ઝાળ અને ચૂંદડીના અજવાળે
રોટલા ટીપતી સોનેરી કન્યા.

## ટિપ્પણ

**મરુ** - રણ **મરુથલ** - રણ વિસ્તાર **ઝરૂખે** - બારી બહાર કાઢેલું ઝઝૂમતું બાંધકામ, છજું **તરવાર** - તલવાર **ભીંત** - દીવાલ **પેઢી** - વંશવૃક્ષ, કુળ **ઘસરકો** - કાપો, આંકો **ડેલી** - ખડકી **કામઢું** - કામકરંદુ, ઉત્સાહથી સતત કામકરનારું **વંડી** - ખુલ્લી જમીનની આસપાસની નાની ભીંત **ચીર** - વસ્ત્ર **વાટ** - (અહીં) દિવેટ **ઝાળ** - અગ્નિની જ્વાળા

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કવિને જેસલમેર શાનાથી મઢેલું લાગે છે ?
2. જેસલમેરમાં ઝરૂખે શાનું ભરતકામ થયેલું છે ?
3. ઘરની બારીઓ શાના વડે શોભી રહી છે ?
4. સંધ્યાટાણે ભીંતો કેવી ભાસે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. જેસલમેરનાં ફળિયા અને ડેલી બહારનું વર્ણન કરો.
2. સોનેરી કન્યાનું વર્ણન કરતાં કવિએ શું લખ્યું છે ?

**પ્રશ્ન 3. કાવ્યના આધારે જેસલમેરનું વર્ણન કરો.**

**પ્રશ્ન 4. યોગ્ય જોડી ગોઠવો.**

| (અ) | (બ) |
|---|---|
| ટોડલે | હાથીનું ચિત્ર |
| ઝરૂખે | તલવારોનું તોરણ |
| બારીએ | લોઢાનું કડું |
| બારણે | પથ્થરનું હીરભરત |
| ભીંતે | મોર |

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

હાથી,સાંજ, શ્યામ, ચીર, નગર, ઓરડો

**પ્રશ્ન 6. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

બુઠ્ઠું, અજવાળું, કન્યા, અંદર, સાંજ

**આટલું કરો**

1. તમારા ગામ કે શહેરની સુંદરતાને વર્ણવતું કાવ્ય લખી શિક્ષકને બતાવો.
2. ઈન્ટરનેટનો ઉપયોગ કરી જેસલમેરની તસવીરો મેળવીને તેનો ચાર્ટ વર્ગમાં લગાડો.
3. આ કાવ્યનું પઠન તમારા મિત્રો સમક્ષ કરો.

●



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 8. ગઢને હોંકારો તો કાંગરાય દેશે...



રમેશ પારેખ
જન્મ : ઈ.સ. ૧૯૪૦ મૃત્યુ ઈ.સ. ૨૦૦૬

રમેશ મોહનલાલ પારેખનો જન્મ અમરેલીમાં થયો હતો. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં મુખ્ય ધારાના અગ્રગણ્ય કવિ રહ્યા છે. તેઓએ અનેક પ્રકારની છાંદસ, અછાંદસ કવિતા, ગીત, ગઝલ, સૉનેટ, બાળગીત, કથા વાર્તા, નાટક.. સહિત સાહિત્યમાં ખેડાણ કરીને અદ્યતન સંવેદનાની અભિવ્યક્તિમાં આગવું રૂપાંતર સાધી તેમણે કવિતામાં પોતીકી ઓળખ ને અવાજ ઊભો કર્યો છે. અનેક માન-સન્માનથી વિભૂષિત આ કવિના 'છ અક્ષરનું નામ', 'ક્યાં', 'ખડિંગ', 'મીરાં સામે પાર' વગેરે મહત્ત્વના પુસ્તકો છે.

આ ગીત કાવ્ય છે. ગીતથી જ કવિતાનો અને સાહિત્યમાત્રનો આરંભ થયો છે એમ મનાય છે. શબ્દોની સરળતા અને લયમધુરતા એ ગીતનું અગત્યનું લક્ષણ છે. ગીતના અનેક પ્રકાર પૈકી આ દેશભક્તિ વ્યક્ત કરતું ગીત છે. ગીતનું આવું વૈવિધ્ય ગીત માણવા સાથે જાણવાની ભૂમિકા પણ સુપેરે ભજવતું હોય છે.

કવિ ઐતિહાસિક કથાનક લઈ ગીત રચના કરે છે. મેવાડ - રાજસ્થાનની કવિયત્રી મીરાંબાઈ રાજમાં રહી કૃષ્ણભક્તિ કરે તે રાણાને ગમતું નથી. છેવટે મીરાંબાઈ રાજ છોડીને નીકળી જવામાં છે અથવા જ્યારે મેવાડ છોડવાની છે કે છોડશે તે પછી રાણાની હાલત કેવી થશે તેની કવિએ સુપેરે પ્રસ્તુતિ કરી છે. ગઢને હોંકારો તો ગઢના કાંગરા દેશે પણ રાણા તને હોંકારો કોણ દેશે ? મીરાંબાઈને દૂરદૂરથી કહેણ આવ્યા છે એટલે દ્વારકાધીશ કૃષ્ણ – જે તેમનો વાલમ છે, તેનાં સાથે નયન જોડશે... છેલ્લે તો લેણદેણ તૂટ્યાની વાત અને મીરાંબાઈ વિનાનું સુખ ઘેરી ને રૂંવે રૂંવેથી તોડશે... આવી પંક્તિઓ દ્વારા કવિ ગીત રચનાને એક અનેરી ઊંચાઈ આપે છે.

ગઢને હોંકારો તો કાંગરાય દેશે,
પણ ગઢમાં હોંકારો કોણ દેશે ?
રાણાજી, તને ઉંબરે હોંકારો કોણ દેશે ?

આઘેઆઘેથી એને આવ્યાં છે કહેણ,
જઈ વ્હાલમશું નેણ મીરાં જોડશે,
હવે તારો મેવાડ મીરાં છોડશે.

આઠે અકબંધ તારા ભીડ્યા દરવાજાનાં ફૂલ જેમ ખૂલશે કમાડ,
વેગીલી સાંઢણીઓ વહી જાશે દૂર મૂકી ધૂળ મહીં ઊડતો મેવાડ,

કિનખાબી પહેરવેશ કોરે મૂકીને મીરાં;
કાળું મલીર એક ઓઢશે.
હવે તારો મેવાડ મીરાં છોડશે.

પાદરેથી રસ્તાઓ પાછા વળશે રે લઈ લેણદેણ તૂટ્યાનું શૂળ,
ડમરી જેવું રે સહેજે ચડતું દેખાશે પછી મીરાં વીખરાયાની ધૂળ,



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

મીરાં વિનાનું સુખ ઘેરી વળશે ને રાજ;
રૂવે રૂવેથી તને તોડશે.
હવે તારો મેવાડ મીરાં છોડશે.

## ટિપ્પણી

**હોંકારો** - 'હં', 'હા', 'કહેવું તે', સંમતિ સૂચક અવાજ **કહેણ** - વેણ, વચન **નેણ** - નયન **અકબંધ** - જેમનું તેમ, વગર ખોલેલું **કમાડ** - બારણું **વેગીલી** - વેગવાળી **કિનખાબી** - જરીબુટ્ટાના વણાટનું એક જાતનું કાપડ **કોરે મૂકીને** - બાજુએ મૂકીને **કાળું મલીર** - ઝીણા પોતનું અને કાળા રંગનું વસ્ત્ર **પાદર** - ભાગોળ આગળનું મેદાન, ભાગોળ **લેણદેણ** - લેવડ દેવડનો સંબંધ **શૂળ** - (અહીં) દુઃખ, દર્દ થવું **રૂંવું** - શરીર ઉપરનો નાનો વાળ, રુવાંટું

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કવિ રાણાજીને શું પૂછે છે ?
2. મીરાંબાઈને ક્યાંથી કહેણ આવ્યું છે ?
3. મીરાંબાઈ કેવાં વસ્ત્રો પહેરવાનું પસંદ કરશે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. મીરાંબાઈ શા માટે મેવાડ છોડી જવાનું કહે છે ?
2. મીરાંબાઈ મેવાડ છોડશે ત્યારે દરવાજા પર શી અસર થશે ?
3. મીરાંબાઈ મેવાડ છોડી જશે ત્યારે રાણાજીને શું-શું દેખાશે ?
4. મીરાંબાઈના ગયા પછી રાણાજીની સ્થિતિ કેવી થશે ?

**પ્રશ્ન 3. મીરાંબાઈએ રાણાજીને મોકલેલો સંદેશ કાવ્યને આધારે રજૂ કરો.**

**પ્રશ્ન 4. કાવ્યપંક્તિનો ભાવાર્થ લખો.**

આઠે અકબંધ તારા ભીડયા દરવાજાનાં ફૂલ જેમ ખુલશે કમાડ
વેગીલી સાંઢણીઓ વહી જાશે દૂર મૂકી ધૂળ મહીં ઊડતો મેવાડ

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

ફૂલ, રસ્તો, શૂળ, કહેણ

**પ્રશ્ન 6. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

દૂર, સુખ, બંધ, કાળુ

**આટલું કરો**

1. કાવ્યનો આધાર લઈ મીરાંબાઈનો એકપાત્રીય અભિનય રજૂ કરો.
2. મીરાંબાઈ રાણાજીને સંદેશો મોકલતા હોય, તેમ આ કાવ્યનું પત્રમાં રૂપાંતર કરી વર્ગખંડમાં વાંચન કરો.
3. મીરાંબાઈના કોઈ ત્રણ કાવ્યો તમારી નોંધપોથીમાં લખો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 1. આપણી કેટલીક કુટેવો

ધનવંત દેસાઈ

ડૉ. ધનવંત દેસાઈએ નીચે આપેલા પાઠમાં આપણી કેટલીક કુટેવો પ્રત્યે આપણું ધ્યાન ખેંચ્યું છે. લાગે છે તો એ બધી નજીવી કુટેવો, પણ કેટલીક વાર એ નજીવી દેખાતી કુટેવોનું કેવું ભયંકર પરિણામ આવે છે ? ને આવી ટેવો ધરાવનારને સાંખી લેનાર આપણો સમાજ શિક્ષિત અને સંસ્કારી હોવાનો દાવો શી રીતે કરી શકે ? વ્યક્તિઓનો સમૂહ ને સમાજની જો દરેક વ્યકિત આવી જાતની કુટેવ, જે પોતાનામાં હોય તો દૂર કરે, તો આખોયે સમાજ થોડા જ વખતમાં આ વિષય પરત્વે તો સંસ્કારી બની જ જાય એમાં શંકા નથી.

દિવસે દિવસે આપણા દેશમાં શિક્ષણનો પ્રચાર વધતો જાય છે. શિક્ષણનો ફેલાવો વધતાં આપણી નાણાંકીય સ્થિતિ સુધરશે અને સાથે સાથે આપણું જીવન પણ સંસ્કારી બનશે એવી આશા રાખવામાં આવે છે અને એ અસ્થાને નથી. શિક્ષણને લીધે ધીમે ધીમે આપણે કેટલાક સામાજિક અને ધાર્મિક કુરિવાજો અને વહેમોની પકડમાંથી છૂટયાં છીએ. છતાં કેટલીક ટેવો આપણામાં એવી જડ ઘાલી બેઠી છે કે તે ખરાબ છે. એમ આપણે જાણીએ છીએ છતાં તેમાંથી છૂટવા જેટલાં મનોબળ અને કાર્યશક્તિ આપણે મેળવી શક્યાં નથી. કેટલીક ટેવો આમ તો નજીવી લાગે, પણ તે આપણાં શિક્ષણ અને સંસ્કારને લજવે એવી છે અને સમાજને તેથી પારવાર નુકસાન થાય છે.

કેટલાક માણસોને નાક સાફ કરી, તેઓ ઊભા હોય તો પાસેની ભીંત પર અને બેઠા હોય તો પાસેની જગ્યા પર લૂછવાની ટેવ હોય છે. ગમે તે જગ્યા એ લીંટ લૂછતી વખતે તે એક ખરાબ કાર્ય કરી રહ્યો છે. તેનું તેને ભાન જ નથી હોતું. કોઈ એને ટોકે તો, કાં તો તે શરમિંદો પડી જશે અથવા ટોકનારની સામે મોટા ડોળા કાઢશે. એને ખ્યાલ નથી રહેતો કે એ લીંટ ત્યાં ઊભા રહેનાર કે બેસનારના શરીરને કે કપડાંને લાગે તો તેને કેવું ગંદું લાગે ? અને બધાં જ આવું કરે તો જાહેર જગ્યાઓ કેવી ગંદી બની જાય !

વળી કેટલાકને ગમે ત્યાં થૂંકવાની ટેવ હોય છે. પાન ખાઈને રસ્તા પર, ભીંત પર, બેઠા હોય તો આસપાસની જગ્યા પર તેઓ પિચકારી મારે. એમ કરતાં પિચકારી જો કોઈના શરીર પર લાગી જાય તો ભારે થઈ જાય. ગાળાગાળી થાય અને મારામારી પણ થાય. થૂંક કે પિચકારીના રેલા પર માખીઓ બેસે અને પછી તે ઉઘાડા શરીર પર જઈ બેસે અને ઉઘાડા અનાજ પર જઈને બેસે. થૂંકનાર માણસને કંઈ રોગ હોય તો તેના જીવાણુ માખી બીજાં અનેક માણસોમાં ફેલાવે. પરિણામે ગામમાં રોગચાળો ફાટી નીકળે અને અનેકોના જાન જાય. થૂંકવાની એક નાની સરખી વાત સમાજ માટે કેટલી ભયંકર નીવડે છે !

કેટલાક માણસો રસ્તાની બાજુએ આવેલી દુકાનોમાંથી ફળ ખરીદે અને રસ્તામાં ચાલતા ચાલતા ખાય. ફળોનાં છોડાં રસ્તા પર જ નાખે. એના પર માખીઓ બેસે અને ગંદવાડ થાય. કેળાં જેવાં કેટલાંક ફળોની છાલ એવી હોય છે કે કોઈનો પણ તેના પર પગ પડે તો બિચારો ભોંયભેગો જ થઈ જાય. તેનાં કપડાં બગડે અને હાડકાંયે ભાંગે. નાખનાર તો વગર વિચાર્યે રસ્તા પર છાલ નાંખી દે, પણ તેનાથી કોઈને બાર માસનો ખાટલો આવે એનો એને ખ્યાલ નથી રહેતો. ફળોની છાલ ગમે તેમ રસ્તા પર નાખવી એ મોટો ગુનો ગણાવો જોઈએ અને એ અવિચારી કામ કરનારને સમાજના શત્રુ લેખી તેને શિક્ષા થવી જોઈએ. રસ્તા પર પડેલી આવી છાલો ઉપાડી સડકની બાજુ પર કે કચરાપેટીમાં નાખી દેવી એ પણ સામાજિક સેવા ગણાય.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કેટલાક માણસો ઉધરસ એવી રીતે ખાય છે કે તેના છાંટા આસપાસ ઊભેલાં કે બેઠેલા માણસોને ઊડે છે. આ ટેવ બહુ ભયંકર છે. આથી ઉધરસ ખાનારના શરીરમાં રહેલા જીવાણું બીજાના શરીરમાં પ્રવેશે છે; અને એ જીવાણું, જો ક્ષય જેવા રોગોના હોય તો જેના શરીરમાં એ દાખલ થાય એ બિચારા પણ ક્ષયનો ભોગ બને. ક્ષયરોગીઓમાંનાં કેટલાંયે બીજાની આવી જાતની ઉધરસ ખાવાની કુટેવને પરિણામે રોગનાં ભોગ બન્યાં હશે ! આપણા દેશમાં દર વર્ષે હજારો માણસો ક્ષયના રાક્ષસી પંજામાં ફસાય છે અને પિલાઈ પિલાઈને આખરે મરણને શરણ થાય છે. એક સામાન્ય નજીવી ટેવ પણ કેવાં ભયંકર પરિણામ લાવે છે !

ઉપર આપણે ફળ ખાઈ રસ્તામાં તેની છાલ ગમે તેમ નાખવાની ટેવની વાત કરી ગયાં. એવી એક બીજી ટેવ ગમે ત્યાં કચરો નાખવાની હોય છે. કેટલાક ઘરનો કચરો બારીમાંથી નીચે નાખે છે, તો કોઈ વળી એંઠવાડનું ગંદું પાણી પણ એમ જ નીચે રેડે છે ! હવે નીચે રસ્તા પરથી કોઈ પસાર થતો હોય અને તેના માથા પર એ કચરો કે એંઠવાડનું પાણી પડે તો એ બિચારાની શી સ્થિતિ થાય ? પેલો નીચે બૂમાબૂમ કરે તો ફેંકનાર ઘરની અંદર લપાઈ જાય. શહેરમાં ચારપાંચ માળનું મકાન હોય તો કચરો ક્યાંથી પડ્યો તેની ખબર ભલે ન પડે અને કચરો નાખનારને ભલે કોઈ કાંઈ કહી ન શકે, પણ આવી રીતે રસ્તા પર કચરો નાખવો એ જંગલીપણું છે એમાં તો શક નથી.

આ તો મકાનમાંથી નીચે કચરો ફેંકવાની વાત થઈ કેટલાક રસ્તા પર ચાલતાં ચાલતાં ફાડેલો કાગળ કે એવી કોઈ જાતનો કચરો નાખે છે. સિગારેટ ખરીદી હોય તો તેનું ખોખું અને બળેલી દીવાસળી નીચે રસ્તા પર નાખે છે, દવા ખરીદી હોય તો તેના કાગળ ઉપાડી રસ્તા પર ફેંકે છે. હવે તો શહેરમાં સુધરાઈના આરોગ્યખાતા તરફથી જાહેર રસ્તા પર કચરાપેટીઓ મૂકવામાં આવી છે. આપણે તેનો ઉપયોગ કરવો જોઈએ. રસ્તા પર ગમેતેમ કાગળિયાં, કચરા વગેરે નાખવાની ટેવ ભલે ભયંકર નહિ હોય પણ તે ખરાબ તો છે જ. એક વિદ્યાર્થીએ એક મોટા અમલદારની આવી ટેવ કેવી રીતે ભૂલાવી તેની એક વાત છે.

એક મોટો સરકારી અમલદાર હતો. તે ઘણો જ વ્યવસાયી હતો. ઘરમાંથી બહાર નીકળતાં જ ટપાલીએ તેને એક પરબીડિયું આપ્યું. પત્રમાં શું હશે એ જાણવાની જિજ્ઞાસા થવાથી પેલા અધિકારીએ પરબીડિયું ફોડ્યું. અંદરથી કાગળ કાઢી પરબીડિયું ત્યાં જ નાખી, તે ઊભો ઊભો કાગળ વાંચવા માંડ્યો. હવે એવું બન્યું કે ત્યાં થઈને એક વિદ્યાર્થી પોતાની શાળાએ જતો હતો. પેલા વિદ્યાર્થીએ ફૂટપાથ પરથી પરબીડિયું ઉપાડી લીધું અને તે પેલા અમલદાર પાસે ઊભો રહ્યો. અમલદાર પત્ર વાંચીને તેને પોતાના ગજવામાં મૂકવા જાય છે કે પેલા વિદ્યાર્થીએ તેમને કહ્યું :

'સાહેબ, આ પરબીડિયાનું આપને કામ ન હોય તો આ પાસેની કચરાની પેટીમાં નાખી દઉં ?'

અમલદાર શરમાઈ ગયો. ગમે ત્યાં કાગળો ફેંકવાની તેની ટેવ તે જ દિવસથી હંમેશને માટે ગઈ.

આપણે પેલા વિદ્યાર્થીની માફક વિનયથી આપણા ભાઈઓની ટેવ સુધારવા કોશિશ કરવી જોઈએ. અને પેલા અમલદારની માફક આપણી ભૂલ સમજી તે સુધારવી જોઈએ. આ ટેવ સામાન્ય છે, પણ એ આપણાં શિક્ષણ અને સંસ્કારને લાંછન લગાડે એવી છે. શિક્ષિત માણસ સંસ્કારી હોવો જોઈએ અને સંસ્કારી માણસે સારા નાગરિક પણ થવું જોઈએ. સારો નાગરિક સમાજને નુકસાન થાય એવી કોઈ પણ કુટેવ કદી પોતાનામાં ન પોષે.

આમ, આપણે આપણી સામાન્ય સામાજિક કુટેવો સુધારીને સારા નાગરિક બનવું જોઈએ અને બીજાને સારા નાગરિક બનાવવામાં મદદ કરવી જોઈએ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ટિપ્પણ

**જડ ઘાલી** - સ્થિર, સ્થાયી, જામી ગઈ **લજવે** - શરમાવે **શરમિંદો** - શરમથી ઝંખવાણું પડેલું **જીવાણું** - અણું જેટલો જીવ, સૂક્ષ્મ જીવ **જાન જાય** - મૃત્યુ થાય **પારાવાર** - અપાર, પુષ્કળ **જંગલી પણું** - જંગલી પ્રાણી જેવું વર્તન **પરબીડિયું** - કાગળ બીડવાનું કવર **લાંછન** - ડાઘ, કલંક

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. શિક્ષણ પાસેથી શેની અપેક્ષા રખાય છે ?
2. શિક્ષણથી આપણે કોની પકડમાંથી છૂટ્યા છીએ ?
3. કુટેવોની પકડમાંથી છૂટવા માટે શું જોઈએ ?
4. નાક સાફ કર્યા પછી લોકોને શું કરવાની કુટેવ હોય છે ?
5. ફળોની છાલ ફેંકતી વખતે આપણે કઈ બાબતનો ખ્યાલ રાખતા નથી ?
6. લેખક કઈ બાબતને સામાજિક સેવા ગણાવે છે ?
7. ઉધરસ ખાતી વખતે કઈ કુટેવ જોવા મળે છે ?
8. લેખક કઈ કુટેવનો જંગલીપણામાં સમાવેશ કરે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. પિચકારીના રેલાથી રોગચાળો કેવી રીતે ફાટી નીકળે છે ?
2. ફળોની છાલ ફેંકનારા વિશે લેખક શું કહે છે ?
3. આપણા દેશમાં લોકો ક્ષય રોગના પંજામાં કેવી રીતે ફસાય છે ?
4. આપણે કેવી રીતે કચરામાં સતત વધારો કરીએ છીએ ?

**પ્રશ્ન 3. આપણી કુટેવોનું વર્ણન કરો.**

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દ લખો.**

શરીર, શિક્ષા, દવા, મદદ, કોશિશ

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

સંસ્કાર, ગંદુ, શત્રુ, જાહેર, દેશ

**પ્રશ્ન 6. સાચી જોડણી લખો.**

પીચકારિ, કુરીવાજ, અધિકારી, પરબિડિયું

**આટલું કરો**

1. વિદ્યાર્થીઓમાં જોવા મળતી કુટેવો વિશે વર્ગખંડમાં ચર્ચા કરો.
2. વ્યક્તિત્વનો વિકાસ કરનારી સુટેવો વિશેના સુવિચારો બ્લેકબોર્ડ પર લખો.
3. લોકોની કુટેવો સુધારવામાં મદદરૂપ બનનારા વ્યક્તિઓ, કાર્યક્રમો વિશે મિત્રોને જણાવો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## વ્યાકરણ

### રૂઢિપ્રયોગ :

નીચેની કાવ્યપંક્તિઓ વાંચો

- રામનામ શું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે.
- ભણે નરસૈંયો તેનું દરશન કરતાં, કુળ ઈકોતેર તાર્યાં રે.

નીચેના વાક્યો વાંચો

- કેટલીક કુટેવો આપણામાં એવી જડ ઘાલી બેઠી છે.
- તે આપણાં શિક્ષણ અને સંસ્કારને લાંછન લગાડે એવી છે.

હવે અહીં લીટી દોરેલા શબ્દો કે શબ્દજૂથની જગ્યાએ

- ભગવાનની ભક્તિ કરવાની લગન લાગે, સકળ તીરથ તેના તનમાં રે.
- ભણે નરસૈંયો તેનું દરશન કરતાં, ઈકોતેર કુળને તારવા રે.
- કેટલીક ટેવો આપણામાં એવી જડમૂળથી ઘૂસી ગઈ છે.
- તે આપણા શિક્ષણ અને સંસ્કારને બગાડે છે.

આમ કહીએ તો કાવ્યપંક્તિ કે વાક્ય એટલું અસરકારક બનતું નથી. તેનાથી અભિવ્યક્તિમાં (કહેવામાં) સચોટતા આવતી નથી. જ્યારે પહેલી કાવ્યપંક્તિઓ અને વાક્યોમાં અભિવ્યક્તિ બહુ સારી લાગે છે કારણ કે રૂઢિપ્રયોગના ઉપયોગથી અભિવ્યક્તિમાં ક્યારેક ચિત્રાત્મકતા અને સચોટતા આવે છે. એટલે આ પ્રકારની અભિવ્યક્તિ વધુ રમણીય લાગે છે. આ પરથી આપણે સમજી શકીએ કે રૂઢિપ્રયોગ દ્વારા આપણે લાઘવથી (ટૂંકમાં) સચોટ, ચિત્રાત્મક, રમણીય અભિવ્યક્તિ કરી શકીએ છીએ.

હવે આ રૂઢિપ્રયોગ એટલે શું ? તો રૂઢિપ્રયોગ લોકોક્તિરૂપે વપરાય છે. રૂઢિપ્રયોગમાં બે શબ્દો છે (૧) રૂઢિ અને (૨) પ્રયોગ, રૂઢિ શબ્દના મૂળમાં છે - રૂઢ. રૂઢ થવું એટલે ઘણા સમયથી વપરાશમાં હોય અને પછી તે જે પ્રમાણેના વપરાશની પદ્ધતિ પડતી જાય અને આ રૂઢ થયેલી પદ્ધતિ રૂઢિ તરીકે ઓળખાય. આ રૂઢિ પ્રમાણે વપરાતો શબ્દ સૌ પ્રથમ તો કોઈ એક પરિસ્થિતિ માટે વિશિષ્ટ અર્થ બોધ કરાવવા વપરાયો હોય. પછી તેવી પરિસ્થિતિનો અર્થબોધ કરાવવા માટે આ શબ્દ પ્રચલિત બન્યો હોય અને તે પ્રચલિત શબ્દ પછી રૂઢિ બની જાય અને પ્રયોગ એટલે ઉપયોગ. રૂઢ બની ગયેલા શબ્દનો પ્રયોગ કરવો એને રૂઢિપ્રયોગ તરીકે ઓળખવામાં આવે છે.

આમ, ભાષામાં રૂઢ કે રૂઢિથી જેનો વિશેષ અર્થ થતો હોય એવા શબ્દપ્રયોગ એટલે રૂઢિપ્રયોગ. દા.ત. હોશિયાર વિદ્યાર્થીએ વધુ એક ઈનામ મેળવી તેની પાઘડીમાં નવું પીછું ઉમેર્યું. અહીં પાઘડીમાં નવું પીછું ઉમેરવું એ રૂઢિપ્રયોગ છે. તેનો અર્થ પ્રતિષ્ઠામાં વૃદ્ધિ કરવી એવો થાય.

#### સ્વાધ્યાય


ચોપડીમાં ટિપ્પણમાં આપેલા આવા રૂઢિપ્રયોગોની યાદી બનાવો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 2. છાત્રોને પત્ર



**નાગજીભાઈ દેસાઈ**

**જન્મ : ઈ.સ. ૧૯૩૧**

નાગજીભાઈ મહેરામ દેસાઈનો જન્મ મહેસાણા જિલ્લાના માણેકપૂરમાં થયો હતો. લોકઘડતરની વિવિધ લાક્ષણિક સંસ્થાઓમાં શિક્ષણ મેળવ્યું હતું. રેલવે સ્ટેશનમાં પડ્યા રહી, કુલીનું કામ કર્યું. આવા અનેક અનુભવોએ તેમના જીવનઘડતરમાં અતિ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ગ્રામીણ બાળકો માટે છાત્રાલય વાળી 'લોકવિદ્યાલય', 'મૈત્રી વિદ્યાપીઠ' માનવ મંદિર શિક્ષણ સંસ્થા તેમજ અનાથાશ્રમ શરૂ કર્યા હતા. તેઓની શિક્ષણ અને સાહિત્યની પ્રવૃત્તિઓ આજે વટવૃક્ષ તરીકે ફાલીફૂલી છે. 'અંધારા ભેદીને', 'મારું કેળવણી દર્શન', 'હૈયું અને હૂંફ' જેવાં શિક્ષણ સંસ્કાર ઘડતરના અનેક પુસ્તકો મળે છે. તેમાં આત્મવૃત્તાંત 'મારી કરમ કથની'માં રઝળપાટ, ભારત ભ્રમણ અને તે દ્વારા જીવનના અનુભવો - ઘડતરની વાતો વાચકની અનેકવાર આંખો ભીની કરી જાય છે. તેઓ અનેક માન-અકરામથી સન્માનિત થયા છે.

'છાત્રોને પત્રો' સંગ્રહમાંથી આ પત્રો લેવામાં આવ્યો છે. અનાથ બાળકોના પ્રસંગોની તેમાં વાત છે. આ પત્ર સ્વરૂપે પ્રગટ થયેલી એક સલાહ અથવા મૂલ્યવર્ધક વિગતો પ્રસ્તુત કરવામાં આવી છે. ખાસ તો મિત્રતાની વાત છે. મિત્ર જીવનભર હોવો જોઈએ. બુદ્ધિજીવી માણસોને પારખવાના ચાર મૂલ્યો તારવવામાં આવ્યા છે. વાંચન સાથેના વિચારઘડતરનો મુદ્દો પણ લેવામાં આવ્યો છે. અંતે લાલબત્તી પણ ધરવામાં આવી છે. આમ જોઈએ તો ગાગરમાં સાગર સમાવવાનો પ્રયાસ થયો છે. એક બાપ તેમના વ્હાલસોયા સંતાનને જે ભાવભીની સલાહ આપતા હોય તેમ સહજતાથી વ્યક્ત થયા છે.

પત્ર એટલે કાગળ-લેટર. મૂળભૂત રીતે પત્ર એ સંદેશાનો એક પ્રકાર છે. પત્ર અનૌપચારિક રીતનું લખાણ છે. ખરેખર તો જેને સંબોધાયું છે તે સિવાયનાને વાંચવાના ખ્યાલ સિવાય લખાય છે એટલે પત્રમાં આત્મીયતા, સમીપતા અને નિખાલસતા આગળ તરી આવતાં લક્ષણો છે. એની ભાષા સરળ, સ્પષ્ટ અને સંક્ષિપ્ત રીતની હોવી જરૂરી છે. ગુજરાતીમાં કવિ કલાપી, કાન્ત અને ગાંધીજીના અનેક પત્રો છપાયાં છે જે સુંદર છે.

---

**પ્રિય છાત્ર,**

તારો પત્ર મળ્યો, આનંદ થયો. આ મહિનામાં તે વાંચેલાં ઈત્તર પુસ્તકો અને તે પુસ્તકોની તારા મન ઉપર પડેલી છાપ તે અંગે પણ તારું લખાણ વાંચ્યું.

મને આનંદ એટલા માટે થાય છે કે હવે સાચા અર્થમાં તારો વિકાસ થવા માંડ્યો છે. વિવેકાનંદના વાચને તારામાં રહેલી સુષુપ્ત શક્તિ જગાડી તે સ્પષ્ટ દેખાય છે. સાથેસાથે રામકૃષ્ણ વચનામૃત પુસ્તક મળે તો અવશ્ય વાંચજે, વાંચવા જેવું છે.

આવાં પુસ્તકો તંદુરસ્ત મન રાખવા માટે ઉત્તમ ખોરાક છે. શરીરને મજબૂત-સુદૃઢ રાખવા માટે જેમ પૌષ્ટિક આહારની જરૂર છે, તેમ મનને પણ સારા વાચનની જરૂર હોય છે. શરીરને પૌષ્ટિક ખોરાકની ઊણપ રહે તો અનેક રોગો શરીરને ઘેરી વળે છે, તેવું જ મનનું પણ છે. મનને તંદુરસ્ત વૈચારિક વાચનનું પોષણ મળે તો માણસમાં જિજ્ઞાસા, પુરુષાર્થ વગેરે શક્તિઓનો વિકાસ થાય છે, અને યોગ્ય વાચનથી સમજણ પણ ખીલે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

'સમજણ' એટલે કે જેને કોઠાસૂઝ પણ કહે છે, જેનાથી માણસ સારું-નઠારું વિચારી શકે છે. ને આ ન વિચારે તો તેને પણ નિરાશાઓ ઘેરી વળે છે. ને વ્યસનોનો રોગ તેની સાથે ઘરોબો કેળવે છે. તેમાંથી ઊભી થાય છે : નિરાશાઓ-માનસિક અસ્વસ્થતાઓ.

આ તો શારીરિક-માનસિક વિકાસની વાત થઈ. આ બંને જેનાં સારાં છે તેનો ત્રીજો વિકાસ આધ્યાત્મિક ક્ષેત્રનો છે. આ બાબતમાં શક્ય બને તો અઠવાડિયે એક વાર મૌન રાખી બધાં કામો કરતાં જવાં. શક્ય બને તો સવારે ઊઠી અથવા તારી અનુકૂળતાએ સવારે 'સૂર્ય નમસ્કાર' કરવાનું ચાલુ રાખજે. આળસને તારા સદ્ગુણ તરીકે તેં ઘણો કેળવ્યો છે, તેને વિદાય આપવાની જરૂર છે (પુરુષાર્થ કરજે).

જે જે યુવાનોનો શારીરિક-માનસિક અને આધ્યાત્મિક વિકાસ સમ્યક્પણે થયો છે, તેનું જીવન ઉદાત્ત અને આનંદદાયી રહેશે.

પત્ર લખજે.

•

**પ્રિય છાત્ર,**

તારો પત્ર મળ્યો, તારા પરિવારનો એક ભાઈ પટાવાળા તરીકે નોકરીએ લાગ્યો તે જાણ્યું. સાથે સાથે તારા પરિવાર માટે તારી મમતા પણ જાણી, ભલે, ખેર !

એક વસ્તુ ખ્યાલમાં રાખજે. આ જન્મ જે પરિવારમાં થયો છે તે જ પરિવાર જન્મોજન્મ મળવાનો છે, તે ભ્રમ છે. જન્મમરણનો પરિવાર સાથે કોઈ સંબંધ નથી.

માનવજાતને પરિવાર, સમાજ, સમૂદાય વગેરે અનેક વિશેષતાઓએ પાંગળી બનાવી છે. આ બધી બાબતો ન જુઓ, તેનાં કરતાં સદ્વૃત્તિ ને સંસ્કારો માણસમાં કેટલા છે તે જુઓ. વ્યક્તિમાં સમર્પણની ભાવના કેટલી છે ? વિકાસના ગુણો કેટલા છે ? તે જુઓ. આ સિવાયની બાબતો માનવીને રુંધનારી છે.

આપણે કયા પરિવારના છીએ એના કરતાં માનવી છીએ એ ન ભૂલવું જોઈએ. માનવી તરીકે માનવજાતનાં વિવિધ પાસાંઓમાં રસ લઈ સભર બનવું જોઈએ. જો માનવીને અન્ય ચીજોની સાપેક્ષમાં સંસ્કાર, સદ્વૃત્તિ ને સમર્પણની ભાવનાથી જોવામાં આવે તો સુખી થશો.

પત્ર લખજો.

•

**પ્રિય છાત્ર,**

તારો પત્ર મળ્યો, પત્ર વાંચતાં મને એક વસ્તુ જોવા મળી. તે વસ્તુ મને દુઃખદ લાગે છે, તે વસ્તુ એ છે કે તમારામાં આત્મવિશ્વાસનો અભાવ.

જ્યારે કોઈ પણ વ્યક્તિને પોતાની જાત ઉપર, પોતાની શક્તિઓ ઉપર વિશ્વાસ નથી હોતો, તે વ્યક્તિ અન્ય કોઈને તો પ્રેરણા કે સ્નેહ ન જ આપી શકે. પોતાનું જીવન લઘુતાગ્રંથિથી પીડાય અને અન્ય જે કોઈ સંપર્કમાં આવે એની પણ એ જ સ્થિતિ કરે.

'આત્મવિશ્વાસ'ને કેળવો. થોડા નિર્ણયો લેતાં શીખો. ભલે તેમાં મુશ્કેલી આવે, તેમાં નિષ્ફળતા ભલે મળે. એ નિષ્ફળતાને પણ વધાવી લો ને ગૌરવ અનુભવો કે જે નિષ્ફળતા છે, તે મારા નિર્ણયનું



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પરિણામ છે. જે નિર્ણયથી નિષ્ફળતા આવી તેવા જ નિર્ણયથી સફળતા પણ આવે જ એમ સમજવું. જે કોઈ વ્યક્તિ જીવનમાં આત્મવિશ્વાસ સાથે આગળ વધે છે. તેને એક પરિણામનું સ્વાગત કરવાનું જ છે.

હમણાં એક માસિકમાં લેખ વાંચેલો. તેમાં એક અપંગ યુવાન સાવ નિરાશાથી ઘેરાયેલો. જીવન શૂન્ય લાગે ને જીવતર ભારે પણ લાગે. તેમાં એ એક દિવસ અચાનક તેણે કોઈ પ્રેરણાબળથી નક્કી કર્યું કે ભલે હું અપંગ રહ્યો. મારા અવયવો અપંગ છે. શક્તિઓ તો અપંગ નથી જ. તે પગથી સારા ચિત્રો દોરતો થયો. સારો કલાકાર બન્યો. 'આત્મવિશ્વાસ' અશક્યને શક્ય કરે છે. છેવટે તો મહાન પુરુષો જે પુરુષાર્થથી મહાન બને છે, તેમાં મુખ્ય આત્મવિશ્વાસ જ હોય છે.

વિશેષ કાંઈ જ લખતો નથી, તમે અનાથની લઘુતાગ્રંથિ છોડી આત્મવિશ્વાસ કેળવી આગળ વધો.

•

**પ્રિય છાત્ર,**

તમારો પત્ર મળ્યો છે. તમારા ગયા પછી કંઈ સમાચાર ન હતા, તમો ક્યાં છો તે જાણવાની ઈચ્છા હતી ; તમે આનંદમાં છો એ જાણી આનંદ.

હવે તમારી સામાજિક કસોટી શરૂ થાય છે. મન મૂકીને કામ કરજો. તમે વેતન કે કલાકોની કામગીરી તરફ નજર ન નાખતા અને તે આપણું કામ પણ નહીં. એ રસ્તે જઈએ તે દિવસે આપણું શિક્ષણ લાજે, જે કાંઈ વેતન મળે તેનાથી વધુ કામ કરવું, ઓછું તો નહીં જ. આપણને ૧૦૦ રૂપિયા પગાર હોય ત્યારે સો રૂપિયાનો પરસેવો પાડીએ, પોણીસોનો તો નહીં જ.

મને તમારામાં શ્રદ્ધા છે. તમો આશાસ્પદ યુવાન છો. ઈશ્વરે આપણને હાથ, પગ અને હૈયું એવાં મજબૂત આપ્યાં છે કે વિશ્વના કોઈ પણ રચનાત્મક કામ માટે આપણે નાનાં નથી.

સમાજમાં અનેક વ્યક્તિઓ સાથે કામ કરતાં તમારા મનમાં ઘણી ગડમથલો થતી હશે. કડવા મીઠા અનુભવો પણ થતા હશે પરંતુ તેનાથી મૂંઝાતા નહીં. મનોમંથન કરજો. સમાજની સામૂહિક પરિસ્થિતિ અને આપણી વૈયક્તિક પરિસ્થિતિ એ બંનેમાંથી આપણો વિકાસ શામાં છે તે શોધજો. રસ્તો ન જડે તો મૂંઝાઈને બેસી રહતા નહીં. પ્રયત્નશીલ રહેશો. પરાયા આવીને મદદ કરશે તેમ માનીને બેસી રહેવું તે બરાબર નથી, કારણ કે તેનાથી માનસિક ગુલામી આવે છે. ને આ માનસિક ગુલામી માણસને માનવી તરીકે નથી જીવવા દેતી. તેનાથી તે બીજાને પરોક્ષ રીતે પણ નુકસાન પહોંચાડી પ્રગતિનો પાંગળો સંતોષ અનુભવે છે. આવા પાંગળા સંતોષી પછી આપણે ન બનીએ.

કામ કરતાં કરતાં અભ્યાસ ચાલુ રાખજો. સંગીતના તમો જીવ છો. સંગીત એ માનવજીવનને આનંદ આપનારી ઈશ્વરી અમૂલ્ય ભેટ છે. તે ન ભૂલતા. તમો આજે છો ત્યાંથી આવતી કાલે ઘણા આગળ હો એ જ પ્રભુને પ્રાર્થના.

•

**પ્રિય છાત્ર,**

તમારો પત્ર મળ્યો. તમારા પત્રથી મનની વાત જાણી. તમારી વાત વાંચી અનહદ આનંદ થયો છે. આ રીતે દરેક યુવાન પોતાના શિક્ષક સાથે બેસી અથવા તો લખીને આવી રીતે કરે અને શિક્ષકને સાચો મિત્ર બનાવે તો આજનો બેફિકર, ધ્યેયહીન, કાંઈક નિરાશાથી ભરેલો, દિશાશૂન્ય વિદ્યાર્થી જોવા મળે છે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

તે ન મળે. આજના વિદ્યાર્થી યુવાનની ઘોર નિરાશાઓ એને ક્યાં લઈ જશે એ તો ઈશ્વર જ જાણે; તમે લખો છો કે સારો મિત્ર કોને કહેવો અથવા એ કેવી રીતે શોધવો ? મારા યુવાન ! વિદ્યાર્થી અવસ્થામાં જ સારો મિત્ર જોઈએ તેમ શા માટે માનો છો ! માણસ જીવે છે ત્યાં સુધી વિદ્યાર્થી જ છે. સિવાય કે, સૃષ્ટિનું રહસ્ય સમજે તો જુદી વાત. એટલે જીવનમાં સારા મિત્રની જરૂર હરહંમેશ રહેવાની. બુદ્ધિજીવી માનવીને પારખવાને માટેનાં ચાર મૂલ્યો મારી પાસે છે. આ મૂલ્યો મેં મારી રીતના અને શક્તિનાં આંકેલાં છે. એ ખ્યાલમાં રાખશો. આથી બીજાં ઊંચાં મૂલ્યો હોઈ પણ શકે.

(૧) વ્યક્તિનું વાચન ને મનન

(૨) વાણી

(૩) વર્તન

(૪) અન્ય સાથીઓ

માણસના ઘડતરમાં વાચન ઘણો મોટો ભાગ ભજવે છે, વાચનથી જે કાંઈ વિચારો ઘડાય છે તે વાણી દ્વારા વ્યક્ત થાય છે, વર્તન દ્વારા અમલી બને છે અને સાથીઓ દ્વારા વ્યાપક થાય છે. માટે આપણું વિચારઘડતર જે કાંઈ હોય અને આપણું જીવનધ્યેય જે હોય તેને પૂરક થાય તેવા જ મિત્રો બનાવવા. આપણા જીવનમાં એવા મિત્રોને સ્થાન આપવું કે જે આપણી હરહંમેશાં પ્રગતિ ઈચ્છતા હોય, આપણા કરતાં શક્તિમાં જરા વધુ પણ જેથી આપણામાં રહેલી ભીરુતા, નિરાશા તેમજ ન્યૂનતાઓ દૂર કરી શકે. છેવટે મારી માન્યતા મુજબ તો આપણે સાચો મિત્ર સાથી આપણને સોંપાયેલું અથવા સ્વીકારેલું જીવનકાર્ય જ છે.

બીજો મિત્ર વાચન અને મનન. બે જ સાચા મિત્રો છે. જે જીવનને હરહંમેશ પ્રગતિ તરફ લઈ જતા હોય છે. અંતમાં એક લાલબત્તી ધરું છું કે આપણી વાતોને ક્યારેક હથિયાર તરીકે ઉપયોગ કરી આપણને મુશ્કેલીમાં મૂકે તેવો મિત્ર પસંદ ન થાય તે ધ્યાન રાખવું. સંતોષ ન થાય તો રૂબરૂ મળજો.

## ટિપ્પણ

**અનહદ** - હદ વગરનું, અપાર **બેફિકર** - ફિકર વગરનું **ધ્યેયહીન** - ધ્યેય વિનાનું **દિશા શૂન્ય** - દિશા વિનાનો **અવસ્થા** - સ્થિતિ, દશા **સૃષ્ટિ** - જગત, દુનિયા **રહસ્ય** - છૂપો ભેદ, ગૂઢ **વસ્તુ પારખવાને** - ઓળખી કાઢવાને **મૂલ્ય** - મૂલવણી, સારા નરસાનો ભેદ **આંકેલા** - (અહીં) નક્કી કરેલા **ઘડતર ઘડીને** - ટીપી ટીપીને કરેલી બનાવટ, કેળવાઈને તૈયાર થયેલું **વ્યાપક** - વિશાળ, સર્વ ઠેકાણે વ્યાપી રહેનારું **પૂરક** - પૂરું કરનાર, વધારાનું (સપ્લિમેન્ટરી) **ભીરુતા** - ડરપોક, બીકણ, ડરવાળું **ન્યૂનતા** - સૌથી ઓછું **લાલ બત્તી ધરું છું** - ભયસ્થાન બતાડું છું, ચેતવું છું **પરસેવો પાડવો** - ખૂબ જ મહેનત કરવી **શ્રદ્ધા** - વિશ્વાસ, આસ્થા, આશા **હૈયું** - દિલ, હૃદય **સુષુપ્ત** - સૂતેલું, ઊંઘેલું **વચનામૃત** - અમૃત જેવું વચન **સુદૃઢ** - ઘણું દૃઢ **પૌષ્ટિક આહાર** - પુષ્ટિ આપનાર ખોરાક **ઊણપ** - ખામી **વૈચારિક** - વિચારને લગતું, વિચાર પૂર્વકનું **જિજ્ઞાસા** - કુતૂહલ, નવી વસ્તુઓ, જોવા જાણવાની ઉત્કંઠા **સારું-નઠારું** - સારું નરસું, સારું ખરાબ **વ્યસન** - ખોટી આદત, બિનજરૂરી આદત **ઘરોબો** - ઘરના જેવું **અસ્વસ્થતા** - સ્વસ્થ ન હોય તેવું **વિપરીત** - ઊલટું, વિરોધી, અવળું **આધ્યાત્મિક** - આત્મા કે આત્મતત્ત્વ સંબંધી **મૌન** - ન બોલવું તે, ચૂપ, મૂક **આળસ** - એદીપણું **વિદાય** - મોકલવું, વળાવવું **ઉદાત્ત** - ઉચ્ચ, ઉન્નત **કોમ** - જાતિ **મમતા** - માયા, સ્નેહ **ભ્રમ** - સંદેહ, ભ્રાન્તિ **પાંગળી** - અશક્ત,



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

નિર્બળ **સમર્પણ** - અર્પણ કરવું તે **રૂંધનારી** - ગૂંગળાયેલી **દુ :ખદ** - દુ:ખવાળું, દુ:ખ દાયક **આત્મવિશ્વાસ** - પોતાની શક્તિ પરનો વિશ્વાસ **પ્રેરણા** - પ્રોત્સાહન, પ્રેરવું તે **લઘુતાગ્રંથિ** - લઘુભાવ, નાનમ **ઈતર પુસ્તકો** - અન્ય પુસ્તકો **છાપ** - અસર **કસોટી** - પરખ, તપાસ, પરીક્ષા **મન મૂકીને** - પુરા મનથી, મનમાં કોઈ પણ કપટ વિના **વેતન** - પગાર **લાજવું** - શરમાવવું **રચનાત્મક** - જેમાં કાંઈ નવું રચવાનું હોય તેવું **ગડમથલ** - મહેનત, ફાંફા, ઘાલમેલ **મૂંઝાવું** - ગૂંગળાવું, ગભરાવું, અકળાવું **મનોમંથન** - મનમાં ચાલતું મંથન **પરાયા** - બીજા, અન્ય **કડવા મીઠા અનુભવો** - સારા નરસા અનુભવો **ગુલામી** - પરતંત્રતા **પરોક્ષ** - અપ્રત્યક્ષ, ગેરહાજર

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. પત્રલેખક છાત્રને કયું પુસ્તક વાંચી જવાની સલાહ આપે છે ?
2. સમજણ એટલે શું ?
3. કેવાં યુવાનોનું જીવન આનંદદાયી બને છે ?
4. પત્ર લેખકને કઈ બાબત દુ:ખદ જણાય છે ?
5. મહાન કાર્યો કરવા માટે ઈશ્વરે આપણને શું આપ્યું છે ?
6. ઈશ્વરની અમૂલ્ય ભેટ કઈ છે ?
7. વિદ્યાર્થીઓએ નિરાશાથી બચવા શું કરવું જોઈએ ?
8. બુદ્ધિજીવી માનવીને પારખવા માટેના મૂલ્યો કયા છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. પુસ્તકોની અદ્‌ભૂત શક્તિ વિશે લેખક શું કહે છે ?
2. સમજણ વિનાના માણસની હાલત કેવી થાય છે ?
3. આત્મવિશ્વાસ વગરની વ્યકિતની સ્થિતિ કેવી હોય છે ?
4. નિષ્ફળતા વિશે પત્રલેખક શું વિચારે છે ?

**પ્રશ્ન 3. એક વિદ્યાર્થી તરીકે પત્રોમાંથી તમને ઉપયોગી જણાતી બાબતોનું આલેખન કરો.**

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દ લખો.**

ઊણપ, ગુલામી, પુરુષાર્થ, મિત્ર

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

ઉત્તમ, પ્રગતિ, સંતોષ, લઘુતાગ્રંથિ, નિષ્ફળતા

**આટલું કરો**

1. જીવન વિકાસ માટે માર્ગદર્શન આપતો પત્ર તમારા મિત્રને લખો.
2. મહાપુરુષના પ્રેરણાદાયી પત્રનું વર્ગખંડમાં વાચન કરો.
3. પત્ર લખતી વખતે ધ્યાનમાં રાખવાની વિગતો શિક્ષક પાસેથી જાણો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

વ્યાકરણ

## કહેવત

જેમ લોકોક્તિરૂપે રૂઢિપ્રયોગનો ઉપયોગ કરીએ છીએ તેમ કહેવતનો પણ આપણે લોકોક્તિરૂપે ઉપયોગ કરીએ છીએ. એટલે કહેવતમાં કથા, કશાકનું કથન કરવું, કહેવું રહેલું છે. કહેવત સાથે કોઈ કથા કે વાર્તા સંકળાયેલી હોય છે. કોઈ કથા કે વાર્તાથી કહેવત જન્મતી હોય છે. ક્યારેક આ કથા કે વાર્તા કોયડો કે ઉકેલ કે ઉખાણાના સંદર્ભમાં પણ હોઈ શકે. તો સંસ્કૃતમાં તેને 'ન્યાય' પણ કહ્યું છે. કોઈ ન્યાય કરવામાં આવે ત્યારે કહેવતનો સંદર્ભ ન્યાય તરીકે વપરાય છે. દા.ત. સંસ્કૃતમાં ખૂબ જાણીતું ઉદાહરણ છે - '**अन्धगजन्याय**' અર્થાત્ આંધળો માણસ (अन्ध) હાથી (गज) આંધળા માણસો હાથી પાસે જઈ તેને સ્પર્શે, તેનું વર્ણન કરે તેમાં જુદા જુદા મંતવ્યો પ્રાપ્ત થાય છે. આ મંતવ્યો હકીકતથી વિરુદ્ધ છે. એનો અંક છે - યોગ્ય લાયકાત વગરનો માણસ પોતાની મર્યાદાથી સભાન ન રહીને પોતાનો મત સાચો જ છે તેમ માને, પણ ખરેખર તો સાચો ન હોય ત્યારે આ કહેવત વપરાય.

બીજા પાઠમાં આપણે શરીર અને મનની તંદુરસ્તી વિશે જાણ્યું. આ માટે આપણે કેટલાકને એવું કહેતા સાંભળ્યા છે કે - 'પહેલું સુખ તે જાતે નર્યા' આ કહેવત છે. આજ પાઠમાં આપણે નિષ્ફળતા, આત્મવિશ્વાસ, પરિશ્રમ જેવી વાતો વાંચી તે માટે પણ તમે આવી કહેવતો સાંભળી હશે. 'નિષ્ફળતા એ જ સફળતાની ચાવી છે.', 'પુરુષાર્થ વગર પ્રારબ્ધ પાંગળું છે.' આ બધી કહેવતો આપણે જુદી જુદી પરિસ્થિતિમાં સાંભળતા હોઈએ છીએ. રૂઢિપ્રયોગની જેમ કહેવત પણ ઓછામાં ઘણું બધુ કહી જાય છે.

## સ્વાધ્યાય

- નીચે કેટલીક કહેવતો આપી છે. તેને તેના અર્થ સાથે જોડો.


| | |
|---|---|
| 1. ઘેર ઘેર માટીના ચૂલા | 1. હોશિયાર માતા-પિતાના સંતાનમાં કંઈ કહેવાપણું ન હોય. |
| 2. મોસાળે જમણ ને મા પીરસનારી | 2. ઈશ્વર શિક્ષા કરે છે ત્યારે કઈ રીતે શિક્ષા કરે છે તેની ખબર પડતી નથી. |
| 3. મોરનાં ઈંડા ને ચીતરવા ન પડે. | 3. દરેક ઘરની પરિસ્થિતિ સરખી હોય છે. |
| 4. ઈશ્વરની લાકડીમાં અવાજ નથી. | 4. મોટી ઉંમરે નવી ટેવ ન પડે. |
| 5. પાકા ઘડે કાંઠા ન ચડે. | 5. સર્વ પ્રકારની અનુકૂળતા મળવી. |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 3. છત્રી



**રતિલાલ બોરીસાગર**

**જન્મ : ઈ.સ. ૧૯૩૮**

ડૉ. રતિલાલ બોરીસાગરનો જન્મ અમરેલી જિલ્લાના સાવરકુંડલા ગામમાં થયો હતો. તેઓએ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળમાં વરસો સુધી સેવાઓ આપી હતી. તેમના હાસ્યલેખોમાં ખાસ કરીને માણસના જીવનની સામાન્ય-અસામાન્ય, ચિત્રવિચિત્ર ખાસિયતોમાંથી હાસ્ય નિષ્પન્ન થાય છે. ગુજરાતી હાસ્ય સાહિત્યમાં તેઓએ પોતીકી એક શૈલી વિકસાવી છે. 'મરક મરક' અને 'આનંદલોક'એ તેમના જાણીતા હાસ્યગ્રંથો છે. આ ગ્રંથોને વિવિધ પારિતોષિકો પ્રાપ્ત થયા છે.

નિબંધ એ ગદ્ય સાહિત્યનો એક પ્રકાર છે. આ કૃતિ બોધ, ઉપદેશ સાથેનો પ્રચારાત્મક સાથેનો એક નિબંધ પ્રકાર છે. મૂળ શબ્દ નિબંધ છે. જેમાં કોઈ બંધન નથી તે નિબંધ. નિબંધ માટે અંગ્રેજીમાં 'એસે' શબ્દ છે. જેનો અર્થ થાય છે 'કોઈપણ વિષય ઉપર પોતાના વિચાર વ્યવસ્થિત રીતે રજૂ કરવાનો પ્રયત્ન.' ગદ્ય સાહિત્યમાં જેમ લલિત નિબંધ હોય તેમ આ હાસ્ય-નિબંધ છે. તેમાં પ્રધાન રસ હાસ્ય અને મર્મ છે. હળવી શૈલીમાં વિનોદથી ભરપૂર ગંભીરપણે લખાયેલ લખાણને નિબંધિકા પણ કહેવામાં આવે છે. જેમાં મુખ્યત્વે હાસ્યરસ નિષ્પન્ન થતો હોય છે.

લેખક છત્રી ખરીદવા જાય છે ત્યાંથી નિબંધની શરૂઆત થાય છે. વારંવાર છત્રી ભૂલવાની ટેવ છે. તેથી ખરીદવી પડે છે. આ માટે કોઈ સલાહ આપે છે કે છત્રી પર નામ-સરનામું લખી રાખો. જેથી કોઈ પરત કરવા પોસ્ટકાર્ડ લખે. ખરેખર એમ જ બને છે. છત્રી લીધાના વીસેક દિવસ પછી રાજકોટથી પત્ર આવે છે. પણ રાજકોટ છત્રી લેવા જવાનું બધાના મતે અવ્યવહારું ગણાય. તેમ છતાં લેખક છત્રી લેવા જાય છે. પણ છત્રી ન મળી તે ન જ મળી ઉલટાનો ખર્ચ થયો તે જુદો ! આમ માનવજીવનના રોજબરોજના બનાવો ને એમ હળવી શૈલીમાં મૂકી હાસ્યરસ નીપજાવ્યો છે.

---

મોસમનો પહેલો વરસાદ પડ્યો ત્યારે હું છત્રી લેવા શહેરના એક જાણીતા સ્ટોરમાં ગયો અને નાની નાજુક છત્રી બતાવવા કહ્યું. દુકાનદારે જુદી જુદી સાઇઝની કેટલીક છત્રીઓ બતાવી. એક શ્યામલ શ્યામા છત્રી મને ગમી. મેં એ છત્રી ખરીદી. દુકાનદાર ક્યારના મારી સામે ધારીધારીને જોઈ રહ્યા છે ને કશુંક યાદ કરવાનો પ્રયત્ન કરે છે એમ મને લાગ્યું. કોઈ ગ્રાહક ઉધાર છત્રી ખરીદી ગયો હશે અને મારા જેવો જ દેખાતો હશે તો શું થશે એ વિચારે હું થોડો ગભરાયો. છત્રીના પૈસા આપી, છત્રી લઈ હું જવા કરતો હતો ત્યાં દુકાનદારે પૂછ્યું, 'સાહેબ ! (કાકાને બદલે સાહેબ કહ્યું એ મને ગમ્યું – પરિસ્થિતિમાં જોકે એનાથી ખાસ કશો ફરક નહોતો પડતો તોય જરા સારું લાગ્યું !) તમે ગઈ સાલ છત્રી લેવા આવેલા ખરા ?'

'ગઈ સાલ જ નહિ, એની પહેલાંની સાલે પણ છત્રી લેવા આવેલો. ગઈ સાલની પહેલાંની સાલની સાલે પણ મેં ખરીદેલી. અલબત્ત, એ બીજી કોઈ દુકાનેથી ખરીદેલી.'

'પણ સાહેબ, અમારી છત્રી એમ વરસ દિવસમાં તૂટી ન જાય. અમારી છત્રી ખૂબ ટકાઉ હોય છે.'



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

'તે હશે. હું ના નથી પાડતો. તમારી છત્રી ટકાઉ હશે જ. પણ તમારી છત્રી મારી પાસે ટકતી નથી. ખોવાય જ નહિ એવી છત્રી તમે રાખો છો ?'

'એવી છત્રી તો અમે નથી રાખતા, કદાચ કોઈ નહિ રાખતું હોય એટલે છત્રી તમારી પાસે ટકે એવો ઉપાય તમારે જ શોધી કાઢવો પડે.'

પોતાના કુંવરને કાંટો ન વાગે એ માટે આખા રાજ્યની ધરતી ચામડાથી મઢી દેવાનો હુકમ કરનારા રાજાને એક માણસે કુંવર માટે ચામડાના બૂટ સીવી આપ્યા હતા. કદાચ રવીન્દ્રનાથ ટાગોરની આ વાર્તા છે. જગતને સુધારવાના મિથ્યા પ્રયત્નો છોડી જાતને સુધારવાનો ઉપદેશ કવિવરે કદાચ નહિ વાંચ્યો હોય – કદાચ ટાગોર વિશે એ ખાસ કશું જાણતા પણ નહિ હોય. પરંતુ તેઓ મને કદી ખોવાય નહિ એવી છત્રી શોધવાનાં ફાંફાં મારવાનું છોડી છત્રી ખોવાય જ નહિ એવો ઉપાય શોધવા સમજાવી રહ્યા હતા. તેમની વાત મને સાચી લાગી. પરંતુ જ્ઞાન મળવા માત્રથી કશું વળતું નથી અને મળેલા જ્ઞાનને આચરણમાં મૂકવાનું એટલું સહેલું નથી.

છત્રી ન ખોવાય એ માટે મેં કશા ઉપાયો કર્યા જ નથી એવું ન કહેવાય. છતાં મારા સાનિધ્યમાં કોઈ પણ છત્રી એટલી બધી ચંચળ બની જાય છે કે મારો ત્યાગ કરતાં એને સહેજે વાર લાગતી નથી. દુકાનેથી લઈને ઘર સુધી પહોંચતા સુધીમાં પણ છત્રી ખોઈ નાખવાના વિક્રમો મેં એકથી વધુ વાર નોંધાવ્યા છે !

'તમે ગળામાં માળાની જેમ મોટી દોરી રાખો. એ દોરી સાથે છત્રી બાંધો, છત્રી ખૂલી શકે એટલી મોટી દોરી રાખજો. વરસાદમાં ભીની થયેલી છત્રીથી શર્ટ ભીનું ન થાય એ માટે ઉપરના ભાગે ઓછાડ વીંટી રાખજો.'

'તમે છત્રી સાચવવા તમારી સાથે ને સાથે ફરે એવો પગારદાર માણસ રાખો. કેટલાક લોકો બહાર જવાનું હોય તેટલા વખત પૂરતો ડ્રાઈવર રાખે છે તેમ તમે આવો બે-ત્રણ કલાક પૂરતો પગારદાર માણસ રાખી શકો.'

'તમે ચાતુર્માસમાં ઘરે જ રહો. એકટાણાં કરો ને પ્રભુભજન કરો. છત્રી ખરીદવી જ નહિ પડે એટલે પછી ખોવાવાનો પ્રશ્ન જ નહિ રહે !'

'છત્રી ઉપર તમારું નામ-સરનામું લખાવો. કદાચ કોઈને જડે તો પોસ્ટકાર્ડ લખીને તમને જાણ કરી શકે.'

છત્રી ન ખોવાય એ માટે ઉપરની ને ઉપરના જેવી ઘણી સલાહો મને મળી. કેટલીક સલાહો તો મળ્યા પછીની પાંચ જ મિનિટમાં હું ભૂલી ગયો. કેટલીક સલાહોનો અમલ કરવાનું ઘણું મુશ્કેલ લાગ્યું. પણ છત્રી પર નામ-સરનામું લખાવવાની સલાહનો અમલ કરવા જેવું છે એમ મને લાગ્યું. એટલે આ વખતે લીધેલી નવી છત્રી પર મારું પૂરું નામ, વિગતવાર સરનામું, ટેલિફોન નંબર વગેરે બધું જ લખાવ્યું. વરસાદના પાણીથી ભૂંસાઈ ન જાય એવા પાકા રંગથી લખાવ્યું. મારો વિચાર તો મારો આખો બાયોડેટા લખાવવાનો હતો. પણ મેં સંયમ રાખ્યો.

છત્રી પર નામ-સરનામું લખવાનો ઉપાય ખરેખર કારગત નીવડ્યો. છત્રી લીધાના વીસેક દિવસ પછી મને રાજકોટથી પત્ર મળ્યો. અમદાવાદ-રાજકોટની મુસાફરી દરમિયાન પોતાની છત્રીને બદલે ભૂલથી મારી છત્રી આવી ગયાનો એકરાર એ પત્રમાં હતો. ક્ષમાયાચના કરી હતી ને એમની છત્રી મારી પાસે ન આવી હોય તોપણ મારી છત્રી લઈ જવા ઘટતું કરવા જણાવ્યું હતું. આ દિવસોમાં વરસાદ નહોતો એટલે મારી છત્રી ખોવાઈ છે એની ખબર મને આ પત્ર મળ્યો ત્યારે જ પડી ! જે માણસ પોતાની



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

છત્રી સાચવી ન શક્યો એ માણસ બીજાની છત્રી સાચવીને લઈ આવ્યો હોય એવી પત્રલેખકની શ્રદ્ધા ચોક્કસ વધુ પડતી હતી. મેં પત્ર લખીને આ સજ્જનનો આભાર માન્યો અને એમની છત્રી મારી પાસે ન હોવાનું જણાવી દિલગીરી વ્યક્ત કરી અને મારી છત્રી મેળવી લેવા ઘટતું કરવાનું વચન આપ્યું.

રાજકોટ રૂબરૂ જઈને પત્રમાં આપેલા સરનામેથી છત્રી મેળવી લેવા સિવાય છત્રી પાછી મેળવવાનો બીજો કોઈ ઉપાય સૂઝ્યો નહિ. આ ઉપાય મારા સિવાય સૌને નકામો લાગ્યો.

રાજકોટ જવા-આવવાના બસભાડાના ઓછામાં ઓછા બસો પચાસ રૂપિયા થાય. બીજો વધારાનો ખર્ચ ગણીએ - રિક્ષાભાડા-ચા-પાણી-નાસ્તો વગેર - તો ત્રણસો-સાડાત્રણસો રૂપિયા થઈ જાય. એટલે રાજકોટ છત્રી લેવા જવાનું વ્યવહારુ ન કહેવાય, કદાચ મૂર્ખાઈભર્યું કહેવાય એવો સૌનો મત હતો. પણ હું મક્કમ રહ્યો. આમાં પૈસાનો પ્રશ્ન નહોતો. પોતાની છત્રી ગઈ હોવા છતાં બીજા માણસની છત્રી એને પરત કરવાની એમની ભાવના અને પ્રામાણિકતાની કદર કરવાનો પ્રશ્ન હતો. પણ આવી સૂક્ષ્મ રીતે આ જગતમાં કેટલા લોકો વિચારે છે ! બધાં ભલે ગમે તે કહે, પણ છત્રી લેવા રાજકોટ તો શું રશિયા જવું પડે તોપણ જવું જોઈએ એવો મારો દૃઢ મત હતો.

રાજકોટ ગયો. છત્રી પાછી મેળવી. પેલા સજ્જનનો આભાર માન્યો. વળતી બસમાં અમદાવાદ પાછો આવ્યો... પણ... પણ.... અમદાવાદ ઊતરતી વખતે બસમાં છત્રી ભૂલી ગયો ! ઘરે ગયા પછી સૌએ પૂછ્યું ત્યારે જ યાદ આવ્યું. તરત પાછો બસની ઑફિસે ગયો. પણ કોઈએ છત્રી જમા કરાવી નહોતી. રિક્ષાભાડાના જવાઆવવાના બીજા એંશી રૂપિયા થયા.

પછીના દિવસે છત્રીના સ્ટોરમાં જઈ મેં છત્રી માગી. દુકાનદારે સ્મિત કર્યું. મેં પણ સામું સ્મિત કર્યું.

## ટિપ્પણ

**મોસમ** - ઋતુ **ગ્રાહક** - ખરીદનાર **ટકાઉ** - ટકી રહે તેવું, મજબૂત **ફાંફાં મારવા** - નકામા પ્રયત્ન કરવા **આચરણ** - અમલ **સાનિધ્ય** - સમીપતા, નજીક **ચંચળ** - ડગમગતુ, ચાલાક **ઓછાડ** - ઢાંકવા પાથરવાનું વસ્ત્ર, ચાદર **ચાતુર્માસ** - ચાર માસનો સમૂહ, ગુજરાતી મહિના પ્રમાણે અષાઢ, શ્રાવણ, ભાદરવો ને આસો આ ચાર માસનો સમૂહ **એકટાણું** - એક ટંક જમવું તે **કારગત નીવડ્યો** - સફળ નીવડ્યો **એકરાર** - કબૂલાત, હા પાડવી તે **ક્ષમાયાચના** - ક્ષમા માગવી **દિલગીરી** - નાખુશી **મક્કમ** - અડગ.

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. લેખકને કેવી છત્રી પસંદ પડી ?
2. દુકાનદારનું કયું સંબોધન લેખકને ગમ્યું ?
3. દુકાનદારના મત અનુસાર લેખકે શાનો ઉપાય શોધવો પડે ?
4. લેખકે કઈ બાબતનો વિક્રમ વારંવાર નોંધાવ્યો છે ?
5. લેખકને મળેલા પત્રમાં શું લખેલું હતું ?
6. છત્રી અંગે લેખકની દૃઢ માન્યતા શું હતી ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. દુકાનદારને જોતાં લેખક શા માટે ગભરાયા ?
2. છત્રીની ખરીદી કરવા વિશે લેખક દુકાનદારને શું કહે છે ?
3. ટાગોરની વાર્તામાંથી આપણને શો બોધપાઠ મળે છે ?
4. લેખકનો કયો ઉપાય છત્રીને બચાવવા માટે કારગત નિવડ્યો ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. છત્રી ખોવાઈ ન જાય તે માટે લેખકને મળેલી વિવિધ સલાહનું વર્ણન કરો.
2. રાજકોટ રૂબરૂ જઈને છત્રી પાછી મેળવવાનો ઉપાય લેખકને કેમ નિરર્થક લાગ્યો તે સ્પષ્ટ કરો.
3. રૂબરૂ જઈને છત્રી મેળવ્યા પછી શું બન્યું તે વર્ણવો.

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દ લખો.**

સાલ, ઉપાય, રાજા, ક્ષમા

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

શ્યામ, ટકાઉ, ખરીદી, ઉધાર, મુશ્કેલ

**પ્રશ્ન 6. સાચી જોડણી લખો.**

પરીસ્થિતી, દીલગિરી, ચર્તુમાસ

**આટલું કરો**

1. એકપાત્રીય અભિનય દ્વારા આ ગદ્યને પ્રાર્થનાસભામાં રજૂ કરો.
2. કશું ભૂલાઈ જવાને કારણે તમારા જીવનમાં બનેલા હાસ્યપ્રસંગો મિત્રોને કહો.
3. એક વાર્તાની જેમ આ ગદ્યને તમારા ભાઈ-બહેન સમક્ષ કહો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

વ્યાકરણ

## સંધિ - 1

### સંધિ

નીચેના શબ્દો વાંચો

સત્ય+આગ્રહ = સત્યાગ્રહ

મહા+આત્મા = મહાત્મા

વિદ્યા+અભ્યાસ = વિદ્યાભ્યાસ

સત્+ઉપયોગ = સદુપયોગ

હવે શોધી કાઢો કે આ ચાર સંધિમાં કઈ સંધિ જુદી છે ? હા, ચોથી સંધિ જુદી છે. પહેલી ત્રણ સંધિ વિશે તમે આગળના ધોરણમાં ભણ્યા. તેમાં સ્વર+સ્વર ભેગા મળીને નવો ધ્વનિ બનાવે છે. જ્યારે ચોથી સંધિમાં વ્યંજનસ્વર ભેગા મળીને નવો ધ્વનિ બનાવે છે.

હવે સમજાયું હશે કે જ્યારે સ્વર+સ્વર ભેગા મળી નવો ધ્વનિ બનાવે તે સ્વર સંધિ અને વ્યંજન +વ્યંજન કે વ્યંજન+સ્વર કે સ્વર+વ્યંજન ભેગા મળી નવો ધ્વનિ બનાવે તે વ્યંજન ધ્વનિ. આમ સંધિના બે પ્રકાર પાડવામાં આવે છે (i) સ્વર સંધિ અને (ii) વ્યંજન સંધિ. સ્વરસંધિ વિશે આપણે આગળના ધોરણમાં ભણીને આવ્યા. હવે વ્યંજન સંધિ વિશે જોઈશું.

બે શબ્દો એકબીજા સાથે જોડાતા પહેલા શબ્દના અંતનો સ્વર/વ્યંજન, બીજા શબ્દના આરંભના સ્વર/વ્યંજન સાથે જોડાય અને કોઈ નવો જ ધ્વનિ નિર્માણ થાય ત્યારે વ્યંજન સંધિ થઈ કહેવાય.

દા.ત. નિસ્+અંકુશ = નિરંકુશ.

**વ્યંજન સંધિના કેટલાક નિયમો**

1. પહેલા શબ્દના અંતમાં સ હોય અને બીજા શબ્દના આરંભમાં ક, ખ, પ, ફ, કે ટ હોય તો સ નો ષ સંભળાય છે.

દા.ત. ધનુસ્+કોટિ = ધનુષ્કોટિ

નિસ્+ફળ = નિષ્ફળ

ધનુસ્+ટંકાર = ધનુષ્ટંકાર

2. પહેલા શબ્દના અંતમાં સ હોય અને બીજા શબ્દના આરંભમાં આ, ઉ, ગ, જ, ભ, ઘ, બ જેવા વ્યંજનો હોય તો સ નો ર સંભળાય છે.

દાત. દુસ+આચાર = દુરાચાર

નિસ્+ભય = નિર્ભય

નિસ્+જન = નિર્જન

દુસ્+બળ = દુર્બળ

3. ર પછી ચ કે છ આવે તો શ સંભળાય છે. ક્યારેક ર નો વિસર્ગ અથવા ષ પણ સંભળાય છે.

દા.ત. અંતર+ચક્ષુ = અંતચક્ષુ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પુનર+ચ = પુનશ્ચ

અંતર+છિદ્ર = અંતછિદ્ર

4. ર પછી પ, ક, ફ આવે તો ષ સંભળાય છે.

દા.ત. ચતુર+પાદ = ચતુષ્પાદ

ચતુર+કોણ = ચતુષ્કોણ

ચતુર+ફલક = ચતુષ્ફલક

**નોંધ :**- પુનર્જીવન, પુનર્ઘટન, અન્તર્મુખ, અંતદ્વાર,અંતર્ગત, અંતધ્વનિ, પુર્નલગ્ન, ચતુવર્ણ વગેરેમાં ચતુર્વનો ચતુર થઈને જેમનો તેમ રહે છે.

હવે પછીના બીજા કેટલાક નિયમો આગળ જોઈશું.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 4. કરનાલની કન્યાનું વિરાટ કદમ

લતા હિરાણી
જન્મ : ઈ.સ. ૧૯૫૫



લતા ધીરજલાલ હિરાણીનો જન્મ મોરબીમાં થયો હતો. કારકિર્દીના આરંભે પુસ્તકાલયમાં ગ્રંથપાલ તરીકે સેવા આપી હતી. પછીથી ગુજરાતના વિવિધ દૈનિક પત્રોમાં નિયમિત કોલમ લેખન કરતાં રહ્યાં છે. આકાશવાણી, દૂરદર્શન પરથી કાર્યક્રમો પ્રસારિત થતા રહ્યાં છે 'ઘરથી દૂર ઘર', 'ઉજાસનું પ્રથમ કિરણ', 'વયંસિદ્ધાં' તેઓના જાણીતા પુસ્તકો છે. સાહિત્યના અનેક ઇનામ-પારિતોષિકોથી સન્માનિત થયા છે

'તમે જે કામ કરવા ઈચ્છો તે જરૂર કરો. કદાચ શક્તિ બહારનું લાગે તો પણ કરો જરૂર સિદ્ધિ મળશે જ.' આ ભારતની પ્રથમ મહિલા અવકાશયાત્રીનું વિધાન છે. જેમણે ૧૬ દિવસ અંતરિક્ષમાં વિતાવી. ૧ ફેબ્રુઆરી - ૨૦૦૩ના રોજ તીવ્ર ગતિથી પરત ફરી રહેલું કોલંબિયા યાન ધરતીથી ફક્ત ૧૬ મિનિટના અંતરે હતું અને આકાશમાં વીજળી ચમકી, એક વિસ્ફોટ થયો, આગ ભભૂકી અને બધું સમાપ્ત થઈ ગયું. કોલંબિયા યાન દુર્ઘટનાગ્રસ્ત થવાથી અમેરિકા, ભારત અને સમગ્ર વિશ્વ સ્તબ્ધ થઇ ગયું હતું. ભારતીય મૂળની અમેરિકાની નાગરિક કલ્પના ચાવલા સહિત સાત અંતરિક્ષયાત્રી હંમેશાના માટે અવકાશની દુનિયામાં ખોવાઈ ગયાં. હરિયાણા રાજ્યના કરનાલમાં જન્મેલી કલ્પના ચાવલા કન્યા અને મહિલાઓ માટે પ્રેરણાદાયી બની રહી. ભારતમાં ભણતર પૂરું કર્યા બાદ અમેરિકન એજન્સીમાં કામ કરનાર આ બીજી અંતરિક્ષયાત્રી હતી. અહીં પ્રસ્તુત એકમમાં જે વિગતો પસંદ કરવામાં આવી છે, સંઘર્ષ રજૂ કરવામાં આવ્યો છે. તે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી છે. ભાષા સરળ અને સહજતાથી સમજાય એવી છે.

આ ગદ્યસાહિત્યના સ્વરૂપમાં-જીવન ચરિત્ર-પ્રકારનું સાહિત્ય છે. ચરિત્ર સાહિત્ય એટલે માનવઆત્મા ના વિકાસનું વૃત્તાંત. જેમાં ખાસ કરી, હેતુ કે વિકાસલક્ષી માહિતી મેળવી, એકત્ર કરી તેનું વૈજ્ઞાનિક ચોક્કસાઈ, વિવેકબુદ્ધિ અને તટસ્થાથી સંપાદન થયેલું હોય છે. તેમાં મોટાભાગનો આધાર માહિતી પર રહેલો હોય છે. જીવંત કે હયાત વ્યક્તિ વિશે આવું ચરિત્ર લગભગ સર્જાતું નથી.

---

"તમે જે કામ કરવા ઇચ્છો તે જરૂર કરો. કદાચ શક્તિ બહારનું લાગે તો પણ કરો. જરૂર સિદ્ધિ મળશે જ."ભારતની પ્રથમ અવકાશયાત્રી બનવાનું ગૌરવ પ્રાપ્ત કરનાર ડૉ. કલ્પના ચાવલાનો ભારતની સ્ત્રીઓ માટેનો આ સંદેશો એમની જીવનશૈલીમાંથી જન્મેલો છે, જે નારી સમાજને કાર્યસિદ્ધિ માટે એક દિશા ચીંધી જાય છે.

ઈ.સ.૧૯૯૭ની ૧૯મી નવેમ્બરે મોડી રાત્રે યુ.એસ. શટલ કોલંબિયામાં કલ્પનાએ પોતાના પાંચ સહઅવકાશયાત્રીઓ સાથે ફ્લૉરિડાના કૅનેડી સ્પેસ સેન્ટર પરથી અવકાશનું ઉડ્ડયન કર્યું. વિશ્વપ્રસિદ્ધ 'નાસા' સંસ્થાનું આ ૮૮મું અભિયાન હતું. વૈજ્ઞાનિક સંશોધનનો હેતુ ધરાવતી સોળ દિવસની આ અવકાશયાત્રાનો હેતુ સૂર્યમાળાનો અભ્યાસ કરવા માટે સંશોધન કરવાનો હતો. અવકાશયાત્રીઓએ નિર્ધારિત કામગીરી બજાવીને ઈ.સ. ૧૯૯૭ની પાંચમી ડિસેમ્બરે સૂર્યોદય પછી કેપ કારનેવલ, ફ્લૉરિડા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ખાતે સ્પેસશટલમાં સફળ ઉતરાણ કર્યું અને આ ટીમમાંના એક એવા ડૉ. કલ્પના ચાવલાએ ભારતનાં પ્રથમ મહિલા અવકાશયાત્રી બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું.

★ ★ ★

ઈ.સ. ૧૯૬૧ની પહેલી જુલાઈએ હરિયાણાના કરનાલ ગામના વેપારી બનારસીલાલને ત્યાં કલ્પનાનો જન્મ થયો હતો. માતા સંયોજિતા છેલ્લા સંતાન તરીકે પુત્રની અપેક્ષા રાખતાં હતાં અને પુત્રીનો જન્મ થયો. જોકે પુત્ર કરતાં સવાઈ સિદ્ધિ મેળવનાર કલ્પનાએ પોતાનાં માતા-પિતાનાં મસ્તક ગૌરવથી ઉન્નત કરી દીધાં છે.

કલ્પનાના પરિવારમાં અત્યંત રૂઢિચુસ્ત વાતાવરણ હતું, અને કલ્પનાને ઍન્જિનિયરિંગમાં જવું હતું. એ સમયે બહુ ઓછી છોકરીઓ ઍન્જિનિયરિંગમાં અભ્યાસ કરતી. આથી કલ્પનાને ઘરમાંથી મંજૂરી મળશે કે કેમ તે વિશે શંકા હતી. માતાપિતાને માંડ માંડ સમજાવી તેણે ચંદીગઢની ઍન્જિનિયરિંગ કૉલેજમાં પ્રવેશ લીધો.

આખી કૉલેજમાં માત્ર સાત જ છોકરીઓ અભ્યાસ કરતી હતી. કલ્પનાએ એરોનૉટિક્સ ઍન્જિનિયરિંગ પસંદ કર્યું. એ વિષયનો અભ્યાસ કરનારી એ એકમાત્ર છોકરી હતી. આ વિષયના વિભાગીય વડાએ કલ્પાને મિકૅનિકલ કે ઇલેક્ટ્રિકલ શાખામાં અભ્યાસ કરવા ઘણી સમજાવી. એમના કહેવા મુજબ એરોનૉટિકલ ઍન્જિનિયરિંગ છોકરી માટે ખૂબ અઘરું હતું, પરંતુ કલ્પના પોતાના નિર્ણયમાં મક્કમ રહી. આખરે અધ્યાપકે કલ્પનાના નિર્ણયને સ્વીકાર્યો. એમને લાગ્યું કે આ છોકરી કંઈક નોખી માટીની છે. ધીમેધીમે કલ્પનાએ આ ક્ષેત્રમાં પોતાની ક્ષમતા બતાવી. એક સમય એવો આવ્યો કે એ અધ્યાપક બીજા વિદ્યાર્થીઓ સમક્ષ કલ્પનાની કુશળતા માટે ગૌરવ લેવા લાગ્યા.

કૉલેજના અભ્યાસકાળ સમયે કલ્પનાને વિમાની ઉડ્ડયન કરવાની તીવ્ર ઇચ્છા હતી. કલ્પનાના ભાઈએ જ્યારે ફ્લાઇંગ ક્લબમાં પ્રવેશ મેળવ્યો અને તે કલ્પના માટે પ્રવેશપત્ર ન લાવ્યો ત્યારે કલ્પના તેના પર ખૂબ જ ગુસ્સે થઈ ગઈ હતી. ભાઈ સંજયે કહી દીધું હતું, "તારી લડાઈ તું જાતે જ લડી લે" આ શબ્દો કલ્પનાએ સાચા ઠેરવાયા. એના ભાઈ તો એ પછી સંજોગોવશાત્ વ્યવસાયમાં ડૂબી ગયા પણ કલ્પનાએ પોતાની લડાઈ જાતે લડી બતાવી અને એમાં વિજેતા પણ નીવડી.

એરોનૉટિક્સ એન્જિનિયરિંગમાં સ્નાતક થયા પછી કલ્પનાએ યુનિવર્સિટી ઑફ ટેક્સાસમાં અનુસ્નાતક શિક્ષણ લીધું. ત્યારબાદ અમેરિકામાં કોલોરાડો જઈને પીએચ. ડી. કર્યું. એવામાં એણે 'નાસાની' એક જાહેરખબર જોઈ જેમાં અવકાશયાત્રા માટે યોગ્ય હોય એવી વ્યક્તિઓની અરજી મંગાવવામાં આવી હતી. આ માટે ત્રણ હજાર જેટલી અરજીઓ આવી. જેમાંથી યોગ્યતાના ધોરણે માત્ર ઓગણીસ ઉમેદવારો પસંદ થયા. કલ્પનાની વર્ષોની મહેનત ફળી અને આ ઓગણીસ ઉમેદવારોમાં તેની પસંદગી થઈ. આ વિષયની ટેક્નિકલ જાણકારી તો તેણે મેળવેલી હતી, પરંતુ જાણકારી મેળવવી અને ખરેખર અવકાશમાં જવું એ બંને તદ્દન જુદી વાત ગણાય. કલ્પનાનું સપનું હવે સાકાર થતું હતું. હવે તેની જિંદગીમાં આરંભાતો હતો રૂંવાડાં ખડાં કરી દે તેવો રોમાંચનો સમય.

અવકાશયાત્રી તરીકે પસંદગી પામ્યા પછી અવકાશમાં જતાં પહેલાંનો પંથ ઘણો લાંબો અને વિકટ હોય છે. ત્રણ વર્ષની આકરી તાલીમની કસોટીમાંથી પસાર થવું પડે છે, જેમાંની એક છે 'વૉટર સર્વાઇવલ ટ્રેનિંગ'. તાલીમાર્થીઓને પૅરાશૂટ સાથે બોટના ડેક ઉપરથી દરિયામાં નાખી દેવામાં આવે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પછી જ્યાં સુધી ફરીને બોટ લેવા ન આવે ત્યાં સુધી તાલીમાર્થીએ પાણીમાં બાથોડિયાં ભરવાનાં. ક્યારે લેવા આવશે એ ખબર ન હોય. અવકાશી પ્રયોગોમાં અકસ્માતોની શક્યતા ઘણી હોય છે. આથી સંભવિત અકસ્માતોની પૂર્વતૈયારી રૂપે આવી અનેક પ્રકારની તાલીમ તેમને અવકાશમાં જતાં પૂર્વે આપવામાં આવે છે. ગુરુત્વાકર્ષણરહિત વાતાવરણમાં પોતાની દિનચર્યા ગોઠવવાની તેમને તાલીમ લેવી પડે છે. આવી અનેક આકરી તાવણીમાં તપ્યા પછી જ અંતિમ મહોર લાગે અને અવકાશયાત્રી અવકાશમાં કદમ માંડી શકે.

અદમ્ય જુસ્સો અને અપૂર્વ સાહસ સાથે કલ્પનાએ બધી તાલીમ પૂરી કરી અને પ્રથમ મહિલા અવકાશયાત્રી બની ભારતને પૂરા વિશ્વમાં ગૌરવ અપાવ્યું.

૧ જાન્યુઆરી ૨૦૦૩ની યાત્રા કલ્પના ચાવલાની બીજી અવકાશયાત્રા હતી. કોઈને કલ્પના પણ નહોતી કે આ એની અંતિમયાત્રા બની રહેશે ! કોલંબિયા અવકાશયાન પર સવાર કલ્પના એની સાથેના બીજા છ અવકાશયાત્રીઓ સાથે સોળ દિવસની અવકાશયાત્રા પૂરી કરીને ૧૬ જાન્યુઆરીએ પરત થવાની હતી. આ દિવસ કલ્પના માટે કાળમુખા બનીને આવ્યો. અવકાશયાનને અકસ્માત નડ્યો અને કલ્પાનાની સાથે તમામ અવકાશયાત્રીઓ એમાં બળીને ભસ્મીભૂત થઈ ગયા. અવકાશ માટે જેના રોમેરોમમાં અત્યંત ઉત્સુકતા અને ઉત્તેજના ભરી હતી એ અવકાશમાં કણ-કણ થઈ વિખરાઈ ગઈ. મૃત્યુ પણ જાણે કલ્પનાથી એનું આકાશ છિનવવાની હિંમત કરી શક્યું નહીં. કલ્પનાની કહાની ભારતની યુવા પેઢી માટે પ્રેરણાનો ધોધ બની રહેશે.

## ટિપ્પણ

**મસ્તક** - માથું **રૂઢિચુસ્ત** - પરંપરામાં દઢપણે માનનારું, રૂઢીને વળગી રહેનાર **મક્કમ** - દઢ **નોખી માટીની** - બીજા કરતાં કંઈક જુદી **વ્યવસાય** - કામધંધો, ઉદ્યોગ **સ્નાતક** - ગ્રેજ્યુએટ (કૉલેજનો અભ્યાસ) **અનુસ્નાતક** - પોસ્ટ ગ્રેજ્યુએટ (સ્નાતકના ત્રણ વર્ષ પછીનો બે વર્ષનો અભ્યાસ) **પંથ** - રસ્તો, માર્ગ **વિકટ** - મુશ્કેલ **અંતિમ** - છેલ્લું **કદમ માંડવું** - ડગલું ભરવું, જે તે વસ્તુની શરૂઆત કરવી **જુસ્સો** - જનૂન

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. ભારતનાં પ્રથમ અવકાશયાત્રી બનવાનું શ્રેય કોના ફાળે જાય છે ?
2. 'નાસા'ની અવકાશયાત્રાનો મુખ્ય હેતુ શું હતો. ?
3. કલ્પના ચાવલાનો જન્મ કયા ગામમાં થયો હતો ?
4. કલ્પનાએ કૉલેજમાં કયો વિષય પસંદ કર્યો હતો ?
5. ભાઈના કયા શબ્દોને કલ્પનાએ સાચા ઠેરવ્યા ?
6. કલ્પના ચાવલા માટે કયો દિવસ કાળમુખો બની રહ્યો ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. કલ્પના ચાવલાએ શું સંદેશ આપ્યો હતો ?
2. વિભાગીય વડાએ કલ્પનાને શા માટે અન્ય શાખામાં અભ્યાસ કરવા સમજાવી ?
3. કલ્પના પોતાના ભાઈ પર શા માટે ગુસ્સે થઈ હતી ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**પ્રશ્ન 3. ટૂંકનોંધ લખો.**

1. કલ્પના ચાવલાનું પારિવારિક વાતાવરણ
2. કલ્પના ચાવલાનું શિક્ષણ
3. અવકાશયાત્રીઓને અપાતી તાલીમ

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દ લખો.**

સ્ત્રી, હેતુ, પંથ, કદમ, વિશ્વ

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

સૂર્યોદય, અંધારું, ઈચ્છા, પસંદ, ક્ષમતા

**પ્રશ્ન 6. સાચી જોડણી લખો.**

કામગીરી, રૂઢીચુસ્ત, પુર્વતૈયારી, ભસ્મિભૂત, નીર્ધારિત

**આટલું કરો**

1. તમારાં ભાઈ-બહેનને કલ્પના ચાવલાનો પરિચય આપો.
2. વિવિધ ક્ષેત્રમાં સૌ પ્રથમ પ્રદાન કરનારી મહિલાઓ વિશે જાણીને બુલેટીન બોર્ડ પર રજૂ કરો.
3. વર્ગખંડમાં વિજ્ઞાન શિક્ષકને બોલાવી ‘નાસા’, ‘સ્પેસશટલ’ વિશે જાણો.

●



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

વ્યાકરણ

## સંધિ-૨

આપણે આગળ વ્યજંન સંધિના કેટલાક નિયમો જોયા હવે બીજા નિયમો જોઈએ.

5. ત ને જો ક, પ, ત જેવા વ્યંજનો જોડાય તો ત કાયમ રહે છે.

દા.ત. સત્+તા = સત્તા
આપત્+કાલ = આપત્કાલ
જગત્+પિતા = જગતપિતા
તત્+કાળ = તત્કાળ

6. પણ ત સાથે જો અ, ગ, ભ જોડાય તો દ સંભળાય છે.

દા.ત. સત્+ગુરુ = સદ્ગુરુ
જગત્+ગુરુ = જગદ્ગુરુ
તત્+અનુસાર = તદ્નુસાર
સત્+ગુણ = સદ્ગુણ
સત્+ભાગ્ય = સદ્ભાગ્ય

7. ત સાથે જ જોડાય તો જ્જ સંભળાય છે.

દા.ત. સત્+જન = સજ્જન
જગત્+જનની = જગજ્જનની
ઉત્+જ્વલ = ઉજ્જ્વલ

8. ત પછી ચ તે ચ તરીકે સંભળાય છે.

દા.ત. સત્+ચરિત્ર = સચ્ચરિત્ર

9. ત ની સાથે લ આવે તો લ સંભળાય.

દા.ત. તત્+લીન = તલ્લીન

10. ત પછી ન આવે તો ન સંભળાય.

દા.ત. જગત્+નાથ = જગન્નાથ

### નીચેની સંધિ જોડો

| | |
|---|---|
| 1 વિવેક+આનન્દ | 2 કવિ+ઈશ્વર |
| 3 નિસ્+પક્ષ | 4 નિસ્+ભય |
| 5 આપદ્+કાલ | 6 જગત્+જનની |
| 7 નિસ્+રવ | 8 સત્+ભાવ |
| 9. તત્+કાલિન | 10. સત્+પિતા |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 5. નર્મદામૈયા



**રમણ સોની**

**જન્મ : ઈ.સ. ૧૯૪૬**

રમણ કાંતિલાલ સોનીનો જન્મ સાબરકાંઠા જિલ્લાના ચિત્રોડા ગામમાં થયો હતો. તેઓએ અધ્યાપન કાર્ય કરી નિવૃત્તિ લીધી છે. વિવેચન-સંપાદન પ્રવૃત્તિઓમાં તેમનો વિશેષ રસ રહ્યો છે. વિવેચનમાં કવિતાનું શિક્ષણ, ખબરદાર, ગુજરાતી વ્યાકરણ વિચાર, વિવેચન સંદર્ભ તેમજ સંપાદનમાં ગુજરાતી સાહિત્ય કોશ, નેપથ્યથી પ્રકાશ વર્તુળમાં, ગુજરાતી કવિતા ચયન, ચહેરા અને રસ્તો તેઓના જાણીતા પુસ્તકો છે. હાલ તેઓ વડોદરામાં નિવાસ કરે છે અને સાહિત્યિક સામયિક 'પ્રત્યક્ષ'માં સંપાદક તરીકે સેવા આપે છે.

નિબંધ એ ગદ્ય સાહિત્યનો એક પ્રકાર છે. આ કૃતિ પ્રવાસ વર્ણન સાથેનો એક નિબંધ પ્રકાર છે. વ્યવસ્થિત રીતે અને સુઘડ ભાષામાં કોઈપણ વિષયની માંડણી થઈ હોય તેવા લખાણને નિબંધ કહે છે. સુબુદ્ધ વિચાર સંકલન એ નિબંધનો પ્રાણ છે. નિબંધમાં વિગતો સીધેસીધી લખાય છે અને એ કલાની સુંદરતા સિદ્ધ કરી શકે છે. ગાંધી યુગમાં આપણો નિબંધ જીવંત અને સુંદર બનીને વ્યાપક રીતે વિસ્તર્યો. કાલેલકરની કલમે એનું રમ્ય કલારૂપ રચાયું. જેનો ત્યાર પછીના લેખકોએ વિવિધ સ્વરૂપે સુંદર વિકાસ કર્યો.

આ કૃતિમાં લેખકે લોકમાતા નર્મદાનો સરળ ભાષામાં સ-રસ પરિચય કરાવ્યો છે. આપણે ત્યાં નદીને લોકમાતાની ઉપમા આપવામાં આવી છે. જેથી નર્મદા લોકમાતા કહેવાય તે સ્વાભાવિક છે. પરંતુ નર્મદા એ માત્ર લોકમાતા જ નથી પણ ગુજરાતની જીવાદોરી છે. નર્મદા પર મોટો ડેમ બંધાયો, સરદાર સરોવર રચાયું. હાલ તેની ઊંચાઈ વધારાઈ રહી છે. આ મહાકાયને મહત્ત્વાકાંક્ષી યોજના દ્વારા ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં પાણીની સગવડ થઈ. હવે પીવાના પાણી સાથે ખેતીની પણ સમૃદ્ધિ સાથે આબાદી વધશે.
આ નર્મદા વિશેની વાત લેખકે આપણે પ્રવાસ માણતા હોઈએ એવી રસાળ શૈલીમાં કરી છે.
ચાલો, ત્યારે આજે એક નવી જ જાતનો પ્રવાસ કરીએ. મુસાફરી કેટલી લાંબી છે – ખબર છે ? લગભગ ૧૩૦૦ કિલોમીટર! તમને થશે – અરે ! કેટલી લાંબી ? ક્યારે પૂરી થાય, ને કેવા થાકી જવાય ! પણ આપણે પંખીની પાંખે ને પાણીના પ્રવાહે પ્રવાસ કરીશું-નહિ થાક લાગે, નહિ ખોટો સમય જાય ને મજા એટલી જ આવશે.

---

મનને તૈયાર રાખજો. આપણે શું છેક દૂર પહોંચી જઈએ છીએ. ગુજરાતની પૂર્વ બાજુએ શરૂ થાય છે મધ્યપ્રદેશ. આપણે જઈશું મધ્યપ્રદેશમાં પણ છેક પૂર્વ તરફ. ત્યાં માઈકલ નામનો પર્વત છે. એની તળેટીમાં એક વિશાળ સરોવર છે અમરકંટક. ત્યાંથી નીકળે છે આપણી નર્મદામૈયા. આકાશમાં ઊંચે ને ઊંચે જઈએ તો ભારત દેશના બે આડા ભાગ પાડતી એક ચળકતી ને સરકતી રેખા દેખાય એ જ નર્મદા. ઉપરનો ભાગ ઉત્તર ભારત ને નીચેનો ભાગ દક્ષિણ ભારત. વળી કંઈ કેટલાય કિલોમીટર સુધી તો નર્મદાની બંને બાજુ બે ઊંચા પર્વતો છે : ઉત્તરમાં વિંધ્ય ને દક્ષિણમાં સાતપુડા; ને વચ્ચે વહે છે ધસમસતી, ઊછળતી-કૂદતી નર્મદા.

તમને ખબર છે 'નર્મદા' નો અર્થ ? જે આપણને આનંદ એટલે કે નર્મ આપે તે નર્મ-દા. એના કિનારા પરની કુદરતી શોભા આપણને આનંદિત કરી મૂકે એવી છે. ઠેર ઠેર સુંદર વૃક્ષો ને સાથે સાથે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ચાલ્યા આવતા ઊંચા-નીચા પહાડો. ક્યાંક લીલોતરીવાળાં સુંદર ખુલ્લાં મેદાનો. નર્મદા ક્યાંક એકદમ શાંત; ક્યાંક દોડતી-કૂદતી—એટલે એને રેવા પણ કહે છે; રેવા એટલે કૂદનારી. ક્યાંક એ ધોધ બની જાય છે ને ક્યાંક પહોળા પટે ધીરગંભીર વહે છે. આવી સરસ નદી ! આપણા ઋષિમુનિઓ તો એને સુંદર કિનારે યાત્રા કરી એનાં વખાણ કરતાં થાક્યા જ નથી. તમે તમારાં દાદા-દાદીને આ સ્તોત્ર ગાતાં પણ સાંભળ્યાં હશે : ત્વદીય પાદપંકજં નમામિ દેવિ નર્મદે !

લો, આમ વાત કરતાં કરતાં આપણે જબલપુર પાસે ભેડાઘાટ આવી પહોંચ્યા. સુંદર જગા છે. આરસપાણના ઘેરા પીળા ખડકો વચ્ચે શાંત વહેતો પ્રવાહ. ચાંદની રાતે નૌકાવિહારની એવી તો મજા આવે ! ને આ જુઓ ! પર્વતો કેટલા નજીક આવી ગયા છે ! જાણે વાતે વળગ્યા ! આ જગાને બંદરકૂદ કહે છે. આ પર્વત પરથી સામેના પર્વત પર ને ત્યાંથી વળી પાછા આ પર્વત પર વાંદરા કૂદાકૂદ કર્યા કરે. વચ્ચે નદીમાતા જોયા કરે એ વાંદરાકૂદ. કહે છે કે જૂના જમાનામાં શૂરવીર સૈનિકો પોતાના ઘોડા પણ અહીંથી કુદાવી જતા.ને ત્યાં જુઓ : ૧૦૮ પગથિયાંવાળું ચોસઠ જોગણીનું ગૌરીશંકર મંદિર. આ નર્મદામૈયાને કિનારે મંદિરો કેટલાં બધાં ને ઠેર ઠેર !

હવે થોડા આગળ જઈશું ને ? નદીની સાથે સાથે પૂર્વથી પશ્ચિમ તરફ મુશળધારથી પણ વધારે વરસાદ પડે તેને શું કહીએ ? ધુંવાધાર વરસાદ. ધુંવા એટલે ધુમાડો ને ધાર એટલે પાણીની ધારા; આ ધુંવાધાર નામની જગાએ નર્મદા ધોધની જેમ પડે છે. ઊંચા પર્વત પરથી નીચે મોટી શિલાઓ પર પડે. આથી ફીણ ભરેલાં સફેદ પાણી ઊછળે. ને એનીય આસપાસ એટલાં બધાં ઝીણાં ઝીણાં બિન્દુઓ ઊડે કે જાણે ધુમાડો જ જોઈ લો ! કેટલું સુંદર દશ્ય ! તડકો હોય તો મેઘધનુષ પણ દેખાય; ને પાણી પડવાનો અવાજ તો સિંહની ગર્જના જેવો. આજુબાજુ ખુલ્લો પ્રદેશ. આગળ જતાં પ્રવાહ સહેજ ધીમો પડે. એમાં ચાલીએ તો ? ગોળ ગોળ નાના પથ્થરો પર પગ લપસતા જાય. મજા પડે. આ પથ્થર શંખજીરુના સફેદ સુંવાળા પથ્થર છે. થાય કે થોડા વીણી લઈએ ! હવે થોડીક ઝડપ કરીશું ને ? ઇટારસી-હોશંગાબાદ આગળ નર્મદાને કિનારે ત્રાંસા અણીદાર પથ્થરો છે. ધ્યાન રાખીને પગ મૂકવો પડે. પણ આપણે તો પંખીની આંખે ઊંચે ને પંખીની પાંખે ઝડપથી આગળ ચાલીએ.

વાહ ! હવે ગુજરાતમાં પ્રવેશી ગયો. ઘણે સુધી તો નર્મદા મધ્યપ્રદેશને ગુજરાતની સરહદે સરહદે ચાલે છે ને પછી ગુજરાતમાં પ્રવેશે છે. કેવડિયા નજીક ગોરા ગામે શૂલપાણેશ્વર મહાદેવના મંદિરને પ્રણામ કરી આગળ ચાલીએ. પેલું દેખાય ભરૂચ જિલ્લાનું નવાગામ. અહીં મોટો બંધ બંધાશે ને સરદાર સરોવર થઈ જશે. કેટલાં વર્ષોનું સ્વપ્ન ફળશે ! આખા ગુજરાતને સિંચાઈનું પાણી મળશે ને વિદ્યુતની સગવડ પણ. આમ થવાથી ગુજરાતની સુખાકારી ને સમૃદ્ધિ અનેક ગણી વધી જશે. બધું તૈયાર થઈ જશે પછી અહીં ફરીથી આવીશું. હમણાં તો રાજપીપળા-ચાંદોદના પહાડી જંગલને જોતાં જોતાં આગળ ચાલીએ.

જુઓ તો, નર્મદાએ અહીં બેટ બનાવી દીધો છે. બે બાજુ નર્મદા ને વચ્ચે કબીરવડ. અહીં નર્મદામૈયા શાંત છે. વર્ષોથી વડવાઈઓ ફેલાવી ફેલાવીને વડ અહીં વડદાદા બની ગયા છે. જાણે વડનું નાનું સરખું વન જોઈ લો. કવિ નર્મદે તો વળી ગાયેલું : 'ભૂરો ભાસ્યો ઝાંખો દૂરથી ધુમ્મસે પહાડ સરખો.' ધુમ્મસમાં જોયેલો એથી ભૂરો ને ઝાંખો પહાડ જેવો દેખાય છે. થાય છે કે અહીં રમવા રોકાઈ જઈએ. પણ વડદાદા આગળ શાંત ને આજ્ઞાંકિત નર્મદામૈયા આપણને લાડથી જાણે કહે છે : ''બહુ સમય થઈ ગયો છે, સ્નાન કરીને આગળ વધો. પણ જોજો હોં, જળ એ જીવન છે. આપણે જળને સાચવીશું તો જળ આપણને સાચવશે. ખરું ને ?''



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

તો આપણે ચાલીએ. બેટને સામે છેડે ; ઉપર, શુક્લતીર્થ આગળ. કુદરતનું એક બીજું સુંદર તીર્થ. અહીંથી આગળ ભરૂચ નજીક હવે નર્મદા સાગરને મળશે. દરેક નદી છેવટે સાગરને જ મળે ને ? કેટલું બધું કૂદતી અને દોડતી નર્મદા અહીં ધીમી પડે છે. પણ નર્મદા તે નર્મદા. બીજી નદીઓ જેટલી ધીમી તો પડે જ શાની ? સાગરમાંય દૂર સુધી પોતાનો ચીલો કરતી ધસે છે ને પછી તેમાં ભળી જાય છે.

આવી નર્મદા આપણી લોકમાતા છે. ગુજરાતની મોટી ને સુંદર નદી છે—આપણી આશા છે; જીવાદોરી છે.

તમને થાય છે ને કે મોટા થઈશું ત્યારે સગી આંખે ને થનગનતા પગે જાતે જ નર્મદાનો પ્રવાસ કરીશું?

## ટિપ્પણ

**પંખીની પાંખે ને પાણીના પ્રવાહે** - ઊંચેથી વહેતા પાણી પર નજર રાખીને **તળેટી** - પર્વતથી આજુબાજુનો નીચાણનો ભાગ **ધસમસતી** - ઘસારાબંધ વહેતી **ધોધ** - ઊંચેથી જોરથી પડતો પાણીનો પ્રવાહ, સ્રોત **પટ** - વિસ્તાર **ધીરગંભીર** - શાંત અને નિશ્ચયી **નમામિ દેવિ નર્મદે** - હે દેવિ નર્મદા મૈયા ! તારા ચરણકમળમાં હું નમન કરું છું **જબલપુર** - મધ્યપ્રદેશનું શહેર **નૌકાવિહાર** - હોડીમાં બેસીને ફરવું, સહેલગાહ કરવી તે **ધુંવાધાર** - ધુમાડા જેવી પાણીની ધાર **શિલા** - પથ્થર **ચોસઠ જોગણી** - ચોસઠયોગિની, ચોસઠ યોગી સ્ત્રીઓ, આપણે ત્યાં પુરાણોમાં જોગણીઓની સંખ્યા ચોસઠ છે એવી માન્યતા છે. **ગૌરીશંકર** - પાર્વતીમાતા અને શંકરભગવાન **ઠેર ઠેર** - ઠેકાણે ઠેકાણે, સ્થળે - સ્થળે **મુશળધાર** - મુશળ એટલે સાંબેલું, સાંબેલા જેવી જાડી ધારે પડતો વરસાદ **મેઘધનુષ** - ધનુષ્યના જેવા અર્ધગોળ આકારે સાતે રંગોમાં દેખાતું દૃશ્ય **સ્વપ્ન ફળશે** - ઇચ્છા પૂરી થશે **બેટ** - નદી કે દરિયામાં વચ્ચે ઉપસેલો જમીનનો ભાગ **ધુમ્મસ** - ઠંડીના કારણે વાતાવરણનું પાણી ઠરીને ધુમાડા જેવું થઈ હવામાં જામે તે **આજ્ઞાંકિત** - આજ્ઞા પ્રમાણે વર્તનારું, તાબેદાર **સુખાકારી** - સુખી હાલત **શુક્લતીર્થ** - નર્મદા કિનારે આવેલું પ્રાચીન તીર્થ સ્થાન **લોકમાતા** - લોકોનું ભરણપોષણ કરનાર, ઉછેરનાર માતા **ચીલો** - માર્ગ, રસ્તો **જીવાદોરી** - જીવનનો મુખ્ય આધાર **થનગનતા પગે** - જુસ્સાભેર, તાનભેર

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. માઈકાલ પર્વતની તળેટીમાં કયું સરોવર આવેલું છે ?
2. 'નર્મદા'નો અર્થ શું થાય ?
3. 'વાંદરાકૂદ' સ્થળની કઈ વિશેષતાનો લેખકે ઉલ્લેખ કર્યો છે ?
4. સરદાર સરોવર કયા સ્થળે આવેલું છે ?
5. કઈ જગાએ નર્મદામૈયા ખૂબ શાંત જોવા મળે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. નર્મદાને 'રેવા' તરીકે શા માટે ઓળખવામાં આવે છે ?
2. 'બંદરકૂદ' નામ કેવી રીતે પડ્યું ?
3. નર્મદા યોજનાથી ગુજરાતને કયા લાભો થશે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

4. કબીરવડ પાસે નર્મદા આપણને શું બોધ આપે છે ?
5. નર્મદાને કેમ લોકમાતા કહેવાય છે ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

1. ધુંવાધાર સ્થળે નર્મદાનું કેવું રૂપ જોવા મળે છે?
2. નર્મદામૈયાની પ્રવાસયાત્રા તમારા શબ્દોમાં આલેખો.

**પ્રશ્ન 4. નીચેના સ્થળો વિશે સાત-આઠ વાક્યો લખો.**

1. બન્દરકૂદ  2. ધુંવાધાર  3. કબીરવડ

**પ્રશ્ન 5. ઉદાહરણનો અભ્યાસ કરી તેના જેવા અન્ય શબ્દની રચના કરો, અર્થ લખો.**

1. નર્મ - નર્મદા - આનંદ આપનાર
2. સુખ -
3. વર
4. શુભ
5. કષ્ટ
6. પ્રેમ

**પ્રશ્ન 6. સમાનાર્થી શબ્દ લખો.**

પંખી, મહાદેવ, વન, સાગર

**પ્રશ્ન 7. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

શાંત, તળેટી, જૂનું, પૂર્વ

**પ્રશ્ન 8. સાચી જોડણી લખો.**

મૂસાફિર, કીલોમિટર, ઋષીમુની, શુરવીર, બીન્દુ

**આટલું કરો**

1. ગામ કે શહેરની આસપાસ વહેતી નદીના કિનારે પ્રવાસ કરી તેનું વર્ણન કરતો નિબંધ લખી શિક્ષકને બતાવો.
2. તમે જાતે જ નર્મદામૈયાનો પ્રવાસ કર્યો હોય તે રીતે આ નિબંધને વર્ગખંડમાં રજૂ કરો.
3. સામાજિક વિજ્ઞાન વિષયનો અભ્યાસ કરાવતા શિક્ષકને વર્ગખંડમાં બોલાવી નર્મદાયોજના વિશે જાણકારી મેળવો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## ક્રિયા વિશેષણ - ૧

### નીચેના વાક્યો વાંચો

| વિભાગ A | વિભાગ B |
|---|---|
| - આ **સુંદર** ઘર છે. | લેખક છત્રી **ઝડપથી** ખોઈ નાખતા. |
| - આ **સુંદર લાલ** ગુલાબ છે. | લેખક છત્રી લેવા **રાજકોટ** ગયા. |
| - લેખક **નવી** છત્રી ખરીદવા ગયા. | વળતી બસમાં **અમદાવાદ** પાછા આવ્યા. |
| - લેખકે **પાકા રંગથી** છત્રી પર નામ લખ્યું. | કેટલીક સલાહો મળ્યા પછી હું **પાંચ મિનિટમાં** જ ભૂલી જાઉં છું. |

ઉપરના A અને B વિભાગના વાક્યો ધ્યાનથી વાંચતા સમજાશે કે ઘાટા કરેલા શબ્દ કંઈક વિશેષ અર્થ પ્રગટ કરે છે. A વિભાગના વાક્યોમાં ઘાટા કરેલા શબ્દો કંઈક વિશેષ અર્થમાં વધારો કરે છે. જેને આપણે વિશેષણ કહીએ છીએ. આ વિશેષણ વિશે તો આપણે જાણીએ છીએ પણ B વિભાગના ઘાટા કરેલા શબ્દો નામના અર્થમાં વધારો કરતાં નથી. તો વિચારો કે તે શેના અર્થમાં વધારો કરે છે ? – ક્રિયાના અથવા ક્રિયાપદના.

જેમ વિશેષણ નામના અર્થમાં વધારો કરે છે તેમ ક્રિયાવિશેષણ ક્રિયાના અર્થમાં વધારો કરે છે. જુઓ પહેલા વાક્યમાં ખોઈ નાખવાની ક્રિયા થાય છે. તે ઝડપથી થાય છે તે ક્રિયાના અર્થમાં વધારો કરે છે. આ જ રીતે વિચારો તો ક્રમશઃ જવાની, ભૂલી જવાની, પાછા આવવાની ક્રિયાના અર્થમાં રાજકોટ, પાંચ મિનિટ, અમદાવાદ વિશેષ માહિતી આપે છે કે અર્થમાં વધારો કરી આપે છે એટલે કે ક્રિયાવિશેષણ બને છે.

ક્રિયાવિશેષણ તરીકે આવતાં પદો ક્રિયાપદના અર્થમાં જે પ્રકારના અર્થની વિશેષતા લાવે છે તેને આધારે તેના જુદા જુદા પ્રકાર પડે છે. પરંપરાથી ક્રિયાવિશેષણના નીચે પ્રમાણેના પ્રકારો પાડવામાં આવે છે.

### ૧ સ્થળવાચક ક્રિયાવિશેષણ :

જેમાં ક્રિયા થવાના સ્થળનો વિશેષ નિર્દેશ થતો હોય તેને સ્થળવાચક ક્રિયાવિશેષણ કહેવાય. (ક્રિયાનું સ્થળ દર્શાવે તે સ્થળવાચક ક્રિયાવિશેષણ.)

દા.ત. ૧ રમેશે ચોપડી **ટેબલ પર** મૂકી.

૨. વિદ્યાર્થીઓ **મેદાનમાં** રમે છે.

૩. તે આજે સવારે **મુંબઈ** ગયો.

અહીં ટેબલ પર, મેદાનમાં, મુંબઈ એ ક્રિયાના સ્થળને દર્શાવે છે માટે તે સ્થળવાચક ક્રિયાવિશેષણ બને છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**૨ સમયવાચક ક્રિયાવિશેષણ :**

જેમાં ક્રિયા થવાના સમયનો વિશેષ નિર્દેશ થતો હોય તેને સમયવાચક ક્રિયાવિશેષણ કહેવાય છે.

દા.ત. ૧ **ગયા ચોમાસામાં** લેખકે છત્રી ખોઈ નાખી.

૨ રીનાએ **પાંચ કલાક** વાંચ્યું.

૩ **તે દિવસે** લેખક છત્રી બસમાં જ ભૂલી ગયા.

અહીં ગયા ચોમાસામાં, પાંચ કલાક, તે દિવસે ક્રિયા થવાના સમયનો નિર્દેશ કરે છે. માટે તે સમયવાચક ક્રિયાવિશેષણ બને છે.

**૩ રીતવાચક ક્રિયાવિશેષણ :**

જેમાં ક્રિયા થવાની રીત દર્શાવવામાં આવી હોય તે રીતવાચક ક્રિયાવિશેષણ કહેવાય છે.

દા.ત. ૧ તે આજે ધીમે ધીમે દોડી.

૨ લેખક છત્રી લેવા ફટાફટ બસ સ્ટેન્ડ ગયા.

૩ રમેશે ધડામ દઈને બારણું બંધ કર્યું.

અહીં ધીમે ધીમે, ફટાફટ, ધડામ દઈને ક્રિયા થવાની રીત બતાવે છે. માટે તે રીતવાચક ક્રિયાવિશેષણ બને છે.


હવે પછીના બીજા ક્રિયાવિશેષણો આગળ જોઈશું.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 6. એ.પી.જે. અબ્દુલ કલામ



**જન્મ : ઈ.સ. ૧૯૩૧ મૃત્યુ : ઈ.સ. ૨૦૧૫**

ડૉ. એ.પી.જે કલામનો જન્મ તમિલનાડુના રામેશ્વરમાં થયો હતો. એક સામાન્ય પરિવારમાંથી આવીને તેઓએ દેશ માટે અસામાન્ય કાર્ય કરી બતાવ્યું છે. દેશના રાષ્ટ્રપતિ તરીકે ઉત્કૃષ્ઠ સેવા થકી લોકોના રાષ્ટ્રપતિ તરીકે તેમજ 'મીશાઈલ મેન ઑફ ઇન્ડિયા'ના હુલામણા નામથી ભારતીયોના હૈયામાં સ્થાન પામનાર ડૉ. કલામે ડિફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન-ડીઆરડી ઓ-માં તથા ઇન્ડિયન સ્પેસ રીસર્ચ ઑર્ગેનાઈઝેશનમાં ચાર દાયકા સુધી વૈજ્ઞાનિક તરીકે અનન્ય સેવાઓ આપી હતી. પોખરણ-૨માં પરમાણુ પરીક્ષણમાં અગત્યની કામગીરી બજાવી હતી. 'વિંગ્ઝ ઓફ ફાયર', 'ઇગ્નાઈટેડ માઈન્ડસ' વગેરે તેઓના મહત્ત્વના પુસ્તકો છે.

'અંગનપંખ' એ દેશના સર્વોચ્ચ સન્માન ભારતરત્નથી સન્માનિત ડૉ.એ.પી.જે કલામની બાયોગ્રાફી-આત્મકથા છે. કોઈ વ્યક્તિના પૂરા જીવનનો વ્યવસ્થિત ગદ્યમાં ચિતાર મળે તે આત્મકથા. તેમાં ટૂંકો પણ રસભર્યો સ્વરચિત ઈતિહાસ હોય છે. આ આત્મકથનાત્મક રીતે લખાયેલ, પોતે જ લખેલો હોય છે. આ હકીકતલક્ષી સાહિત્ય સ્વરૂપ છે. જેમાં જીવનની સાચી વાસ્તવિક હકીકતોનું વર્ણન હોય છે. જેથી ઐતિહાસિક દસ્તાવેજ બને છે. સત્યનું પ્રગટીકરણ એ આત્મકથાનું પાયાનું લક્ષણ છે. વ્યક્તિ પોતે જ પોતાના વિશે લખે તેમાં ભયસ્થાનો પણ રહેલાં હોય છે. ગાંધીજીની 'સત્યના પ્રયોગો અથવા મારી આત્મકથા' વિશ્વ પ્રસિદ્ધ આત્મકથા છે.

આત્મકથાઓના આ એક પ્રકરણમાં ડૉ. વિક્રમ સારાભાઈના ઉમદા ગુણ, વ્યક્તિત્વ, કાર્યશૈલી સાથેનો એક નાનકડો પ્રસંગ રજૂ કરવામાં આવ્યો છે. ડૉ. એ.પી.જે કલામને ડૉ. વિક્રમ સારાભાઈ મળવા માટે દિલ્હી બોલાવે છે. સમય સવારના ત્રણ કલાકનો આપવામાં આવ્યો હોય છે. ઠંડીનો સમય વળી ડૉ.એ.પી.જે કલામની પ્રકૃતિ દક્ષિણ ભારતના વાતાવરણમાં ઘડાયેલી જેથી દિલ્હીમાં પ્રતિકૂળ લાગે. આમ છતાં હોટલમાં સોફા પર બેસે છે. બિઝનેસ મેનેજમેન્ટનું એક પુસ્તક હાથમાં આવે છે, પાના ફેરવે છે. તેમાંના જ્યૉર્જ બર્નાર્ડ શોના સુંદર અવતરણો વાંચન માટે લલચાવે છે. મુલાકાતને હજુ બે કલાકની વાર હતી ત્યાં એક વ્યક્તિ આવીને સામે સોફા પર બેસે છે. તે મજબૂત, સ્વસ્થ શરીર, બૌદ્ધિક આંખો તથા સંસ્કૃત હાવભાવ વાળી હતી. આવા વિચિત્ર સમયે પણ તે સજાગ અને ઉત્સાહથી ભરપૂર દેખાતી હતી. આમ સરળ અને સહજતાથી લખાયેલું આ પ્રકરણ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી નીવડે તેવું છે.

---

પ્રા. સારાભાઈ વાસ્તવવાદી હતા. તે કદી પોતાની નિરાશા પણ ન છુપાવતા. તે હંમેશા અમારી સાથે નિખાલસતા તથા તટસ્થતાથી ચર્ચા કરતા. ઘણી વાર હું જોતો કે તે ઘટનાઓને તે હોય તે કરતાં વધુ વિધાયક અભિગમથી જોતા. પછી પોતાની સમજાવટની જાદુઈ શક્તિથી અમને સમજાવી લેતા. જ્યારે અમે ડ્રોઈંગ બૉર્ડ પાસે ઊભા હોઈએ ત્યારે, ક્યારેક, તે પશ્ચિમના વિકસિત જગતમાંથી કોઈને ટૅક્નિકલ સહકાર માટે તેડી લાવતા. અમારામાંની શક્તિઓને ખેંચવા - પડકારવાની તેમની આ રીત હતી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સાથે સાથે, જો અમે કોઈ ધ્યેય સિદ્ધ કરવામાં નિષ્ફળ જતા, ત્યારે પણ અમે જે કંઈ કરી શક્યા તેની પ્રશંસા કરતા. જ્યારે અમારામાંથી કોઈ પોતામાં જે બાબતની કુશળતા ન હોય તે કામ કરવાનો પ્રયાસ કરે અને પ્રા. સારાભાઈને ન સમજાય તેવી રીતે વર્તે, તો પ્રા. સારાભાઈ કામની એવી રીતે પુનર્રચના કરતા, જેથી કામનો બોજો ઘટી જાય અને સારી રીતે કામ કરવાનો અવકાશ મળે. ૧૯૬૭ની ૨૦મી નવેમ્બરે ટી.ઇ.આર.એલ.થી પ્રથણ 'રોહિણી-૭૫' રૉકેટ છોડવામાં આવ્યું ત્યાં સુધી તો અમે બધા ઘરેડમાં ગોઠવાઈ ગયા હતા.

પછીના વર્ષની શરૂઆતમાં પ્રા. સારાભાઈએ મને તાકીદે દિલ્હી મળવા બોલાવ્યો. હવે તો હું પ્રા. સારાભાઈની કામ કરવાની પદ્ધતિથી ટેવાઈ ગયો હતો. તે હંમેશાં ઉત્સાહ અને આશાથી છલકાતા હોય. આવી માનસિક સ્થિતિમાં આંતરપ્રેરણાના ઝબકારા આવે તે ખૂબ સહજ છે. દિલ્હી પહોંચી સવારે ત્રણ વાગ્યે હોટેલ અશોકમાં મળવા આવવાનું કહેવામાં આવ્યું. દિલ્હી મારા માટે થોડું અપરિચિત શહેર હતું. વળી, મારા જેવા દક્ષિણ ભારતની ગરમ અને ભેજવાળી હવાથી ટેવાયેલા માટે અહીંનું હવામાન પણ પ્રતિકૂળ હતું. તેથી રાતનું ભોજન પતાવ્યા પછી હોટેલમાં જ રાહ જોવાનું મેં નક્કી કર્યું.

હું એ અર્થમાં ધાર્મિક વ્યક્તિ રહ્યો છું કે મેં હંમેશા ખુદા સાથે કામના સંદર્ભમાં ભાગીદારી રાખી છે. મને પૂરેપૂરો ખ્યાલ હતો કે શ્રેષ્ઠ કામ હંમેશા મારી પાસે હોય તે કરતાં વધારે કાર્યક્ષમતા માગતું હતું. તેથી મને હંમેશા સહાયની જરૂર રહેતી, જે માત્ર ખુદા જ આપી શકે. હું મારી શક્તિનો અંદાજ કાઢતો, પછી તેમાં પચાસ ટકાનો વધારો કરતો, ત્યાર બાદ ખુદાના હાથમાં મારી જાતને સોંપી દેતો. આ ભાગીદારીમાં મને જરૂર હોય તે બધી જ શક્તિ હું મેળવતો અને હકીકતે, ત્યારે હું તે શક્તિને મારા વ્યક્તિત્વમાં પ્રવેશતી અને વહેતી અનુભવી શક્તો. આજે હું પૂરા નિશ્ચય સાથે કહી શકું છું કે આપણાં ધ્યેયો સિદ્ધ કરવા અને સ્વપ્નો સાકાર કરવા ઈશ્વર આપણામાં જ આ શક્તિ સ્વરૂપે હાજર હોય છે.

અનુભૂતિના ઘણા વિવિધ પ્રકારો અને સ્તરો હોય છે, જે આ આંતરિક શક્તિને કાર્યાન્વિત કરી શકે છે. ક્યારેક જ્યારે આપણે બરાબર તૈયાર હોઈએ છીએ, ત્યારે ઈશ્વર સાથેનો હળવો સંપર્ક આ આપણને આંતરપ્રજ્ઞા અને દર્શનથી ભરી દે છે. આ સંપર્ક કોઈ વ્યક્તિ, શબ્દ, પ્રશ્ન, હાવભાવ કે માત્ર દૃષ્ટિથી પણ થઈ શકતો હોય છે. ઘણી વાર તે કોઈ પુસ્તક, વાતચીત, કોઈ ફકરો, અરે ! કવિતાની એક લીટી કે કોઈ ચિત્રનાં દર્શનમાત્રથી પણ આવે છે. કોઇ પણ પૂર્વચેતવણી વિના કશુંક અજાણ્યું - નવું તમારા જીવનમાં ટપકી પડે છે અને એક રહસ્યમય નિર્ણય લેવાય છે, એવો નિર્ણય જેના વિશે, શરૂઆતમાં આપણે તદ્દન અજ્ઞાત હોઈએ છીએ.

મેં હોટેલની ભભકાદાર લૉજમાં આસપાસ નજર ફેરવી. કોઈ બાજુના સોફા પર એક પુસ્તક ભૂલી ગયું હતું. કડકડતી ઠંડીવાળી રાત્રીને ઉષ્માભર્યા વિચારોથી ભરવાના ઈરાદે મેં તે પુસ્તક હાથમાં લીધું અને પાનાં ફેરવવા લાગ્યો. થોડાં ઘણાં પાનાં આમતેમ મેં ફેરવ્યાં હશે, જેમાં શું હતું તે આજે કશું યાદ નથી.

એ કોઈ બિઝનેસ મૅનેજમેન્ટ વિશેનું લોકપ્રિય પુસ્તક હતું. ખરેખર હું તે વાંચતો ન હતો, પણ તેના ફકરાઓ પર ઉપરછલ્લી નજર કરી અને પાનાં જ ફેરવતો હતો. અચાનક પુસ્તકના એક લખાણ પર મારી નજર પડી. તે જ્યૉર્જ બર્નાર્ડ શોનું અવતરણ હતું. અવતરણનો સાર એ હતો કે બધા બુદ્ધિશાળી લોકો જગતને અનુકૂળ થઈને રહે છે. માત્ર થોડા બુદ્ધિશાળીઓ, ન મનાય તેમ, જગતને



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પોતાને અનુકૂળ કરવા સતત પ્રયાસ કરતા હોય છે. સમગ્ર જગતની પ્રગતિનો આધાર આ અતાર્કિક લોકો અને તેમનાં નૂતન અને પરંપરાભંજક કાર્યો પર હોય છે.

મેં બર્નાર્ડ શૉના આ અવતરણથી આગળ પુસ્તકને વાંચવું શરૂ કર્યું. લેખક ઉદ્યોગ અને વેપારમાં નવીનીકરણની પ્રક્રિયા અને સંકલ્પનાની આસપાસ ગૂંથાયેલ કેટલીક માન્યતાઓ સમજાવતા હતા. મેં વ્યૂહાત્મક આયોજનની માન્યતા વિશે વાંચ્યું. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે પાયાનું વ્યૂહાત્મક અને ટૅકનોલૉજિકલ આયોજન ખૂબ જ પ્રોજેક્ટ મૅનેજરે અચોક્કસતા અને અસ્પષ્ટતામાં જીવવાનું શીખવાનું છે. તે કહેતા હતા કે ગણતરી કર્યાથી આર્થિક સફળતા મળે છે માત્ર ખ્યાલ જ છે ! આ દાખલાને સમજાવવા જનરલ જ્યૉર્જ પેટનનું એક અવતરણ ટાંક્યું હતું કે – આવતા અઠવાડિયે સંપૂર્ણ તૈયારી કરીને અમલમાં આવનાર યોજના કરતાં આજે સારી, પણ ઝડપથી અમલમાં મુકાતી યોજના વધુ સારી છે. એ પણ માન્યતા છે કે મોટા વિજય માટે વિસ્તારની જરૂર છે ! મહત્તમની વાત કાગળ પર સારી લાગે છે, પણ વાસ્તવિક જગતમાં તે પછી ચાલતી નથી.

રાત્રે એક વાગ્યે હોટેલની લોબીમાં બે કલાક પછીની મુલાકાત માટે રાહ જોયા કરવી તે મારા કે પ્રા. સારાભાઈ માટે તાર્કિક બાબત ન હતી. પણ પ્રા. સારાભાઈ તો હંમેશાં પોતાના વ્યક્તિત્વમાંના પ્રબળ અણધાર્યા તત્ત્વને પ્રગટ કરતા. તે ઓછા લોકોની મદદથી, ખૂબ કામના બોજા તળે, દેશના અવકાશ સંશોધનના કાર્યક્રમને ચલાવતા હતા, અલબત્ત – ખૂબ જ સફળ રીતે.

અચાનક મારું ધ્યાન ગયું અને જોયું તો એક બીજી વ્યક્તિ ત્યાં આવી અને મારી સામેના સોફા પર બેઠી. તે મજબૂત સ્વસ્થ શરીર, બૌદ્ધિક આંખો તથા સંસ્કૃત હાવભાવવાળી હતી. હું જેમ હંમેશા અવ્યવસ્થિત કપડાંમાં હોઉં છું, તેને બદલે આ વ્યક્તિએ તો સરસ અને સુઘડ વસ્ત્રો પહેર્યાં હતાં. આવા વિચિત્ર સમયે પણ તે સજાગ અને ઉત્સાહથી ભરપૂર દેખાતી હતી.

આ વ્યક્તિમાં મને એક વિચિત્ર ખેંચાણનો અનુભવ થયો. પરિણામે હું જે સંશોધનના વિચારો કરતો હતો તે પાટા પરથી ઊતરી ગયા. હું પુસ્તકમાં પાછો પરોવાઉં તે પહેલાં મને પ્રા. સારાભાઈ પાસે જવાની સૂચના મળી. મેં પુસ્તકને સોફા પર પાછું મૂક્યું. મને નવાઈ એ વાતની લાગી કે મારી સામેના સોફાવાળા ભાઈને પણ અંદર આવવાનું કહેવામાં આવ્યું. તે હતા કોણ ? થોડા વખતમાં મારા પ્રશ્નનો જવાબ મળી ગયો. અમે બંને બેઠા ત્યાં તો પ્રા. સારાભાઈએ અમારો પરસ્પર પરિચય કરાવી દીધો. તે એર-હેડ ક્વાર્ટરમાંથી આવેલા ગ્રુપ કૅપ્ટન વી.એસ. નારાયણન્ હતા.

•

## ટિપ્પણ

**તેડી લાવવા** - બોલાવવા, આમંત્રણ આપવું **ઘરેડમાં ગોઠવાઈ જવું** - પદ્ધતિ પ્રમાણે અનુસરતા થઈ જવું **સહાય** - મદદ **અજાણ્યું** - જાણીતું ન હોય તેવું **ભભકાદાર** - આંજી દે તેવું **આશ્ચર્યકારક** - નવાઈ પમાડનારું **અભિપ્રાય** - મત **જગત** - દુનિયા **અણધાર્યા** - અચાનક **સજાગ** - જાગૃત



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. ડૉ. કલામની દૃષ્ટિએ પ્રા. સારાભાઈ કેવા હતા ?
2. 'રોહિણી-૭૫' રોકેટ ક્યારે અને ક્યાંથી છોડવામાં આવ્યું હતું ?
3. અબ્દુલ કલામ કયા અર્થમાં ધાર્મિક હતા ?
4. પ્રા. સારાભાઈ કયા ક્ષેત્ર સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવતા હતા ?
5. અબ્દુલ કલામની સામેના સોફા પર કોણ આવીને બેઠું હતું ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. પ્રા. સારાભાઈ કામની વહેંચણી કેવી રીતે કરતાં ?
2. અબ્દુલ કલામે બર્નાર્ડ શોનું કયું આવરણ વાંચ્યું ?
3. અબ્દુલ કલામે દિલ્હીની હોટલમાં કેવી રીતે સમય પસાર કર્યો ?

**પ્રશ્ન 3. પ્રા. સારાભાઈના વ્યક્તિત્વનો પરિચય લખો.**

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દ લખો.**

સહાય, ધ્યેય, પુસ્તક, રાત્રી, નૂતન

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

નિષ્ફળ, અપરિચિત, પ્રતિકૂળ, હાજર, અજાણ્યું, અજ્ઞાન

**પ્રશ્ન 6. સાચી જોડણી લખો.**

અનુકુળ, અઠવાડીયું, સંસ્કૃતી, વીચિત્ર

**આટલું કરો**

1. કોઈ વિજ્ઞાનીના જીવન વિશેની માહિતી એકઠી કરી, તેમના ફોટા સાથેનો ચાર્ટ બનાવો.
2. ડૉ. અબ્દુલ કલામ વિશે વધુ માહિતી તમારા શિક્ષક પાસેથી મેળવો.
3. ડૉ. અબ્દુલ કલામની આત્મકથા 'અગનપંખ' મેળવીને વાંચો.

●



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



## ક્રિયાવિશેષણ : ૨

આપણે આગળ ક્રિયાવિશેષણના કેટલાક પ્રકાર જોયા હવે બીજા પ્રકારો સમજીશું.

### ૪ હેતુવાચક અને કારણવાચક ક્રિયાવિશેષણ :

જેમાં ક્રિયાનો હેતુ અથવા તો ક્રિયા થવાનું કારણ દર્શાવે તેને હેતુવાચક કે કારણવાચક ક્રિયાવિશેષણ કહેવાય છે.

દા.ત. ૧ છત્રી ખરીદવા **માટે** દુકાને ગયા.

૨ લેખકની છત્રી ભૂલવાની ટેવને **કારણે** જુદા જુદા ઉપાયો સૂચવાયા.

સામાન્ય રીતે હેતુવાચક ક્રિયાવિશેષણ 'માટે', 'દ્વારા' અને કારણવાચક ક્રિયાવિશેષણ 'થી', 'લીધે', 'કારણે' વગેરે દ્વારા દર્શાવાય છે.

અહીં દુકાનમાં જવાનો હેતુ ખરીદવા માટેનો છે અને ઉપાયો સૂચવવાનું કારણ ભૂલવાની ટેવ છે. માટે આ હેતુવાચક અને કારણવાચક ક્રિયાવિશેષણો છે એમ કહેવાય.

### ૫ ક્રમવાચક ક્રિયાવિશેષણ :

જે ક્રિયા વિશેષણ ક્રમ દર્શાવે તેને ક્રમવાચક ક્રિયાવિશેષણ કહે છે.

જેમાં આગળ, પાછળ, પછી કે પહેલાં જેવો ક્રમ દર્શાવાતો હોય તેને ક્રમવાચક ક્રિયાવિશેષણ કહેવાય છે.

દા.ત. ૧ એરોનોટિકલ એન્જિનિયરિંગમાં છોકરીઓ માટે **આગળ** વધવું ખૂબ અઘરું હતું.

૨ કલ્પના ચાવલા માટે અવકાશમાં જતાં **પહેલાં**નો પંથ ઘણો લાંબો અને વિકટ હતો.

૩ **અગાઉ** અમે રાજસ્થાન આવેલાં છીએ.

અહીં આગળ, પહેલાં, અગાઉ ક્રમવાચક વિશેષણ બને છે.

### ૬ પ્રમાણવાચક ક્રિયાવિશેષણ :

જે ક્રિયાવિશેષણો પ્રમાણ બતાવતાં હોય તે પ્રમાણવાચક ક્રિયાવિશેષણ બને છે. નીચેના વાક્યો ધ્યાનથી વાંચો.

દા.ત. ૧ રમેશને મીઠાઈ **વધારે** ભાવે છે.

૨ કલ્પનાને વિમાન ઉડ્ડયન કરવાની **તીવ્ર** ઈચ્છા હતી.

૩ ભારતનાં પ્રથમ મહિલા અવકાશયાત્રી બનવાનું **ખૂબ** બહુમાન કલ્પના ચાવલાને મળ્યું.

અહીં વધારે, તીવ્ર, ખૂબ જેવા પદો પ્રમાણનો નિર્દેશ કરે છે. આવા પ્રમાણ દર્શાવતા પદો પ્રમાણવાચક ક્રિયાવિશેષણ તરીકે વપરાય છે. આવા પદો પ્રમાણ, માપ એટલે કે માત્રાનો અર્થ દર્શાવે છે.

### ૭ અભિગમવાચક ક્રિયાવિશેષણ :

વાક્યના ઉચ્ચારણ પાછળ વક્તા કે ભાષકનો અભિગમ કે દૃષ્ટિ પણ સૂચવાતાં હોય છે. અર્થની દૃષ્ટિએ એમાં વિવિધતા જોવા મળતી હોય છે. કેટલાકમાં સંભાવનાનો સંદર્ભ હોય તો કેટલાકમાં વક્તાની ક્રિયા તરફની દૃષ્ટિ, નિશ્ચય વગેરે પણ સંકળાયેલાં હોય, તો ક્યાંક એમાં પ્રશ્ન પણ હોય ત્યારે એ બધાંને અભિગમવાચક ક્રિયાવિશેષણના વિભાગમાં મૂકી શકાય.

અવશ્ય, કદાપિ, ક્વચિત, કદી, રખે, ભલે, છો, જાણે, બસ, જરૂર, બરાબર વગેરે જેવાં પદો આ પ્રકારના ક્રિયાવિશેષણો રૂપે વપરાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**નીચેના વાક્યો જુઓ.**

૧. મારું આ કામ તમારે **અવશ્ય** કરી આપવું પડશે.

૨. **ક્વચિત્** મારાથી આ થઈ શકશે.

૩. મારાથી આ **કદાપિ** નહિ થાય.

૪. **કદાચ** અમે આ વેકેશનમાં ફરવા જઈશું.

૫. શિક્ષકનાં વચનો **અવશ્ય** યાદ રાખવા.

૬. શું તમે કરો છો તે **બરાબર** છે ?

૭. રખે કોઈ આંસુ જોઈ જાય એટલે છોકરીએ ઝડપથી આંખો લૂછી નાખી.

૮. તમે અમારા દોષ મનમાં **ના** ધરશો.

ઉપર્યુક્ત ઉદાહરણોમાં અવશ્ય, ક્વચિત, કદાપિ વગેરેમાં નિશ્ચયવાચક ક્રિયાવિશેષણનો અર્થ છે. કદાચ, રાખે વગેરેમાં સંભાવનાનો અર્થ છે. તો 'ના' માં નકારવાચક ક્રિયાવિશેષણનો અર્થ છે. બરાબર છે ? માં પ્રશ્નવાચક ક્રિયવિશેષણ છે.


આમ, ક્રિયાવિશેષણના અર્થોને આધારે વિભિન્ન પ્રકારના વિભાગો આપણે કરી શકીએ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 7. જુમો ભિસ્તી



**ધૂમકેતુ**

**જન્મ : ઈ.સ. ૧૮૯૨ મૃત્યુ : ઈ.સ. ૧૯૬૫**

'ધૂમકેતુ' એટલે ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી. જન્મ સૌરાષ્ટ્રના વીરપુરમાં. અમદાવાદમાં નિવાસ. ટૂંકીવાર્તા, નવલકથા, વિવેચન, નિબંધ, ચરિત્ર, નાટ્ય – એમ અનેક ગદ્યસ્વરૂપોમાં લેખન કાર્ય કરેલ છે. 'અવશેષ', 'વનછાયા', 'નિકુંજ', 'છેલ્લો ઝબકારો' વગેરે ચોવીસ જેટલા વાર્તાસંગ્રહો એમણે આપ્યા છે. ગુજરાતી ટૂંકીવાર્તાને કલાત્મક ઘાટ આપીને તેમણે એ સ્વરૂપની અનેક શક્યતાઓ દર્શાવી આપી છે. વિષયનું અપાર વૈવિધ્ય, આકર્ષક પાત્રનિરૂપણ, તાદૃશ વર્ણનો, ભાવનામય વાતાવરણ, કાવ્યમય ગદ્ય અને વાર્તાના અંતે વાચકના ચિત્તમાં વિચાર કે લાગણીનો તણખો જગવી જવાનું તેમનું કૌશલ – એમની ટૂંકી વાર્તાનાં મુખ્ય લક્ષણો છે. ટૂંકીવાર્તા ઉપરાંત એમણે ઐતિહાસિક-સામાજિક નવલકથાઓ પણ આપી છે. 'ચૌલાદેવી', 'આમ્રપાલી'. 'ધ્રુવદેવી', 'પરાજય', 'જીવનનાં ખંડેર' એ પ્રકારની ઉલ્લેખનીય કૃતિઓ છે.

માનવ અને પશુ વચ્ચેના ગાઢ પ્રેમને 'ધૂમકેતુ'એ આ વાર્તામાં વેધક રીતે રજૂ કર્યો છે. નાનપણથી ઉછેરીને પાળેલા પાડા વેણુ અને જુમા ભિસ્તીની દોસ્તીને લેખકે ઉત્કટ રીતે આલેખી છે. પાડાનો પગ રેલના પાટામાંથી કોઈ પણ રીતે ન નીકળી શક્યો ત્યારે જુમો પણ પાડા સાથે જ ધસી આવતી ગાડી નીચે ચગદાઈ જવા તૈયાર થયો, પણ પાડાએ પોતાનાં શિંગડાંથી જુમાને દૂર હડસેલી દીધો અને પોતે મોતને ભેટ્યો. વાર્તાકારે શોખીન શહેરીજનોએ જુમાને કશી મદદ ન કરી તેવા નિર્દેશ દ્વારા કહેવાતા ભદ્રવર્ગના માણસો પ્રત્યે ઠીક કટાક્ષ કર્યો છે. ટૂંકી વાર્તા એટલે 'તણખો' અથવા 'અનુભૂતિકણ' એવી એની વ્યાખ્યાને આ વાર્તાનું લાઘવ સમર્થિત કરે છે. વાર્તાલેખકની ગદ્યશૈલી ચિત્રાત્મક અને ઊર્મિસભર છે. વર્ણનો ચિત્રાત્મક ઊર્મિસભર છે. ભાષા પાત્ર પ્રમાણે લખી છે.

---

આણંદપુરના એ ખૂણામાં ઝૂંપડાં જેવાં માત્ર ત્રણ મકાનો પોતાના દેખાવથી આવતાં જતાંનું લક્ષ ખેંચી રહેતાં. જૂની ખોખડધજ આમલી ત્રણે મકાનોને ઢાંકતી, ચારે તરફ ગટની દુર્ગંધ છૂટતી અને ધૂળના ગોટા ઊડતા. પતરાનાં, પાટિયાનાં અને ગૂણિયાનાં, એમ અનેકરંગી થીંગડાં મારેલી ખડકી ખુલ્લી રહેતી. અંદર એક ફાટેલતૂટેલ સાદડી પર જુમો ભિસ્તી પોતાનો હોકો ગગડાવતો બેઠો હોય. જુમાએ સોના-રૂપાનાં વાસણથી માંડીને ઠીંકરાની ફૂટેલી હાંડલી સુધી બધા તડકાછાંયા જોઈ લીધા હતા. જન્મ્યો ત્યારે શ્રીમંત માબાપને ત્યાં એક હાથમાંથી બીજા હાથમાં ફર્યા કરતો. હજી એને સાંભરતું હશે કે પોતે દસ વર્ષનો થયો ત્યારે હાથી પર બેસીને પરણવા નીકળેલો. એ વખતે તેણે એક પાડો શોખની ખાતર પાળેલો. આજ અનેક રંગો જોયા પછી બંને જણા – વેણુ અને જુમો – સાથે રહેતા. વેણુ નામ વિચિત્ર હતું, પણ જ્યારે પૈસાની છોળ આંગણે રેલાતી ત્યારે જુમાને અનેક મિત્રો હતા; તેમાંથી કોઈક સાહિત્યરસિક હિંદુ મિત્રે પાડાને આવું કુમળું – વેણુ જેવું નામ આપી દીધેલું. પછી તો એ ચાલ્યું. જુમો લક્ષાધિપતિ હતો; ભિખારી બની ગયો. વળી ચડ્યો, પાછો પડ્યો અને આજે છેવટ આ ત્રણ તૂટેલાં ઝૂંપડાંમાં એનો બધો સામાન સચવાઈ રહેતો. એકમાં વેણુ બંધાતો; વચ્ચે બારણું હતું તેમાંથી શેઠ ને નોકર આખો દિવસ એકબીજાની સામે જોઈને બેસી



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

રહેતા; અને ત્રીજા ઝૂંપડામાં ઘાસ ભરાતું. અનેક મિત્રો આવ્યા, ગયા, મળ્યા અને ટળ્યા – માત્ર જુમો અને વેણુ બાળપણથી જ આજ સુધી અખંડ રહ્યા હતા.

આજ હવે વેણુની પીઠ ઉપર મોટીમોટી મશક ભરીને જુમો સવારના પાંચ વાગ્યામાં નીકળતો. વેણુની ઘંટડી ધીમે વાગતી હોય ને પાછળ જુમો એકાદ ગઝલ કે ગીત લલકારતો ચાલ્યો જતો હોય. બારણેબારણે પાણી ભરી દીધા પછી શેઠ ને નોકર બંને પાછા વળતા. જુમાએ એક પૈસાનાં ગાજર કે બહુ તો ટમેટાં કે ભાજી પોતાના શાક માટે અને બથ ભરીને ગદબ–જેને વેણુ પાછળથી ખાતો આવતો હોય – પાડા માટે લીધાં હોય. બસ, આ હંમેશની ખરીદી. આ જીવનને આટલું કામ. એથી વધુ ક્યારેય કરવું નહિ, કોઈ વધુ કામ આપે તો લેવું નહિ, ને ઘરાક હોય તેમાંથી ઘટે તો બીજાને ઘરાક થવા કહેવું નહિ. બપોરથી માંડીને છેક સાંજ સુધી જુમો હોકો ગગડાવ્યા કરતો અને તેના સંગીતમાં લીન થતો હોય તેમ, પેલો પાડો પણ માખીને ઉડાડવા કાન ફફડાવતો આંખ મીંચીને ઊંઘતો હોય કે જાગતો સૂતો હોય. શેઠ ને નોકર બપોરથી સાંજ સુધી સામસામે એકબીજને નિહાળ્યા કરતા !

છેક સાંજે બંને મિત્રો ફરવા નીકળતા અને નદીનાં કાંઠી સુધી જઈ પાછા વળતા. વખતે સવારે કામ થોડું હોય તો સવારે પણ નીકળી પડતા.

એક દિવસ સવારે પાંચ વાગ્યે આ પ્રમાણે બંને ફરવા નીકળ્યા. જુમાને વિચાર હતો કે પાડો થોડુંઘણું ચરે તો સારું; પણ વેણુને એમ લાગ્યું કે એમ બહાર ખાતાં ફરવું એ ગૃહસ્થાઈનાં લક્ષણ નહિ ! એટલે જુમો ખવડાવવાનું કરે તોપણ પાડો રણકીને સામો ઊભો રહે અને ‘ના, નહિ ખાઉં’ એમ સ્પષ્ટ સંભળાવી દે !

અને જુમો થાક્યો : ‘ચલ ત્યારે, ઘેર જઈને ખાજે. તને પણ લાડ કરવાની ટેવ પડી છે !’

વિજય થયો હોય તેમ પાડો આનંદમાં રણક્યો, પોતાના પૂંછડાને બરડા પર પછાડ્યું ને જુમાની સામે જોઈ કાન ફફડાવીને ‘રણક’ કરતોક તે ચાલ્યો. જીતના આનંદમાં પહેલાં તો એ થોડુંક દોડ્યો.

‘જો ! જો ! હવે પાછો વાળું કે ? દોડવાનું છે ?’ જુમાએ મોટેથી ઠપકાની બૂમ પાડી, પણ તે પહેલાં વેણુ તો રસ્તે ચડી ગયો હતો. રસ્તામાં આડે રેલવેની સડક હતી. જરાક ઉતાવળે ચાલતાં, પાડાનો પગ રેલના બે પાટાની વચ્ચે આવી ગયો. પગને કાઢવા તેણે પ્રયત્ન કર્યો, પણ ફોગટ. ધબ દઈને નીચે બેસી ગયો, ને જેમ-જેમ પગ કાઢવા પ્રયત્ન કર્યો તેમતેમ વધારે ને વધારે ભરાતો ગયો. જુમો પાછળ હતો. તે શ્વાસભેર દોડ્યો. તેણે આવીને પાડાને પગ લઈ આમતેમ મચડ્યો. પણ બધું વ્યર્થ !

આછું અંધારું ને આછો ઉજાશ હતો. થોડે દૂર સિગ્નલનો હાથો નમેલો દેખાતો હતો. જુમાના પેટમાં ધ્રાસકો પડ્યો : ગાડી આવશે તો !

એ એકદમ રસ્તા તરફ દોડ્યો. સવારના વહેલા ફરવા નીકળેલા બે શોખીન જુવાનોને તેણે આવતા જોયા. તેમના એકેક હાથમાં નેતરની સોટીઓ ઊછળતી હતી અને ખુશનુમા હવા લેવા માથા પરથી ટોપીઓ ઉતારી બીજા હાથમાં લઈ લીધી હતી. ગાંડો દોટે તેમ જુમો દોડ્યો.

‘એ ભાઈસાબ ! મારો વે… મારો પાડો અબઘડી કપાઈ જશે. જુઓ, પણે જુઓ – પેલા પાટામાં સપડાયો છે !’

બંને જણાએ જુમાએ દેખાડયું ત્યાં જોયું. કાંઈક કાળુંકાળું તરફડતુ લાગ્યું.

‘શું છે ?’

‘મારા વેણુ–પાડો !’



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

'ઓહો !... જા, જા, ફાટકવાળા પાસે દોડ...'

'તમે માબાપ, ટેકો દો તો પગ નીકળી જાય, જીવ બચે.'

'અમે ? તું દોડ-દોડ-ફાટકવાળાને કહે !' એમ કહીને એ બંને જણા તો ચાલતા થઈ ગયા ! જુમો ફાટકવાળા તરફ દોડ્યો, પણ ઘરમાંથી આવતા ઘંટીના અવાજ સિવાય કોઈ માણસ ફરકતું લાગ્યું નહિ. એટલામાં છેટે ગાડીની સિસોટી સંભળાઈ. જુમાએ ચારે તરફ એક નિરાશ દૃષ્ટિ ફેંકી, પણ માણસનું કોઈ છૈયું સરખુંયે જણાયું નહિ. ઝપાટાબંધ સિગ્નલના થાંભલા તરફ દોડ્યો. સાંકળ ખેંચી. ઘંટીના અવાજમાં તેનો સાદ સંભળાય તેમ હતું નહિ ! તેણે જોરથી બારણામાં પાટું માર્યું.

'એ કોણ ?'

'એ ચાલો ! ભાઈ-બહેન ! સિગ્નલ ફેરવો : મારું જનાવર કચરાઈ જશે.'

'ઘરે કોઈ ભાઈમાણસ નથી !' — બસ, આટલા બેદરકાર જવાબની સાથે જ ઘંટી ફરીથી ગાજવા માંડી.

હવે ટ્રેનનો અવાજ પણ સ્પષ્ટ સંભળાવા લાગ્યો.

'દોડો ! દોડો !.. મારું જનાવર કપાય છે !' જુમાએ હતું તેટલું બળ કરીને ચીસ પાડી; પણ તેના કર્કશ પડઘા સિવાય શાંતિ જેવી હતી તેવી જ રહી !

જુમાએ આકાશ તરફ જોયું. છેલ્લો તારો આથમતો હતો. અજવાળું વધવાને બદલે ધુમ્મસ પથરાતું હતું. ગાડીનો અવાજ તદ્દન નજીક આવતો હતો. તેણે પોતાની લાકડી ફેંકી દીધી.

'યા પરવરદિગાર !' તેણે મોટેથી બૂમ પાડી.

એટલું બોલીને જુમો એકદમ દોડ્યો. વ્યર્થ મહેનત પછી વેણુ થાકીને હાંફતો પડ્યો હતો. તેની ગોદમાં તે ભરાઈ બેઠો. વેણુએ તેને શાંત રીતે ખંજવાળ્યા કર્યું.

'દોસ્ત ! ભાઈ ! વેણુ ! આપણે બંને સાથે છીએ હો !' અને એમ કહીને જુમો છેક તેના પગ પાસે પડ્યો.

દર પળે ટ્રેનના ધબકારા વધ્યા. સિસોટી પર સિસોટી થઈ. જોસબંધ ફરતાં પૈડાં સંભળાયાં. જુમો વેણુને ભેટી પડ્યો, પણ જેવી ગાડી છેક પાસે આવી કે તરત જ, પોતે બેભાન થાય તે પહેલાં વેણુએ માથું ઊંચક્યું અને પોતાના શેઠને બચાવવા, એક ઝપાટે માથું મારીને તેને પાટાથી દૂર ફેંકી દીધો !

વેણુ પર થઈને આખી ટ્રેન ચાલી ગઈ. તેના ધગધગતા લોહીના પ્રવાહથી જુમાનું કેડિયું ભીંજાઈ ગયું. તેને કળ વળીને બેઠો થયો, ત્યારે લોહીના ખાબોચિયામાં ઢંકાયેલા થોડા છૂટાછવાયા ભાગ સિવાય તેના પ્યારા મિત્ર વેણુનું કાંઈ પણ નામનિશાન રહ્યું ન હતું !

હજી પણ હંમેશાં જુમો સવારમાં જ એકલો, અશાંત એ રસ્તે ફૂલ લઈને આવતો દેખાય છે અને એના એક માનીતા પથ્થર પર ફૂલ મૂકીને 'વેણુ ! વેણુ !... વેણુ !...' એમ ત્રણ બૂમ પાડીને ચાલ્યો જાય છે !



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ટિપ્પણ

**લક્ષ** - ધ્યાન **તડકાછાંયા** - સુખદુ:ખ; ચડતીપડતી **પૈસાની છોળ રેલાતી ત્યારે** - નાણાંની રેલમછેલ હતી ત્યારે; અઢળક સમૃદ્ધિ હતી ત્યારે **મશક** - પાણી ભરવાનું ચામડાનું સાધન **ગદબ** - એક જાતની ઢોરને ખવડાવવામાં આવતી વનસ્પતિ **છૈયું** - છોકરું **કર્કશ** - કઠોર **કેડિયું** - કેડ સુધી પહોંચે તેવું, કસોવાળું ગ્રામીણ લોકોમાં વપરાતું સીવેલું વસ્ત્ર

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. પાડાને વેણુ નામ કોણે આપ્યું હતું ?
2. જુમો પોતાના અને વેણુ માટે શું ખરીદતો ?
3. વેણુને કેમ બહાર ખાતા ફરવું ગમતું નહીં ?
4. જુવાનીયાઓએ જુમાને શું જવાબ આપ્યો ?
5. જુમો કેમ વેણુના પગ પાસે બેસી ગયો.

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. જુમાનું બચપણ શી રીતે વીત્યું હતું ?
2. વેણુને બચાવવા જુમાએ શું શું કર્યું ?
3. મરતા વેણુએ જુમાને શી રીતે બચાવ્યો ?
4. વેણુના મૃત્યુ પછી જુમો શું કરતો દેખાય છે ?

**પ્રશ્ન 3. જુમા અને વેણુની દોસ્તીનું વર્ણન તમારા શબ્દોમાં કરો.**

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દો લખો.**

હાથી, લક્ષાધિપતિ, વિજય, ઉજાશ, સાદ

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

કાળુ, શાંતિ, નજીક, મહેનતું, મિત્ર

**પ્રશ્ન 6. સાચી જોડણી લખો.**

સીસોટી, ફૂલ, દ્રષ્ટિ, ભીખારિ, થિગડૂં

**આટલું કરો**

1. પાલતું પ્રાણી અને માલિક વચ્ચેની દોસ્તીનો કિસ્સો લખો.
2. કોઈ પ્રાણીએ માણસની મદદ કરી હોય તેના વિશે વર્ગખંડમાં કહો.

●



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## વ્યાકરણ

# સંયોજક - ૧

### સંયોજક

નીચેના વાક્યો ધ્યાનથી વાંચો. આ વાક્યોમાં બે કે તેથી વધુ વાક્યો એકબીજા સાથે જોડાયેલા છે.

૧. આટલી લાંબી મુસાફરી ક્યારે પૂરી થાય ને કેવા થાકી જવાય !

૨. નર્મદા ક્યાંક ધોધ બની જાય ને ક્યાંક પહોળા પટે ધીરગંભીર વહે છે.

૩. થાય છે કે અહીં રમવા રોકાઈ જઈએ.

૪. જ્યારે મોટા થઈશું ત્યારે સગી આંખે ને થનગનતા પગે જાતે જ નર્મદાનો પ્રવાસ કરીશું.

૫. ખરેખર હું તે વાંચતો ન હતો પણ તેના ફકરાઓ પર ઉપરછલ્લી નજર કરી અને પાનાં જ ફેરવતો હતો.

તમે શોધી શકો છો કે ઉપરના વાક્યોમાં કેટલાક શબ્દો-પદો, વાક્યોને જોડવાની કામગીરી કરે છે. ને, કે, જ્યારે... ત્યારે, પણ, અને આવા પદો બે વાક્યોને જોડે છે.

આમ, વાક્યોને એકબીજા સાથે જોડવાની સાંકળવાની કડીરૂપ કામગીરી કરનારા ભાષાઘટકોને સંયોજકો કહેવામાં આવે છે. અને, પણ, છતાં, અથવા, જો.. તો, જ્યારે... ત્યારે, એટલે, તેથી, માટે વગેરે ભાષા ઘટકો સંયોજકો તરીકે વપરાય છે.

### સંયોજકના પ્રકાર

#### ૧ સમુચ્ચયવાચક સંયોજક :

સમુચ્ચયવાચક એટલે સરવાળો અથવા એકની સાથે બીજાનો ઉમેરો. એક વાક્ય સાથે બીજાનો ઉમેરો થતો હોય ત્યારે આ પ્રકારના સંયોજક વપરાય છે. આ પ્રકારના સંયોજકમાં અને, ને, તથા, તેમજ, વગેરે જેવાં સંયોજકોનો સમાવેશ થાય છે.

દા.ત. હું પુસ્તકના ફકરાઓ પર ઉપરછલ્લી નજર કરી અને પાનાં ફેરવતો હતો.

અહીં પુસ્તકના ફકરાઓ પર નજર ફેરવવાની ક્રિયા સાથે પાના ફેરવવાની ક્રિયાનું ઉમેરણ થયું છે. એટલે આવા વાક્યોને જોડવા માટે સમુચ્ચવાચક સંયોજકનો ઉપયોગ થાય છે.

#### ૨ વિરોધવાચક સંયોજક :

જે વાક્યોમાં વિરોધી પરિસ્થિતિ સૂચવાઈ હોય તેવા વાક્યોને જોડવાની કામગીરી વિરોધવાચક સંયોજક કરે છે. આ પ્રકારના સંયોજકોમાં છતાં, પરંતુ, પણ, તો પણ, તેમ છતાં વગેરે સંયોજકોનો સમાવેશ થાય છે.

દા.ત. તેણે આમંત્રણ સ્વીકાર્યું છતાં આવ્યો નહીં.

અહીં આમંત્રણ સ્વીકારે તેમ છતાં આવતો નથી. એક ક્રિયા થઈ તેનાથી તદ્દન વિરોધ પરિસ્થિતિ થઈ. આવી વિરોધી પરિસ્થિતિ દર્શાવતા વાક્યોને જોડવાનું કામ વિરોધવાચક સંયોજક કરે છે.

#### ૩ વિકલ્પવાચક સંયોજક :

જ્યારે બે પદ કે વાક્યો વચ્ચે વિકલ્પ સૂચવવામાં આવે, વિકલ્પ આપવામાં આવે ત્યારે વિકલ્પવાચક સંયોજકનો ઉપયોગ થાય છે. કે, અથવા, અગર વગેરે જેવા વિકલ્પવાચક સંયોજક છે.

દા.ત. તમને ક્રિકેટ રમવું ગમે કે ફૂટબોલ રમવું ગમે ?

- તમે ચા કે કૉફી પીશો ?

અહીં ચા કે કૉફી બે માંથી કોઈ એક વિકલ્પ પસંદ કરવાનો છે. વાક્યમાં આવા વિકલ્પ આપવામાં આવતા હોય ત્યારે વિકલ્પવાચક સંયોજકો વપરાય છે.


સંયોજકના બીજા પ્રકારો આપણે હવે પછી શીખીશું.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 8. ગોપાળબાપા



**મનુભાઈ પંચોલી**

**જન્મ : ઈ.સ. ૧૯૧૪ મૃત્યુ : ઈ.સ. ૨૦૦૦**

મનુભાઈ રાજારામ પંચોલી 'દર્શક'નો જન્મ વાંકાનેર પાસેના પંચશિયા ગામમાં થયો હતો. પાંચ ધોરણ સુધી શાળામાં અભ્યાસ કરી શકેલા સર્જકે સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. તેમની જીવનભાવના ઘડવામાં અને વિકસાવવામાં રાષ્ટ્રપિતા ગાંધીજીનો ફાળો રહ્યો છે. શિક્ષણ, સમાજજીવન, જાહેર રાજકારણમાં લોક હિતની પ્રવૃત્તિઓ ઉપરાંત સાહિત્યસર્જન એ દર્શકની પ્રિય પ્રવૃત્તિઓ રહી છે. નવલકથા, નાટક, ચિંતન, ચરિત્ર, વિવેચન, સંપાદન એમ અનેક ક્ષેત્રે લેખનકાર્ય કર્યું છે. તેઓને રાજ્ય અને દેશ કક્ષાએથી પુરસ્કાર મળ્યા છે.

'ઝેર તો પીધાં જાણી જાણી' નવલકથાનું એક પ્રકરણ નવલકથાખંડ છે. નવલકથાએ ગુજરાતી સાહિત્યનું આગવું સ્વરૂપ છે. નવલકથા એટલે વિસ્તારવાળો વાર્તારૂપ વૃત્તાંત. જેમાં અનેક બનાવો, જીવનખંડો હોય છે. તે વિસ્તાર પ્રચુર હોય છે. નવલકથા એટલે જીવનના વ્યાપક અનુભવો આસપાસના જગતની એક સળંગ કથા. જેમાં લેખક સઘળા તંતુ જોડી, રચી અને સળંગ કથાનું સર્જન કરે છે. નવલકથા એટલે અનેક કથાઓની એક કથા છે તેમાં ભાષા કર્મ, જીવન પ્રસંગો, સ્થળ-કાળ ભૂમિકા, રસમયતા, સંવાદ કલા અને પાત્રોનું મનોજગત પ્રમુખ ભૂમિકા ભજવે છે. વ્યાખ્યા કરવામાં આવે તો - 'આનંદ અથવા બોધ અથવા બેઉ પ્રાપ્ત થાય એવા પ્રયોજનથી રચાયેલી, જનસ્વભાવનું વર્ણન કરનાર... મનુષ્યનું કલ્પિત અને યથાતથ લિખિત ચિત્ર તે નવલકથા.'

આ કૃતિ 'ઝેર તો પીધાં જાણી જાણી' નવલકથામાંથી લેવામાં આવી છે. જેથી આ કૃતિને નવલકથાખંડ કહેવાય છે.

નવલકથાખંડમાં એક ચિરંજીવ પાત્ર ગોપાળ બાપાના વ્યક્તિત્વની છબી ઊપસી આવે છે. વાત એમ છે કે, પડવાને આઠેક દિવસની વાર હતી ત્યાં એક દિવસ ગોપાળ બાપાએ પરમાનંદદાસને બોલાવવા માણસ મોકલ્યો. પરમાનંદદાસને પોતાના દિવસ અનુભવની વાત કરે છે. પોતાને તેડવા ગોપાલાનંદ સ્વામી અને લાડુભટ્ટ આવ્યા હતા એમ કહ્યું. હજુ સત્યકામ આવ્યો ન હતો. તે પડવાના દિવસે આવી જવાનો હતો. તેથી પોતાને તેડવા આવેલા ગોપાલાનંદ સ્વામીને બીજના દિવસે આવવા કહ્યું. આટલી વાત થયા પછી બંને દેવાંશી વ્યક્તિઓ ધુમાડામાં ભળી ગઈ અને કંકુના પગલાં રહી ગયાં. પોતાને થયેલા આ અનુભવને છે સહન કરવું... જે સહન કરી શકતો નથી તે જીવી શકતો નથી. જીવતરના ઝેરથી આપણે ડરવાનું નથી... ગભરાવાનું નથી. આપણે તો હસ્તે મોઢે ગટગટાવવાનાં છે, અને ન્યાયની તુલા ઈશ્વરના હાથમાં સોંપવાની છે.

ગોપાળ બાપાના કેટલાક વ્યક્તિત્વ-અંશોનો પરિચય આ પ્રકરણમાં થાય છે. ગુજરાતી નવલકથા સાહિત્યની પાત્રસૃષ્ટિમાં આગવું સ્થાન પ્રાપ્ત કરનાર ગોપાળ બાપા મહાન કર્મવાદી હતા. ઈશ્વરના પરમ ભક્ત એવા એમને ઈશ્વરના પાર્ષદો તેડવા આવે છે. આ પાર્ષદોને, સત્યકામ નહીં આવ્યો હોવાથી તે આવ્યા પછી પડવાના દિવસે તેનું રોહિણી સાથે લગ્ન કરાવી બીજના દિવસે તેડવા આવવા વિનંતી કરે છે. મહાન આત્માને જ પોતાના મૃત્યુની અગાઉથી ખબર પડે. માગ્યા દિવસે મૃત્યુ મળે એ કંઈ જેવી તેવી સિદ્ધિ ન કહેવાય !



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પડવાને આઠેક દિવસની વાર હતી ત્યાં એક દિવસે પરમાણંદભાઈને વાડીએથી એક જણે આવીને કહ્યું :

'બાપા તમને બોલાવે છે.'

ગોપાળ બાપા એમને કોઈ દિવસ રાત સિવાય બોલાવતા નહિ. કારણ કે એમની નીચે કોઈ ડેપ્યુટી આ નાના સ્ટેશનમાં હતો નહિ. કાંઈક અકસ્માત થયો હશે એમ ધારીને એ ઉતાવળા - ઉતાવળા આવ્યા.

જોયું તો ઘરની પરસાળના જેર ઉપર પલાંઠી વાળીને ગોપાળ બાપા બેઠા હતા. પ્રસન્નતાથી જાણે એમનું મન ઊભરાઈ જતું હતું, ને એમનાં મોં ફરતું જાણે તેજોમંડળ રચાયું હતું.

'આવો દાસ !' એમણે જાણે સ્વપ્નમાં બોલતા હોય તેમ આવકાર આપ્યો, 'આજ તો ગોપાલાનંદ સ્વામી પધાર્યા હતા.'

પરમાણંદદાસ ચમક્યા. એને થયું – ગોપાળ બાપા આ શું બોલી રહ્યા છે ! સ્વસ્થ તો છે ને ? એ કાંઈ પૂછે તે પહેલાં ગોપાળ બાપાએ ઓરડા તરફ જોઈ કહ્યું :

'રોહિણી, તું પેલા માંદા વાછરડાને જોઈ આવ જોઈએ.' રોહિણી જતી હતી ત્યાં કહે : 'આજે દૂધ અહીં લાવવાનું નથી. નિશાળનાં છોકરાંઓને પાઈ દેવાનું છે.'

રોહિણી ગઈ એટલે બેસવા માટે સામેનો પાટલો ચીંધતાં કહે :

'આજે ઊઠીને નાહ્યો, ઘીનો દીવો કરી ધ્યાન કરવા બેસતો હતો ત્યાં જાણે ઘરમાં કોઈક આવ્યું. જોઉં તો બે જણા. ગેરુવા લૂગડાં, પગમાં પાવડીઓ, એક દૂબળા ને બીજા સ્થૂળકાય. બંનેના ચહેરા હસતા હતા.હસે પણ કેવું - દાસ, જાણે આપણે હમણાં ઓગળી જશું, ને શું નિર્મળતા ! શું પરમાણંદદાસ ચમક્યા.

'હું તો ઓળખું નહિ, એટલે કહે... અમે ગોપાલાનંદ ને લાડુભટ્ટ છીએ. શ્રીજી મહારાજે તમને તેડવા અમને મોકલ્યા છે.'

'વાહ પ્રભુ ! વાહ ! દયાધન !' પરમાણંદદાસ બોલી ઊઠ્યા.

મેં કહ્યું કે : 'ભૂલ થઈ હશે, તમને પરમાણંદદાસને બોલાવવા કહ્યું હશે. અમારામાં શ્રીજી મહારાજના ભક્ત તો એ છે.' પણ એ કહે : 'તમને જ સંભારે છે. તમારા પિતામહે શ્રીજી મહારાજની બહુ સેવા કરેલી ને તમેય સૌની સેવા કરો છો.' ત્યાર પછી વિશ્વાસ બેઠો. મેં કહ્યું : 'હું તો તૈયાર જ બેઠો છું. પણ મારો છોકરો ઝરિયા ગયો છે, ને પડવે એ આવવાનો છે,તો બીજને દિવસે આવજો. હું નાહીધોઈ આંહી જ બેસીશ.' 'ભલે.' કહેતાં એ તો જાણે ધોળા ધુમાડામાં ભળી ગયા. ઘડીક એ ઊભા હતા ત્યાં લાલ કંકુનાં પગલાં દેખાણાં. મારી આંખે જાણે બાવાં બાઝતાં હોય તેમ લાગ્યું. ને પછી તો પગલાં પણ અદશ્ય થઈ ગયાં. તરત તમને બોલાવવા માણસ મોકલ્યું. હવે શું સમજું, કહો ?'

પરમાણંદદાસ માથું નમાવી ગદ્ગદ કંઠે કહે : 'બાપા, તમે મહાભાગ્યશાળી છો.' પછી આંખનાં હર્ષાશ્રુ લૂછતાં કહે : 'તમે લૂલાંપાંગળાનું કાંઈ ઓછું કર્યું છે ? આ હળાહળ કળિયુગમાં ષડ્રિપુઓની કેદમાંથી ઘડીકે કોણ છૂટી શકે છે ?' પછી વળી આંસુ સારવા માંડ્યાં, તેને પરાણે રોકી કહે : 'તમે તો જશો પણ આહીં અમારું કોણ ?'

'અરે દાસ, આંહીને ત્યાં વળી શું ? 'રામ રાખે તેમ રહીએ' એમ કાલે જ ગાતા હતા ને !'

'પણ રામ પાસે રહેવાનો હુલાસ તો જુદો જ છે !'

'પણ તમને બોલાવ્યા હતા તે તો બીજા સારું. તમે ઝરિયા એક અરજન્ટ તાર કરી નાખો - સત્યકામને કે એ તરત જ આવે. હવે સાત દિવસ રહ્યા. નરસિંહ મહેતો સાચો પડ્યો.'



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

'શું ?'

'એણે દોઢ મહિના પહેલાં કહેલું કે બાપા, તમને બે મહિના પછી અમે નહિ ભાળીએ.'

'પણ આમનાં લગનનું શું ?'

'એટલે જ તાર કરું છું. પડવે એ કરાવીને જ બીજે જવું છે. હું તો છેલ્લી ઘડી સુધી —' પછી જાણે અજુગતું બોલાયું હોય તેમ અટકી ગયા ને હાથ જોડીને કહે, 'હું કોણ ! તારી જ ઇચ્છા પૂરી થાઓ નાથ ! અમારો અધિકાર તો પ્રયત્ન કરી તારી ઇચ્છાને જ સર્વોપરી ગણવાનો! પણ તમે હવે ઊઠો, ઝટ તાર રવાના કરો. મારેય રોહિણીને જરાક તૈયાર કરવી પડશે, નહિતર એ ઢીલી પડી જશે.'

પરમાણંદદાસ ઊઠ્યા.

પણ સત્યકામ વખતસર પડવેએ ન પહોંચી શક્યો. તે સાંજે ગોપાળ બાપાને ઝીણો તાવ આવ્યો, પણ એમણે સૂવાની ના પાડી. બેઠાંબેઠાં ભાગવત વાંચ્યા કર્યું. દી આથમવાને થોડી વાર હતી ત્યાં કાગળિયા લઈને ગામ તરફ નીકળ્યા. નરસિંહ મહેતો હાટમાં બેઠાંબેઠાં ગિરધરકૃત રામાયણ વાંચતા હતા એમણે બૂમ મારી :

'બે ઘડી પોરો ખાતા જાઓ.'

'આ સુરગને ત્યાં જઈ આવું.'

સુરગ ડેલીમાં બેઠોબેઠો નાડી ગૂંથતો હતો તે બાપાને જોઈ એકદમ ઊભો થયો.

'અહોહો ! મારું આંગણું આજ પાવન થયું !'

'બેસ, બેસ, એવી ભાટાઈ કાઠીથી ન થાય. કાઠી તો એક ઘા ને બે કટકા કરે.'

સુરગે હસીને કહ્યું : 'ના બાપા, તમારા આગળ કોઈ દી ખોટું ના બોલું.'

'સાચું કે' છે ?'

'ગળાના સમ.'

'ત્યારે કહો જોઈ, પરમ દિવસે રાત્રે ક્યાં ગયો' તો ?'

સરગ થોથવાઈ ગયો - 'એમાં તમારે શું જાણવું'તું ?' પછી કહે 'ભૂંડ ક્યાં જાય?'

'પણ સિંહ શીદ ને ઓખર કરવા જાય ? પણ જાવા દે, સુરગ, એ વાત આજ તો સુવાણે આવ્યો છું. કેટલાં ઢોર છે ?'

'એક ઘોડું ને ગાવડી રાખી છે.'

'ભેંસું ?'

'ભેસ્યું કાઢી નાખી.'

'શું કે'છ ? સાવ ? યાદ છે : હું આંહી નવોસવો આવ્યો ત્યારે તારી હારે કોક વાર પહર ચારવા આવતો ને આપણે ગામગપાટા મારતા ?'

'ગામગપાટા શેના ? ગનાનવારતા કે'વાત.'

'જ્ઞાનગપાટા, ચાલ ! એક વાર હું વહેલો ઘર તરફ ભેંસો ઘોળીને ચાલી નીકળ્યો ત્યારે તું કહે : 'લ્યો હાલ્યા ! આમ ડોબાં ચરાતાં હશે ? ડોબાને ચરવાટાણું થ્યું ત્યારે હાંક્યાં બડિયો મારીને ઘેર દીમનાં ? ભેંસને આંગળીએ અડાડાતી હશે ! રાખ્યાં ડોબાં !'

'હા, પણ ભેંસો એની મેળે હાલે તો જ હંકાય ને ! તો જ અધમણનાં દૂધ આપે, હો બાપા !'

'પણ તેં ઢોર શું કામ કાઢી નાખ્યા ? તારો ઢોરનો પ્રેમ આટલો બધો છતાં ?'



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

'વરસોવરસ બસો રૂપિયાની ખોટ જાતી'તી. કપાસિયાની કેવી મોંઘવારી થઈ ગઈ છે ? એ તો વાડીને લીલું ઘાસ હોય તો પરવડે.'

'તારી વાડી તો પોપટ સોનીના મંડાણમાં છે ને ?'

સુરગે હસીને કહ્યું : 'આ ઘર પણ મંડાણમાં છે.'

બાપા ઘડીક ગંભીર થઈ ગયા. 'સુરગ, ઓલમાંય દેણામાં હતો ને ચૂલામાંય દેણામાં : તો પછી ઓલો જ ઠીક હતો ને ?'

સુરગ કાંઈ ન બોલ્યો.

'જો સુરગ, મેં પોપટ પાસેથી તારી વાડી છોડાવી લીધી છે. આ રહ્યાં એનાં કાગળિયાં. ગાયો કે ભેંસો જોતી હોય તો મારે ત્યાંથી બેત્રણ હમણાં લઈ જા. ને ફરીથી ખેડ શરૂ કર. હું બે દિવસ પહેલા પહર ગ્યો'તો. હવે હું જાતો નથી, પણ સત્યકામ નથી એટલે એક દી ગ્યો' તો તે દી આપણી વાતો બહુ યાદ આવી. મને થ્યું કે તું પહર આવે તો પાછી મજા આવે.' સુરગે જાણે કંટાળીને કહ્યું : 'હવે હાડ ન હાલે બાપા !'

'શું કામ ન હાલે ? અત્યારે શું હાડ નથી હલાવતો ? તે દી રાત્રે ઓલ્યાં ગાડાં રોકી પૈસા લીધા તે કાંઈ પથારીમાં પડ્યા પડ્યા લીધા'તા ?'

'પણ બાપા, મારે ટેવ પડી ગઈ છે – થોડોક પીવાની'

'ખોટાં કામ કરવા સારુ એ પીવો પડે છે. બુદ્ધિને બેભાન બનાવ્યા વિના આત્મા કાળું કામ કરવામાં કેમ હા ભાણે ? પણ આ કામમાં એની જરૂર નહિ રહે. તે છૂટી જશે રે'તાં રે'તાં.'

'પણ બાપા, પછી તમારો ઠપકો નહિ આવે ને ?'

'ઠપકો ? બેઠો હઈશ ને અંતર બળશે તો આપીશ જ ને ? ઠપકો હું ન આપું તો કોણ આપે તને ?'

'સાચી વાત છે, તમે ઠપકો આપવા જોગ છો, પણ હિંમત હવે નથી હાલતી, મન તો ઘણુંય થાય છે.' પણ વળી સુરગ ટટાર થઈને કહે, 'ભલે બાપા, તમેય જોજો.' ગોપાળ બાપાએ એના હાથમાં દસ્તાવેજ મૂક્યો ને કહ્યું : 'પોપટ ની પાઈએ પાઈ ચૂકવી દીધી છે, વધારે જાણવું હોય તો નરસિંહ મહેતા પાસે વંચાવી લેજે.'

'તમને મારે શું વ્યાજ દેવાનું છે ?'

'પહર ચારવા જવાનું !' બાપાએ હસીને કહ્યું.

'ના બાપા, વે'વારે તો તમારે લેવું જોઈએ.'

'તુ વે'વારમાં આવ તો ખરો, પછી લઈશ. બસ.'

સુરગ કંઈ ન બોલ્યો, બાપા એના ખભે હાથ મૂકીને કહે : 'જો સુરગવાળા, ભક્તિ સાચે કે ખોટે ભાવે કરીએ તોય સાવ એળે નથી જતી. ખોટી કરતાં-કરતાં સાચી થઈ જાય છે. એના મંદિરમાં તો કાચબા ને ઉંદરડાંનેય સ્થાન છે, તો તારું સ્થાન ત્યાં ન હોય? ગભરાતો નહિ. હોશિયાર થઈ જા. ધૂળ ખંહેરી નાખ્ય ખરડાય છે તો સૌ - શંકર જેવા શંકર ભીલડીમાં નહોતા ખરડાયા ? ખરડાય એની શરમ નથી. આત્માને વીસરી જઈને ભૂંડડાંની જેમ લહેરથી આળોટ્યા કરીએ તેમાં નીચાજોણું છે. બેઠો થઈ જા, ધૂળ ખંહેરી નાખ્ય. પૃથ્વીના જીવ છીં ત્યાં સુધી માટીમાં જીવ તો જાવાનો, પણ એમાં માથું ડુબાડી દેવાય છે કાંઈ ?'

સુરગની આંખ ભીની થઈ ગઈ. અચાનક એ નીચો નમ્યો ને બાપાને પગે અડવા ગયો. 'રાખ્ય રાખ્ય, મને ભોંઠપ આપ્ય મા !' કહી બાપા બહાર નીકળી ગયા.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ટિપ્પણ

**પડવાને** - (અહીં) મહિનાનો પ્રથમ દિવસ **પરસાળ** - ઘરનો આગલો ખંડ **જેર** - ઉંમરો **મન ઊભરાઈ જવું** - મન આનંદિત થઈ જવું **તેજોમંડળ** - તેજનું કુંડાળું **ગેરુવા** - ભગવો **લૂગડાં** - કપડાં **પાવડી** - પાદુકા, ચાખડી **નિર્મળતા** - પવિત્રતા **વિશ્વાસ** - ભરોસો, ખાતરી **અદૃશ્ય** - દેખાય નહીં તેવું **ગદ્‌ગદ્ કંઠે ગળગળું** - ગળગળા **હર્ષાશ્રુ** - હર્ષના આંસુ **ષડ્‌રિપુ** - મનુષ્યના છ આંતર શત્રુઓ (કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર) **અજુગતું** - અયોગ્ય, અઘટિત **સર્વોપરી** - સર્વના ઉપરી **આથમવાને** - પૂરો થવાને **હાટમાં** - દુકાનમાં **પોરો** - થાક, વિરામ **પાવન** - પવિત્ર **ઓખર કરવા** - ગંદવાડ કરવો **ભાટાઈ** - ખુશામત **સુવાણ** - આરામ **ગનાનવારતા** - જ્ઞાનની વાતો, જ્ઞાનની વાર્તા **હાડ ન હાલે** - શરીર ન ચાલે, કામ ન થાય **ઠપકો** - દોષ બદલ ધમકાવવું, વઢવું

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. ગોપાળબાપા કોને બોલાવે છે ?
2. ગોપાળબાપા રોહિણીને શું આદેશ આપે છે ?
3. ગોપાળબાપાને તેડવા માટે કોણ આવ્યું હતું ?
4. નરસિંહ મહેતાની કઈ વાત સાચી પડી હતી ?
5. ગોપાળબાપાની દૃષ્ટિએ કઈ બાબત નીચાજોણું કરાવે તેવી છે ?
6. અંતે ગોપાળબાપા સુરગને શું કહે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. ગોપાળબાપા પરમાણંદભાઈને શા માટે બોલાવે છે ?
2. ગોપાળબાપાને દૈવીદાસો પર ક્યારે વિશ્વાસ બેઠો ?
3. સુરગે ઢોર શા માટે વેચી નાખ્યાં હતાં ?
4. મદ્યપાન અંગે ગોપાળબાપાનું દૃષ્ટિબિંદુ જણાવો.

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

1. ગોપાળબાપાને થયેલો દિવ્યાનુભવ વર્ણવો.
2. ગોપાળબાપા-સુરગ વચ્ચેનો સંવાદ રજૂ કરો.

**પ્રશ્ન 4. નીચેના વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે કહો.**

1. 'આજ તો ગોપાલાનંદ સ્વામી પધાર્યા હતા.'
2. 'શ્રીજી મહારાજે તમને તેડવા અમને મોકલ્યા છે.'
3. 'બાપા, તમે મહાભાગ્યશાળી છો.'
4. 'બે ઘડી પોરો ખાતા જાઓ.'
5. 'એકઘોડું ને બે ગાવડી રાખી છે'
6. 'રાખ્ય, રાખ્ય, મને ભોંઠપ આપ્ય મા !'



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**પ્રશ્ન 5. રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો.**

૧. ધોળા ધુમાડામાં ભળી જવું.૨. આંખે બાવા બાઝવાં

**પ્રશ્ન 6. સમાનાર્થી શબ્દ લખો.**

ચહેરો, પાવન, અંતર, શરમ, રાત્રી

**પ્રશ્ન 7. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

વિશ્વાસ, માંદુ, ધ્યાન, ગામ, મોંઘવારી

**આટલું કરો**

1. આધ્યાત્મિક દષ્ટિએ નામના ધરાવતી વ્યક્તિ સાથે મુલાકાત કરો.
2. દેવસ્થાનમાં રહેતા આધ્યાત્મિક વ્યક્તિની મુલાકાત લઈ તેમનું ધર્મપ્રત્યેનું ચિંતન જાણો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**વ્યાકરણ**

## સંયોજક - ૨

**૪ પરિણામવાચક સંયોજક :**

જ્યારે એક વાક્યનું પરિણામ કે કાર્ય બીજા વાક્યમાં સૂચવાયું હોય આવા વાક્યોને જોડવાની કામગીરી કરતાં સંયોજકોને પરિણામવાચક સંયોજક કહે છે. આમ, તેથી, એથી, એટલે, માટે, એટલે કે વગેરે જેવા સંયોજકો પરિણામવાચક સંયોજકો છે.

દા.ત. તમે જમવામાં ઉતાવળ કરી એટલે મહેમાને પણ જમવામાં ઉતાવળ કરી.

અહીં એક ક્રિયાનું પરિણામ બીજા વાક્યમાં જોવા મળે છે. તમે જમવામાં કરેલી ઉતાવળ ને પરિણામે મહેમાને પણ ઉતાવળ કરી છે, આમ એક વાક્યનું પરિણામ બીજા વાક્યમાં સૂચવાયું છે તેથી પરિણામવાચક સંયોજક બને છે.

**૫ પર્યાયવાચક સંયોજક :**

પર્યાયવાચી એટલે સમાનાર્થી. જે વાક્યોમાં કે પદોમાં સમાન અર્થ દર્શાવાયો હોય તેવા પદો કે વાક્યોને જોડવાની કામગીરી કરતાં સંયોજકો પર્યાયવાચક સંયોજક કહેવાય છે. એટલે કે અર્થાત્ વગેરે સંયોજકો પર્યાયવાચક સંયોજકો છે.

દા.ત. મેં વેંતિયા એટલે કે વેંત જેટલા નાના માણસોને જોયા નથી.

અહીં પહેલા વાક્યના વેંતિયા પદ(શબ્દ)નો પર્યાય આપ્યો છે. આવા પર્યાયને જોડવામાં આવ્યા હોવાથી પર્યાયવાચક સંયોજક બને છે.

**૬ કારણવાચક સંયોજક :**

જ્યારે પહેલા વાક્યની હકીકતનું કારણ બીજા વાક્યમાં રજૂ થતું હોય ત્યારે કારણવાચક સંયોજક વપરાય છે. કેમકે કારણ કે વગેરે કારણવાચક સંયોજકો છે.

દા.ત. તે જમી શક્યો નહીં કારણ કે બિમાર હતો.

અહીં પહેલા વાક્યની ક્રિયા 'જમી શક્યો નહીં'નું કારણ બિમારી છે. જે બીજા વાક્યમાં દર્શાવાયું છે. આવા કારણ દર્શાવતાા પદો કે શબ્દો કારણવાચક સંયોજક બને છે.

**૭ શરતવાચક સંયોજક :**

શરત અને સંભવિત હકીકત જોડે જે સંયોજકો વપરાય તેને શરતવાચક સંયોજકો કહે છે. જો... તો, જ્યારે... ત્યારે વગેરે શરતવાચક સંયોજકો છે.

દા.ત. જો મહેનત કરશો તો સફળ થશો.

અહીં સફળતાનો આધાર મહેનત પર છે. એક વાક્યમાં દર્શાવેલી પરિસ્થિતિ કે શરત જો પરિપૂર્ણ થાય તો બીજા વાક્યમાં દર્શાવેલી પરિસ્થિતિ ઊભી થાય. અહીં પણ મહેનતની શરત પરિપૂર્ણ થાય તો સફળતા મળે.

**નીચેના વાક્યોમાંથી સંયોજકો જુદા તારવો.**

૧ વૈષ્ણવજન પરદુ:ખે ઉપકાર કરે તેમ છતાં મનમાં અભિમાન કરતો નથી.
૨ ફંફોસ્યું સૌ ફરીફરી અને હાથ લાગ્યુંય ખાસ્સુ.
૩ કોઈને કલ્પના પણ ન હતી કે આ એની અંતિમયાત્રા બની રહેશે !
૪ જ્યારે આપણી ટેવો સુધરશે ત્યારે આપણે ખરા અર્થમાં શિક્ષિત બનીશું.
૫ નાખનાર તો વગર વિચારે રસ્તા પર છાલ નાંખી દે પણ તેનાથી કોઈને બાર માસનો ખાટલો આવે એટલો પણ ખ્યાલ નહીં રહેતો હોય ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 9. ફક્ત પંદર મિનિટ

વિભૂત શાહ

જન્મ : ઈ.સ. ૧૯૩૬



વિભૂત શાહનો જન્મ નડિયાદમાં થયો હતો. પુસ્તકાલયમાં ગ્રંથપાલ તરીકે વરસો સુધી સેવા આપી હતી. સાહિત્ય સર્જનમાં ખાસ કરી નવલકથા, નાટક, ટૂંકીવાર્તામાં ખેડાણ કરેલ છે. રેડિયો નાટકો લખ્યાં છે ને ગુજરાતી નાટકોમાં તેઓનો નોંધપાત્ર ફાળો રહ્યો છે. 'બંદિશ', 'ફ્લાવરવાઝ', 'અમાવસ્યા', 'અસંગતિ' વગેરે નોંધપાત્ર પુસ્તકો છે. વિવિધ સાહિત્યિક ઈનામ-પારિતોષિકથી સન્માનિત થયા છે.

ગુજરાતી સાહિત્યનાં બધાં સ્વરૂપોમાં નાટક વિશિષ્ટ પ્રકારનું સ્વરૂપ છે. તેમાં સર્જક, કલાકાર અને પ્રેક્ષક એમ ત્રણેય એકસૂત્રતામાં બંધાય છે. નાટકમાં તખ્તાલાયક, વાંચવાલાયક એમ અંક પ્રમાણેના હોય છે. રેડિયો નાટકો પણ હોય છે જે માત્ર સાંભળી શકાય છે. નાટકના મુખ્ય અંગોમાં સંવાદ, વાતાવરણ, વસ્તુ સંકલના, પાત્રાલેખન, સંઘર્ષ વગેરે હોય છે.

આ એક સાવ વિશિષ્ઠ અને નાવીન્યપૂર્ણ કથાવસ્તુ પ્રગટ કરતું નાટક છે. એક માણસ દરરોજ બસ સ્ટોપે રાહ જોતા મુસાફરોને પોતાની ગાડીમાં બેસાડી નિયત સ્થળે પહોંચાડે છે. તેમાં એક યુવા-દંપતિ મળે છે. તેને ઘરે લઈ આવે છે. ધાર્યા કરતાં પંદર મિનિટ બચી છે તેમાં આગતાસ્વાગતા કરે છે. સંવાદમાં પરિચય કેળવાય છે. ને છેલ્લે જે ચોટ, નાટકને સંવેદનશીલ અંત કે વળાંક આપવામાં આવે છે તેમાં કથાવસ્તુ અને નાટ્યકલાની પરાકાષ્ઠા પ્રગટ થાય છે.

---

રવિપ્રસાદ : આવો આવો, જુઓ મારો ડ્રોઈંગરૂમ અને ડાઈનિંગરૂમ બંને એકસાથ છે.. પણ હું તમારું નામ ભૂલી ગયો. શું કહ્યું હતું?

મૂકેશ : મૂકેશ.

રવિપ્રસાદ : મૂકેશ ! તો તો ગાતા પણ હશો. (હસે છે.)

મૂકેશ : (હસતાં હસતાં) બધા ગાય છે એવું ગાઉં છું, પણ મારા સિવાય કોઈ સાંભળતું નથી.

રવિપ્રસાદ : ને તમારું ?

યામિની : યામિની.

રવિપ્રસાદ : તો તો તમે પણ ડાન્સ તો કરતાં જ હશો ?

યામિની : ઓ...હ...નો નો....

મૂકેશ : કેમ નહિ ! સમૂહમાં ગરબા-નૃત્ય તો આવડે છે ને ?
(બધાં હસે છે.)

રવિપ્રસાદ : અચ્છા, મારું નામ રવિપ્રસાદ આચાર્ય.

મૂકેશ : આટલે સુધી આવ્યા પણ તમારું નામ પૂછતાં સંકોચ થતો હતો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

યામિની : પણ હવે 'નમસ્તે કરીએ'. (બધાં હસે છે.)

રવિપ્રસાદ : હા હા 'નમસ્તે' .... 'નમસ્તે', પણ જુઓ, મેં તમારા માટે આ ડાઇનિંગ ટેબલ ગોઠવીને તૈયાર જ રાખ્યું છે...ચાલો જલદી-જલદી ગોઠવાઈ જાઓ.... હા હા... આવો... તમે આમ આવો, તમે અહીં જ બેસો, ને તમે ત્યાં, બરાબર. ઓ.કે.! જુઓ આ ટામેટા-સૂપ છે, આ સેન્ડવિચ, આ કટલેસ, ને આ પીઝા પણ છે, આ થરમૉસમાં કોલ્ડ કૉફી-રૉક છે અને પેલા બાઉલમાં...

યામિની : આટલી બધી વાનગીઓ...!

મૂકેશ : જોતાં જ ધરાઈ જવાય એવું છે.

રવિપ્રસાદ : કાંઈ નહિ, તમને જે ભાવે તે લો... લો આ કાજુની બરફી. સરસ છે (યામિનીને) તમને મીઠાઈ તો ભાવે છે ને ?

રવિપ્રસાદ : (મૂકેશને) ને તમને ?

યામિની : થોડીક... થોડીક...

મૂકેશ : ખૂબ (બધાં હસે છે.)

યામિની : વાંધો ના હોય તો એક પ્રશ્ન પૂછું ?

રવિપ્રસાદ : હા, હા, પૂછો...જુઓ, કોઈ પણ વાતમાં કશો સંકોચ ના રાખશો. બધો ભાર હળવો કરી, બસ થોડી વાર ખુલ્લા મને બેસો, ખાઓ અને વાતો કરો.

યામિની : હું તો ખાલી એટલું જ જાણવા માગતી હતી કે આટલી બધી વાનગીઓ બનાવી છે, ટેબલ આટલું સરસ ગોઠવ્યું છે, ને મોટો બંગલો છે તો કોઈ દેખાતું કેમ નથી ?... એટલે કે કોઈ નોકર-ચાકર, રામો-ઘાટી. કે....

રવિપ્રસાદ : તમે કહ્યું એ બધા જ છે, બચુ છે એ ઘર સાફ કરે છે અને મારાં કપડાં ધુએ છે. કાંતિ વાસણ સાફ કરે છે અને ભંવરમલ મહારાજ છે એ રસોઈ કરે છે. પણ બધા સહુસહુનું કામ કરીકરીને જતા રહે છે. કોઈનેય આખા દિવસ માટે હું ઘરમાં રાખતો નથી. એ મને ગમતું નથી.

મૂકેશ : પણ એ સિવાય બીજી રીતે પણ તમે અત્યારે એકલાજ છો ?

રવિપ્રસાદ : (મોટેથી) હા, અત્યારે હું એકલો જ છું... (મોટેથી) અરે, પણ તમે ખાવામાં આટલી ઉતાવળ શા માટે કરો છો ? (હસતાં હસતાં) આમેય તમારી પંદર મિનિટ પર તો મારો હક છે. મારી ગાડીમાં લિફ્ટ આપી મેં પંદર મિનિટ બચાવી છે અને તમે પંદર મિનિટ સાથે પસાર કરવાની હા પાડી છે કે નહિ ? બોલો, હા પાડી છે કે નહિ ?

મૂકેશ : પણ આચાર્યસાહેબ, અમે ક્યાં ના પાડીએ છીએ...(ઝડપથી બોલે છે.) લાવો હજુ બીજી વાનગીઓ હોય તોય ખાઈ જઈએ, આમેય તમે ઘણા માયાળુ અને હસમુખા તો છો જ, કોઈ પણ જાતની ઓળખાણ - પિછાણ વગર આટલા પ્રેમથી અત્યારે કોણ જમાડે છે!

યામિની : જાણે લાગતું જ નથી કે તમને હમણાં જ દસ-પંદર મિનિટ પહેલાં જ રસ્તામાં મળ્યા છીએ અને—



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

રવિપ્રસાદ : અરેબાબા, મારી વાત કરો છો પણ તમારી વાત તો કરો. તમારી પૂરી ઓળખાણ તો આપો. સૌથી પહેલાં મૂકેશભાઈ મને એ કહો કે તમે શું કરો છો, ક્યાં છો ?

મૂકેશ : નોકરી-બૅન્કમાં છે.

રવિપ્રસાદ : (યામિની) ને તમે ? નોકરી કરો છો ?

યામિની : ના...હા... નોકરી કરું છું. ઘરમાં... એમની.(હસે છે.)

મૂકેશ : બસ, હવે રહેવા દે. નોકરીમાં તો ખબર છે બૉસનું બધુંય કહ્યું કરવું પડે ?

રવિપ્રસાદ : એટલો તો લાભ ઘેર નોકરી કરે એટલે મળે જ ને ? અચ્છા, એ તો કહો કે તમે અભ્યાસ ક્યાં સુધી કર્યો છે ?

મૂકેશ : જુઓ સાહેબ, અભ્યાસ વિશે તમે કશું ના પૂછો તો સારું, કેમકે એકડિયામાં હતો ત્યારથી જ ભણવામાં હું ખૂબ જ નબળો હતો. કેમેય કરતાં એકડો આવડે નહિ, હજુય મને યાદ છે, પણ ગાડું હંકારે રાખ્યું. એમ કરતાં પરાણે બી.કૉમ. થયો, પરાણે લૉનું પહેલું વર્ષ પૂરું થયું, પરાણે બૅન્કમાં નોકરી મળી અને પરાણે આ છોકરી મળી. (બધાં ખડખડાટ હસે છે.)

રવિપ્રસાદ : (હસતાં હસતાં યામિનીને) ને તમારું ?

યામિની : મારું પણ એવું જ છે. બી.એ. તો થઈ ગઈ છું, પણ મૂકેશ પરાણે નથી મળ્યો, તરત જ મળી ગયો. (હસે છે.)

મૂકેશ : એટલું તારું નસીબ સારું.

રવિપ્રસાદ : તમારાં લગ્ન થયે કેટલો સમય થયો ?

મૂકેશ : બસ, આવતા મહિને બે વર્ષ પૂરાં થશે.

યામિની : વસંતપંચમીએ અમારાં લગ્ન થયાં હતાં.

રવિપ્રસાદ : શી ખબર શાથી તમારા જેવું નાનકડું હસતું ખીલતું જુવાન યુગલ જોઉં છું ત્યારે મને અનહદ આનંદ થાય છે.

મૂકેશ : આચાર્યસાહેબ, એક વાત પૂછું ?

રવિપ્રસાદ : ના,હમણાં નહિ, મને ખબર છે કે તમે શું પૂછવાના છો, પહેલાં આ બધું ખાવાનું-પીવાનું પૂરું કરો... લો હવે આ ફ્રૂટ્સ લો...

મૂકેશ : ના... ના.. પ્લીઝ ! હવે ધરાઈ ગયો.

રવિપ્રસાદ : પ્લીઝ, લો આ સફરજન લો. (યામિનીને) ફ્રૂટ્સ ના લેવું હોય તો લો આ જ્યૂસ લો – પ્લીઝ.

મૂકેશ : થેંક યુ, તમે તો ખાસ કશું લેતા નથી.

રવિપ્રસાદ : લઉં છું ને, જુઓ મેં આ પોટેટો ચીપ્સ લીધી, પણ મૂકેશભાઈ, એ તો કહો કે તમને શાનો શોખ છે ?

મૂકેશ : શોખ !

રવિપ્રસાદ : હા, હા, શોખ.

મૂકેશ : શોખ તો શાનો હોય ! બસ કશાયનો નહિ...ગપ્પાં મારવાનો... બીજો શોખ મને પરવડે એમ નથી.

યામિની : હું કહું કે એમને શાનો શોખ છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

રવિપ્રસાદ : હા, હા, કહો.

યામિની : જોક્સનો જોક્સ કહેવાનો. એ સરસ કહે છે.

રવિપ્રસાદ : વાહ ! આ તો એકદમ સરસ છે. હસવાની એવી તો મજા આવે છે, હસવાથી એવું તો સારું લાગે છે કે બસ ના પૂછો વાત.

મૂકેશ : આચાર્યસાહેબ, આ પણ એક જોક છે.

યામિની : હું ખોટું બોલતી જ નથી.

રવિપ્રસાદ : ચાલો, હવે એક જોક કહો.

મૂકેશ : જોક્સ કહેવાનો તો કોઈને શોખ હોતો હશે ! આ તો કોઈવાર સમય પસાર કરવા –

રવિપ્રસાદ : મૂકેશભાઈ, અત્યારની આપણી મુલાકાતમાં મારા પ્રત્યે તમને થોડું ઘણું પણ માન થયું હોય તો મારું માન રાખો, છેવટે તમારી આ યામિનીનું માન રાખો.

યામિની : તો તો ખાસ નહિ કહે.

મૂકેશ : કોઈક વાર જોક સાંભળી પંદર મિનિટ પછી હસે છે.

યામિની : આજે જેવી જોક્સ પૂરી કરીશ કે તરત જ હસીશ ! બસ !

રવિપ્રસાદ : ચાલો કહો હવે.

મૂકેશ : કઈ કહું ?... ઘોડાની ! બોસની.. ના... હા. આપણી નથી. ફોરેઈનની છે, ક્યાંક વાંચી છે.. હા તો એક મિસ્ટર અને મિસિસ બ્રાઉન્સ દંપતી હતું. ઘણી રાહ જોવડાવ્યા પછી એમને ત્યાં પુત્રનો જન્મ થયો, બ્રાઉન્સ દંપતી હરખઘેલું થઈ ગયું અને એના માટે ખાસ કશું જુદું નામ શોધવા માંડ્યું. પછી ઘણી મથામણ પછી એમને નામ જડી ગયું – ફેન્ટાસ્ટિક.. બ્રાઉન ધી ફેન્ટાસ્ટિક. (જોક પૂરી થઈ ગઈ હોય એમ યામિની ખડખડ હસે છે.)

મૂકેશ : હજુ ક્યાં જોક્સ પૂરી થઈ છે તે હસવા માંડી ! પછી આચાર્યસાહેબ, તમે કહો છો કે–

યામિની : બસ, હવે સૉરી.. (હસતાં...હસતાં) ફેન્ટાસ્ટિક.

મૂકેશ : હા, તો શું કહેતો હતો ? હા, તો એ છોકરાનું નામ પડ્યું 'ફેન્ટાસ્ટિક', પણ છોકરો મોટો થયો ત્યારે એને એ નામ ગમ્યું નહિ. બધાં એને ખીજવવા લાગ્યાં. એના નામ પ્રત્યે એનો અણગમો વધતો જ ગયો, પણ શું કરી શકે...! છેવટે એ પરણ્યો, એને પણ બાળકો થયાં અને પેલા નામના અણગમા સાથે એ મોટો થતો ગયો. એનાં બાળકો પણ મોટાં થયાં. અને એક દિવસ એ ગંભીર માંદગીમાં પટકાઈ પડ્યો અને મૃત્યુ સામે આવીને ઊભું રહ્યું. એણે એની પત્નીને બોલાવી અને દર્દભર્યા અવાજે કહ્યું કે, મારી કબર પાસેના સ્મારકના પથ્થર પર મારું નામ 'ફેન્ટાસ્ટિક' ના લખતી. બસ એટલી જ મારી ઈચ્છા છે. મારી સાથે મારું નામ 'ફેન્ટાસ્ટિક' જોડાય હું એ નથી ઈચ્છતો.

એની પત્નીને એના પર બહુ પ્રેમ હતો. એ એને સારી રીતે રાખતો હતો , એટલે એની ઈચ્છા પ્રમાણે એના સ્મારક-પથ્થર પર એણે ખાલી 'બ્રાઉન' લખ્યું, પણ એ તદ્દન સાદું, અધૂરું ને તોછડું લાગ્યું એટલે એણે નીચે એક વાક્ય લખાવડાવ્યું



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કે 'જેણે એની આખી જિંદગીમાં કદી બીજી સ્ત્રી સામે જોયું નહોતું' પછી એવું બન્યું કે ત્યાંથી જે કોઈ પસાર થયું હતું એ વાંચીને બોલી ઊઠતું 'ફેન્ટાસ્ટિક'... બસ હવે હસ હસવું હોય તો.

યામિની : (હસતાં-હસતાં)હું હસવાની હતી ત્યાં જ તું બોલ્યો.

રવિપ્રસાદ : વાહ 'ફેન્ટાસ્ટિક.' (ફરી પાછાં બધાં ખડખડાટ હસે છે.)

મૂકેશ : થેંક યું.

રવિપ્રસાદ : મૂકેશભાઈ, આજે તો ખરેખર મજા આવી ગઈ, પણ એક મૂળ મુદ્દાની વાત તો હું પૂછવાની ભૂલી જ ગયો.

મૂકેશ : હા, હા, પૂછો.

રવિપ્રસાદ : બસ એ જ કે હમણાં આપણે જ્યાં મળ્યાં એટલે કે બસ-સ્ટૉપ પર બસની રાહ જોઈ તમે ઊભાં હતાં તે તમે અત્યારે સાંજે ક્યાં જતાં હતાં ?

મૂકેશ : મ્યુનિસિપિલ માર્કેટ પાસે.

રવિપ્રસાદ : કશું ખરીદવા ?

મૂકેશ : ના, ત્યાં મારા કાકા રહે છે તેમને મળવા.

રવિપ્રસાદ : તમારે બધાં જ સગાં અહીં છે ? એટલે કે બધાં અહીં જ રહે છે ?

મૂકેશ : હા, બધાં જ સગાં છે - મારા પિતા સિવાય ... કાકા, મામા, માસા, ફુઆ બધાં અહીં જ રહે છે.. બધાં મને હમેશાં સલાહ જ આપ્યા કરે છે. એ સિવાય બીજું કશું જ નથી કરતાં.

રવિપ્રસાદ : પિતાજી નથી ?

યામિની : એમના પપ્પા તો ઠેઠ બાળપણથી જ ગુજરી ગયાં છે.

રવિપ્રસાદ : સો સૉરી. અચ્છા મૂકેશ, યામિની, લગભગ તમે નાસ્તો કરી લીધો છે અને આપણી પંદર મિનિટ પણ થવા આવી છે. ચાલો, હવે તમને મ્યુનિસિપલ માર્કેટ મૂકી જઉં... પણ તમે મને કશું પૂછવા માગતાં હતાં તો પૂછો જો પૂછવું હોય તે.

મૂકેશ : આચાર્યસાહેબ, પૂછવું તો ઘણુંબધું છે. તમે તમારા વિશે ઓછામાં ઓછું બોલ્યા છો, પણ એકદમ તમને કઈ રીતે પૂછવું એની મૂંઝવણ -

રવિપ્રસાદ : મૂંઝાઓ નહિ, જે પૂછવું હોય તે વિનાસંકોચે પૂછો.

મૂકેશ : મને તો ક્યારનોય એ જ વિચાર આવે છે કે આટલા મોટા બંગલામાં બીજું કોઈ માણસ કેમ નથી ? તમે એકલા જ છો ? તમારું કુટુંબ ક્યાં છે ?

રવિપ્રસાદ : હા, હું એકલો જ છું, મારે કોઈ કુટુંબ જ નથી !

યામિની : પત્ની, પુત્ર કે એની વહુ ?

રવિપ્રસાદ : ના. યામિની,હું એક એવો કમનસીબ માણસ છું કે જેનુ બધું જ છિનવાઈ ગયું છે.

યામિની : શી વાત કરો છો ! આતો ખૂબ જ દુ:ખદ અને આઘાતજનક છે.

રવિપ્રસાદ : હા, ખૂબ જ દુ:ખદ અને આઘાતજનક... એક દિવસ આ સામે ફોન પડ્યો છે એની ઘંટડી વાગી, એ કાર-અકસ્માતના ભયંકર સમાચાર હતા. હું દોડી ગયો અને જોયું



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

તો મારી પત્ની મમતા અને અઠ્ઠાવીસ વર્ષનો મારો એકનો એક જુવાનજોધ દીકરો નંદન એ ક્રૂર અકસ્માતમાં ટ્રક નીચે ચગદાઈ ગયાં હતાં - જોતજોતામાં મારું બધું છિનવાઈ ગયું. નંદન એમ.બી.એ. થઈ અહીં આવ્યો. અમે એને માટે એક સરસ છોકરી પણ શોધી રાખી હતી, અને — જવા દો, હવે આ બધી વાતોનો શો અર્થ !

યામિની : આ બધું ક્યારે બન્યું ?

રવિપ્રસાદ : એક વર્ષ થવા આવ્યું.

મૂકેશ : ત્યારથી તમે આમ એકલા જ જીવન જીવો છો ?

રવિપ્રસાદ : હા, પૈસા પૂરતા છે એટલે કોઈ કશો કામધંધો કરતો નથી. બસ આખો દિવસ વાંચું છું, સંગીત સાંભળું છું, વૃક્ષો જોઉં છું, પંખીઓ જોઉં છું. પણ ક્યારેક મારું આ એકાકીપણું મને વસમું લાગે છે. આ એકલતાની ભીંસમાં અને ભીંસમાં ગૂંગળાઈ જાઉં છું, એટલે હમણાંથી રોજ સાંજે મારી ગાડી લઈ નીકળી પડું છું. બસની રાહ જોઈ લાઈનમાં ઊભેલા તમારા જેવા કોઈ યુગલને કે કોઈ એકલદોકલ અલગારી માણસને - તમને આપી એમ ગાડીમાં લિફ્ટ આપું છું. એમને જ્યાં જવું હોય ત્યાં મૂકી આવું છું. પણ એ દરમિયાન એમની એ રીતે પંદર મિનિટ બચાવું છું અને જો આવે તો એમને મારે ઘેર લઈ આવું છું. એમને આ રીતે ખવડાવું-પિવડાવું છું અને વાતો કરું છું. આ મારો આનંદ છે. રોજ સવારે હું સાંજની રાહ જોઉં છું. બસ હવે અહીં અટકું. મારા વિશે બહુ વાતો કરવી એ સારું નહિ. ચાલો, હવે તમારો પણ સમય થવા આવ્યો (આછું હસીને) પંદર મિનિટ પૂરી થઈ. તમને મૂકી જાઉં... સારી વાતો કરી, મજા આવી.

મૂકેશ : આચાર્યસાહેબ, અમે પણ આ સાંજ ક્યારેય નહિ ભૂલીએ. (હસતાં-હસતાં), (હસતાં હસતાં) હવે પાછાં કોઈકવાર બસની રાહ જોતાં ઊભાં હોઈશું અને તમે પસાર થતા હશો તો હાથ બતાવી તમારી ગાડી ઊભી રખાવીશું.

રવિપ્રસાદ : પણ હું ગાડી ઊભી નહિ રાખું. હું તમને બીજીવાર મારે ઘેર લાવું એટલે તમારા પ્રત્યે મને માયા-મમતા બંધાય અને મારી આસક્તિ વધે અને કદાચ હું દુઃખી થાઉં અને... અને હવે હું કદાચ... કદાચ.. વધારે દુઃખ સહન નહિ કરી શકું... મૂકેશ.. યામિની...

## ટિપ્પણ

**સંકોચ** - ખચકાવું, ખચકાટ **ધરાઈ જવાય** - ભૂખ ન રહેવી **વાંધો** - વિરોધ **સંકોચ** - ખચકાવું **ભાર હળવો કરી** - બોજ ઉતારવો **ખુલ્લા મને** - આત્મિયતાથી, સંકોચ વગર **રામો** - ઘાટી **માયાળુ** - પ્રેમાળ, હેતાળ **હસમુખા** - હસતા મુખવાળા **નસીબ** - ભાગ્ય **યુગલ**- જોડું **અનહદ** - અપાર **માન રાખવું** - પ્રતિષ્ઠા જાળવવી, સામાનું માન રહે તે ખાતર તે કહે તેમ કરવું **હરખઘેલું** - અતિશય હર્ષથી ઘેલું બનેલું **સ્મારક** - યાદગીરી કે તે અર્થે કરેલું બાંધકામ **તોછડું** - અસભ્ય, ઉદ્ધત **છિનવાઈ ગયું** - જતું રહ્યું, ઝૂંટાઈ ગયું **આઘાત જનક** - દુઃખની તીવ્ર લાગણી થાય તેવું **જુવનજોધ** - યુવાન, ભર યુવાનીમાં પ્રવેશેલો **એકાકીપણું** - એકલવાયું, એકલાપણું **માયા** - મમતા (અહીં) સ્નેહ, પ્રેમ આસક્તિ - મોહિત



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. ગાવાની બાબત વિશે મૂકેશ શું જણાવે છે ?
2. વાનગીઓને જોઈને મૂકેશ શું બોલી ઊઠે છે ?
3. મૂકેશને શાનો શોખ છે ?
4. કોને મળવાથી રવિપ્રસાદને આનંદ થાય છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. યામિની રવિપ્રસાદ પાસેથી શું જાણવા માગે છે ?
2. યામિનીને પ્રત્યુત્તર આપતા રવિપ્રસાદ શું જણાવે છે ?
3. રવિપ્રસાદ શા માટે પંદર મિનિટ પર પોતાનો હક પ્રસ્થાપિત કરે છે ?
4. મૂકેશ પોતાના અભ્યાસ વિશે શું જણાવે છે ?
5. મૂકેશ યામિનીને બીજી વાર ઘરે લાવવાની રવિપ્રસાદ શા માટે ના પાડે છે ?

**પ્રશ્ન 3. નીચેના પાત્રોનો સંક્ષિપ્તમાં પરિચય આપો.**

1. મૂકેશ 2. યામિની 3. રવિપ્રસાદ

**પ્રશ્ન 4. રવિપ્રસાદની દિનચર્યા વિસ્તારથી વર્ણવો.**

**પ્રશ્ન 5. નીચેના વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે કહો.**

1. 'વાંધો ન હોય તો એક પ્રશ્ન પૂછું.'
2. 'જોતાં જ ધરાઈ જવાય તેવું છે.'
3. 'એટલું તારું નસીબ સારું.'
4. 'ચાલો, હવે એક જોક કહો.'
5. 'પણ, હું ગાડી ઊભી નહિ રાખું.'

**પ્રશ્ન 6. સમાનાર્થી શબ્દ લખો.**

નસીબ, જુવાન, રસ્તો, પુત્ર

**પ્રશ્ન 7. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

અણગમો, ઈચ્છા, બાળપણ, દુ:ખદ

**આટલું કરો**

1. પ્રાર્થનાસભામાં આ નાટકની ભજવણી કરો.
2. તમારી આસપાસ રહેતી અને એકાકી જીવન જીવતી વ્યક્તિની મુલાકાત લઈ તેની દિનચર્યા જાણો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## વ્યાકરણ

### પ્રત્યય

**પ્રત્યય :**

નીચેના વાક્યો ધ્યાનથી વાંચો અને લીટી દોરેલા શબ્દોમાં કયા બે શબ્દ (પદ)છે તે છૂટા પાડો.

૧. દવા કરનારાઓ વણનોતર્યા ઘેર આવી પહોંચતા.

૨. જુમો અને વેણુ બાળપણથી આજ સુધી અખંડ રહ્યા હતા.

૩. બુદ્ધિને બેભાન બનાવ્યા વિના આત્મા કાળું કામ કરવામાં કેમ હા ભણે ?

૪. પછી પરમાણંદદાસને તાત્કાલિક બોલાવ્યાનું કારણ આપતાં ગોપાળબાપા કહે છે.

તમે જોયું હશે કે લીટી દોરેલા શબ્દોમાં બે પદ (શબ્દ) છે. હવે આ બે પદોને તમે આ રીતે છૂટા પાડી શકો.

| | |
|---|---|
| વણનોતર્યા | વણ+નોતર્યા |
| અખંડ | અ+ખંડ |
| બેભાન | બે+ભાન |
| તાત્કાલિક | તત્કાલ+ઈક |

હવે આ શબ્દોને નીચેના શબ્દો સાથે સરખાવો.

| | |
|---|---|
| માબાપ | મા અને બાપ |
| વિદ્યાદાન | વિદ્યાનું દાન |
| કરચોરી | કરની ચોરી. |
| રોગમુક્ત | રોગથી મુક્ત |
| ત્રિનેત્ર | ત્રણ નેત્ર (આંખ) જેને છે તે - ભગવાન શંકર. |

ઉપરના શબ્દો અને નીચેના શબ્દોમાં બે શબ્દો છે પણ આ બે શબ્દો જુદી જુદી રીતે જોડાયા છે. નીચેના શબ્દો વાંચતા સમજાશે કે આ તો સમાસ છે. જે તમે આગળના ધોરણમાં ભણી ગયા. સમાસના ઉદાહરણમાં બે શબ્દો છે, તેના અર્થ છે અને તેનું જોડાણ જુદી રીતે થાય છે. પણ ઉપરના શબ્દોમાં બે પદ (શબ્દ) છે. પણ એકનો કોશગત અર્થ છે અને બીજાનો નથી. દા.ત. આપણને થાય કે બેભાનમાં બે+ભાન તો બે નો અર્થ છે ? હા બે નો અર્થ છે પણ તે આ શબ્દના સંદર્ભમાં બંધ બેસતો નથી. તેજ રીતે વણ, ઈકનો પણ પોતાનો કોશગત અર્થ નથી. પણ હા, આ પદો બીજા શબ્દો સાથે જોડાઈને નવો અર્થ બનાવે છે. જુઓ વણનોતર્યો. અહીં નોતર્યા એટલે બોલાવ્યા પણ વણ લાગતા વિરોધી અર્થ બન્યો. તે જ રીતે તમે બેભાન, અખંડ અને તાત્કાલિકને સમજી શકશો.

હવે આ પદ કે જેનો કોશગત અર્થ નથી પણ શબ્દ (પદ) સાથે જોડાય ત્યારે શબ્દના અર્થમાં ઉમેરો કરે છે. તેવા પદોને ગુજરાતી ભાષામાં પ્રત્યય કહેવાય છે. આ પ્રત્યયના બે પ્રકાર પડે છે.

૧ પૂર્વપ્રત્યય

૨ પરપ્રત્યય

પૂર્વ એટલે પહેલાં (આગળ) શબ્દની પહેલા લાગતા પ્રત્યયને પૂર્વપ્રત્યય કહે છે. જ્યારે પર એટલે પછી (પાછળ) શબ્દની પાછળ લાગતા પ્રત્યયને પરપ્રત્યય કહે છે.

દા.ત.

(૧) સુમધુર
સુ+મધુર

અહીં સુ પ્રત્યય શબ્દની આગળ લાગ્યો છે એટલે તે પૂર્વપ્રત્યય બને છે.

(૨) સરળતા
સરળ+તા

અહીં તા પ્રત્યય શબ્દની પાછળ લાગ્યો છે. એટલે તે પરપ્રત્યય બને છે.

હવે તમે જાતે નીચેના શબ્દોમાંથી પ્રત્યય છૂટા પાડો.

કુસંપ, અસામાન્યતા, અફળ, કપૂતો, કુવિચાર, ગેરહાજર, ઢોલી, અણઆવડતો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 10. મામો અને ભાણેજ



**કનૈયાલાલ માણેકલાલ મુનશી**
**જન્મ : ઈ.સ. ૧૮૮૭ મૃત્યુ : ઈ.સ. ૧૯૭૧**

કનૈયાલાલ માણેકલાલ મુનશીનો જન્મ ભરૂચમાં થયો હતો. તેઓ મુંબઈની 'ભારતીય વિદ્યાભવન' સંસ્થાના કુલપતિ રહ્યા હતા. સાંસ્કારિક, સાહિત્યિક, શૈક્ષણિક અને રાજકીય વિષયોમાં તેમનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. ખાસ તો ઐતિહાસિક નવલકથાના અને નાટકોના સફળ અને લોકપ્રિય લેખક સર્જક તરીકે જાણીતા રહ્યા છે. પ્રાચીન સંસ્કાર અને સંસ્કૃતિને નવો અવતાર આપી તેમણે સાહિત્યમાં કુશળતાપૂર્વક નિરૂપ્યા છે. નવલકથા, નવલિકા, નાટક અને વિવેચન એમ વિવિધ સાહિત્ય પ્રકારોમાં તેમનું વિશિષ્ટ પ્રદાન છે. 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ', 'રાજાધિરાજ', 'પૌરાણિક નાટકો' વગેરે તેમની જાણીતી કૃતિઓ છે.

નવલકથાએ ગુજરાતી સાહિત્યનું આગવું સ્વરૂપ છે. નવલકથા એટલે વિસ્તારવાળો વાર્તારૂપ વૃત્તાંત છે. જેમાં અનેક બનાવો, જીવનખંડો હોય છે. તે વિસ્તાર પ્રચુર હોય છે. નવલકથા એટલે જીવનના વ્યાપક અનુભવો આસપાસના જગતની એક સળંગ કથાનું સર્જન કરે છે. નવલકથા એટલે અનેક કથાઓની એક કથા છે. તેમાં ભાષા કર્મ, જીવન પ્રસંગો, સ્થળ-કાળ ભૂમિકા, રસમયતા, સંવાદકલા અને પાત્રોનું મનોજગત પ્રમુખ ભૂમિકા ભજવે છે.

આ કૃતિ 'પાટણની પ્રભુતા' નવલકથાનું એક પ્રકરણ છે. મુંજાલ એ પાટણનો મહા અમાત્ય છે. એ મુત્સદ્દી પણ છે. પોતાના સ્વાર્થને ખાતર એણે પોતાની બહેન અને દેવપ્રસાદની પત્ની હંસાને સત્તર વર્ષથી જેલમાં એકાંતવાસમાં રાખી છે. હંસાનો પુત્ર ત્રિભુવન એમ સમજતો કે પોતાની મા મૃત્યુ પામી છે, પરંતુ રાજા કર્ણદેવ પાસેથી જાણવા મળે છે કે પોતાની મા જીવે છે. આથી માને મેળવવા માટે ત્રિભુવન મુંજાલ પાસે જાય છે અને માની ભીખ માંગે છે. તે બંને વચ્ચેનો સંવાદ અહીં નિરૂપવામાં આવ્યો છે, એ સંવાદ દ્વારા બંને પાત્રોનો આપણને પરિચય થાય છે. સાથે સાથે મુનશીની સંવાદકલાનો પણ ખ્યાલ આવે છે.

---

મામાને મળવા જતાં ત્રિભુવન ગભરાયો. તેણે જિન્દગીભર તેને દુશ્મન ગણ્યો હતો. કોઈ દિવસ એક અક્ષર પણ તેની સાથે બોલ્યો નહોતો અને તેની ખ્યાતિ મોટા મોટા મુત્સદ્દીને પણ ધ્રુજાવે એવી હતી. છતાં છોકરાનો નિશ્ચય દૃઢ હતો. પોતાની મા પર ગુજારેલા જુલમની વાતથી તેનું હૃદય ઘવાયું હતું. જુલમગારોને યોગ્ય શિક્ષા કરવા તેનો હાથ તલસી રહ્યો હતો; પણ તેના બાપ કરતાં તેનામાં દુનિયાનું જ્ઞાન વધારે હતું. જાણી જોઈને પોતે બધી વાતથી અજાણ જ છે, એમ તેણે મંડલેશ્વરને દેખાડ્યું હતું; પણ સામળ બારોટ તેમ જ બીજા માણસો પાસે તેણે ઘણી વાતો સાંભળી હતી, અને તેના પર પોતાના અભિપ્રાય બાંધ્યા હતા. અત્યારે પણ તેણે ઊકળતા હૃદયને શાંત કર્યું. તેને ખાતરી હતી કે, મુંજાલ જેવા મુત્સદ્દી પાસે મિજાજ ખોવો તે તિરસ્કારપાત્ર થવા જેવું હતું.

જ્યારે તે મુંજાલના ગુમાસ્તા બેસતા હતા ત્યાં આવ્યો, ત્યારે બધા ખળભળી ઊઠ્યા. ત્રિભુવનનું બાળપણ,મોઢા પરની ભવ્ય રેખાઓ, આંખોનું તેજ જોતાં બધાં વિચારમાં પડ્યા, અને કોણ છે તે પૂછવા બેઠા. સાધારણ રીતે મુંજાલ હમણાં કોઈને મળતો નહિ; પણ ત્રિભુવનને ના કહેવાની કોઇએ હિંમત કરી નહિ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

"આપનું નામ ?"

"ત્રિભુવનપાળ સોલંકી."

માણસે ઊંચું જોયું, ચમક્યો, તેને ઓળખ્યો : "ઊભા રહો, મહારાજ ! હું જોઈ આવું. વખત છે મંત્રી કામમાં હોય."

"હા, કહેજો કે જ્યારે ફુરસદ મળે ત્યારે; ત્યાં સુધી હું અહીંયાં છું."

ગુમાસ્તો ગયો અને તરત પાછો આવ્યો, "પધારો."

ત્રિભુવન છાતીના ધબકારાને શાંત રાખવા મથતો હતો. તે અંદર ગયો. અંદર ગાદી પર રૂપાળો, તીક્ષ્ણ નજરનો એક માણસ બેઠો હતો. ત્રિભુવને મોઢાનું રૂપ અને ભવ્યતા ભાળ્યાં. તરત તેને ઓળખ્યો; જરા મોટે અવાજે પૂછ્યું : "મામા ! ઓળખો છો ?"

મંત્રીના શાન્ત મોં પર છાયા બદલાઈ; પળ બે પળ ગભરાટની, ઊછળતા સ્નેહની છાયા પડી રહી. તેણે હાથ લંબાવ્યો : તેના હાથમાં અણદીઠો કંપ હતો.

"કોણ ? હંસાનો ત્રિભુવન ?" જરાક અશાંત લાગતા સ્વરથી મંત્રીએ પૂછ્યું.

ત્રિભુવનને આશ્ચર્ય થયું કે આ સ્નેહભીનો,ભાવવાળો પુરુષ, તે તેનો ક્રૂર ગણાતો મામો ? થોડી વાર સુધી કોઈ બોલ્યું નહિ.

"તને ઘણે વખતે મેં જોયો."

"પહેલી જ વખત, નહિ ?"

ત્રિભુવનના શબ્દોએ મંત્રીની બુદ્ધિ સતેજ કરી. તેણે સ્વાસ્થ્ય મેળવ્યું. ત્રિભુવને જાણ્યું કે આવું કટાક્ષભર્યું વાક્ય બોલી તેણે ભૂલ કરી હતી.

"કેમ, બા ? કેમ આવ્યો છે ?" મંત્રીનો ઉમળકાભર્યો અવાજ શાંત અને ભાવહીન થવા લાગ્યો.

"એક ભીખ માંગવા આવ્યો છું." કેમ વાત શરૂ કરવી, તે નહિ સૂઝવાથી ત્રિભુવને ઝંપલાવ્યું.

"ભીખ ? મારી બહેનનો છોકરો મારા જીવતાં ભીખ માગે ?" જરાક હસતાં મંત્રીએ કહ્યું.

"હા, મામા ! ભીખ કહો,કે જે કહો તે, પણ મને એક વસ્તુ આપો" કરગરી પડતાં ત્રિભુવન બોલ્યો.

"શી વસ્તુ ?"

"મારી જનેતા."

બીજો કોઈ માણસ ચમકત; પણ મુંજાલના મોઢા પર એક ક્ષણવાર આશ્ચર્યની વીજળી ચમકી અને અદીઠ થઈ.

"એ શું કહે છે ?"

"હું સાચું કહું છું. સત્તર વર્ષ સુધી મારું જીવન મને રસ વગરનું લાગતું હતું. આજે મેં જાણ્યું કે તે શાથી નીરસ છે. મારાથી મારી મા વિના રહેવાતું નથી; તે મને આપો."

"બેટા ! તું ગાંડો છે ? તારી મા તો ક્યારની સ્વધામ–"

"મામા ! તમે છેતરશો ? મારી મા જીવે છે."

"કોણે કહ્યું ?" નિશ્ચળ નજરથી ત્રિભુવન તરફ જોતાં મુંજાલે પૂછ્યું. તેના અવાજમાં બનાવટી શાંત મીઠાશ હતી; છતાં આંખો કહી આપતી, કે મંત્રીનું મગજ ઝપાટાબંધ કામ કરી રહ્યું છે.

"કોણે કહ્યું ? હું કહું છું." જોનારે તેને સદેહે જોઈ છે, અને કહેનારે ચોખ્ખે ચોખ્ખું કહ્યું છે."

"કોણે જોઈ ? કોણે કહ્યું ?"



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

"મામા !" ગળગળો થઈ ત્રિભુવન બોલ્યો : "મારી સાથે આમ વર્તશો ? જન્મ લઈ મેં માનો ખોળો જોયો નથી; જન્મ લઈ હેતે ઉભરાતે નયને માડીના મોંઘા બોલો ઉપાડ્યા નથી. તમે પાષાણ નથી. માણસ છો. તમને રડતા કકળતા કોડઘેલા બાળની દયા નથી આવતી ? તમારા હૈયામાં હોંસભરી બહેન માટે જરા પણ જગ્યા નથી ? શા માટે તે ગઈ તે મારે જાણવું નથી; કોણે તેને રીબાવી, તે મારે સાંભળવું નથી; પણ અત્યારે તે મને જુએ તો કેટલા આશિષ તમને દે ? માબાપ તમારે શરણે તેને છોડી ગયાં. આજે તે બિચારી રંક બહેનની એટલી ઈચ્છા નહિ પૂરો ? છ મહિનાના કોડીલા કુંવર પાસેથી તેને લોકો લઈ ગયા; તેણે ફરી તેને જોયો નથી. આજે છોકરો મોટો થયો; માની આંખો ઠારે એવો થયો. બહેનની તથા ભાણેજની એટલી વિનંતી નહિ સાંભળો ? મામા ! બેને નહિ મેળવો ?"

ત્રિભુવનનું મોં દયામણું હતું. તેની આંખોમાંથી આંસુ વહેતાં હતાં; સામે મંત્રી સ્થિર થઈ બેઠો હતો; મુઠ્ઠી વાળેલા હાથના નખ માંસમાં જોરથી પેસી જતા હતા; તે સિવાય તેના પર લાગણીનાં કાંઈ ચિહ્ન નહોતાં.

"છોકરા ! છોકરા ! શા માટે આક્રંદ કરે છે ? તે બધું મિથ્યા છે, હું કાંઈ પરમેશ્વર છું કે અસંભવિત વાત કરીશું ?" ભાવહીન અવાજે તેણે કહ્યું.

"ના, પણ તમે મુંજાલ છો. ગુજરાતમાં દશે દિશામાં પ્રસરતી ખ્યાતિના ધણી છો; તમારી શક્તિ અથાગ છે. તમે ધારો તે કરો એમ છો."

"ભાઈ ! ભૂલ છે. તને હજુ કેટલીક વાતો સમજતાં ઘણી વાર છે. વિજયી વીરની સત્તાશીલ કારકિર્દી પાછળ શી શી પીડાઓ પડી છે, હસતાં મોઢાની સુંદર રેખાઓ કેટલાં કેટલાં આસુંઓ ઢાંકે છે, એ બધું સમજતાં તને હજુ વાર છે. મારાથી જો મારી બહેન સજીવન થઈ શકતી હોય તો હું આમ બેસી રહું ? મારી બહેન મારે મન પણ પ્રાણ સમાન હતી. તેણે મને છેહ દીધો, મેં કદી તેને દીધો નહોતો."

"ત્યારે શું તમે એમ કહો છો, કે તે મરી ગઈ છે ? અથવા એવા હાથમાં છે, કે જ્યાં તમારી સત્તા ચાલતી નથી ? તમે આમ આંસુ ઢાળશો, તો મારું શું ?"

"કાંઈ નહિ. એ ક્યાંથી મળે ! હરિ ઈચ્છા," મુંજાલની આંખમાં પણ દુઃખની છાયા આવી.

"એમ નહિ. એ શું મરી ગઈ છે, ખરેખર ?"

"ત્યારે બીજું શું ? બહેનનું થવાનું હતું તે થયું, પણ ભાણો મારું માનશે ?" મીઠાશથી મુંજાલે પૂછ્યું.

ત્રિભુવન વિચારમાં પડ્યો હતો. "આની સાથે શી વાત કરવી ? બાપની કે કર્ણદેવની ભૂલ તો નહિ હોય ?"

"ત્રિભુવન ! મારી પાસે રહેશે ? એકદમ નિશ્ચય પર આવતો હોય તેમ મુંજાલ બોલ્યો.

"કેમ ?" ચમકીને ત્રિભુવન બોલ્યો.

જો મને છોકરાં નથી. સંસારમાં બીજો કોઈ મારો આરો નથી. ચાલતે દિવસે મને ઘડપણ આવશે. મારી જ જોડે રહેશે ? મારા ખાલી હૃદયની આશાઓ પૂરશે ?"

"મામા ! તે એક જ રીતે થાય. મારા બાપુ જોડે સલાહ કરો."

મુંજાલના હોઠો પિસાયા. એની આંખો વધારે ધારદાર થઈ. તે બોલ્યોં "તને સલાહ કરવા મોકલ્યો છે ?"

"મંડલેશ્વર સમાધાન યાચતા નથી." મગરૂરીમાં માથું ઊંચકી ત્રિભુવને કહ્યું.

"ભાઈ ! આટલું મારું કહ્યું માનો તો તારી માનું સુખ તું ભૂલી જાય, એવું સુખ આપું." મીઠાશથી મુંજાલે કહ્યું.

"તો કેમ બને ? તે સુખ ખાતર મારા બાપુને એકલા છોડું ?"



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

"મંડલેશ્વર પોતાનું સંભાળી લેશે. અહીંયાં તારા જેવાને માટે આબરૂ છે, પૈસા છે, કીર્તિ છે."

"પછી ?" –

"પછી શું ? કર્ણદેવ જશે કે તારા બાપની સ્થિતિ છે તેના કરતાં બગડશે. ત્યાં તારા જેવાને નહિ પાલવે."

"મામા ! તે બગાડવી કે સુધારવી સહેલ નથી. દેહસ્થલીના ગઢ ઊંચા છે અને ત્યાંના વીરોએ ચૂડીઓ નથી પહેરી."

"ત્યાં એક ચીજ નથી."

"શી ?"

"મુંજાલ મંત્રીની બુદ્ધિ."

"મામા ! બુદ્ધિ પરમેશ્વરે એકને નથી આપી."

"છોકરા ! ટાહ્યલાં માટે મને વખત નથી. મારું હૃદય તારે માટે તલસે છે. મારી પૂંઠ તું નહિ પૂરશે ત્યારે કોણ પૂરશે."

"કીર્તિની અને પૈસાની લાલચ આપી મને લોભાવો છો ? અને તમારું કહેવું ખરું હોય, તો મુંજાલ મંત્રીની બુદ્ધિથી પાટણનો જુલમ મારા બાપ ઉપર થતો હોય, તો આવી વખતે હું તમારી પાસે આવીને બેસું ? મને કેવો ધારો છો ? મા વિનાના જે બાળને માના વહાલથી તેણે ઉછેરી મોટો કર્યો, અને તમારા જેવા જુલમ કરી રહ્યા, તેને માટે રાજ્ય અને કીર્તિ સાચવી રાખ્યાં ? છોકરો શું એવો કમજાત, કૃતઘ્ન થશે, કે તે સિંહ જેવા બાપની સોબત છોડી અત્યારે તમારી સુંવાળી ગોદમાં આવી લપાઈ બેસશે ? મામા ! તમારું મંત્રીપણું આ ઠેકાણે નહિ કામ લાગે."

મુંજાલે મુગે મોઢે સાંભળ્યા કર્યું. તેનો ચહેરો સખ્ત થયો.

"જેવી તારી મરજી, મેં મારું બનતું કહ્યું."

"હંસાદેવીના ઘાતક પાસે તેના છોકરાને શી આશા હોય ?" તિરસ્કારથી ત્રિભુવન બોલ્યો અને ઊભો થઈ ગયો.

"છોકરા ! સખત શબ્દો વાપરતાં તને બહુ સારા આવડે છે." જરા ફિક્કું હસતાં મુંજાલે કહ્યું.

"શબ્દો સખત છે, તેમ સાચા પણ છે. મામા ! તમે સુખી નથી. તમારું પણ હૃદય કોણ જાણે શાથી રડે છે, તે તમે જાણો ને તમારું હૃદય જાણે. હું જાઉં છું, પણ અત્યારે મારી યાચના તિરસ્કારી છે તે પરિણામે પસ્તાશો" કહી ત્રિભુવન નમસ્કાર કરી ચાલ્યો ગયો.

## ટિપ્પણ

**ખ્યાતિ** - પ્રસિદ્ધિ, કીર્તિ **મુત્સદ્દી** - રાજદ્વારી પુરુષ, રાજનીતિમાં પ્રવીણ દૃઢ **નિશ્ચય** - સાચો સંકલ્પ **સદેહે** - જીવતી, દેહસહિત **ગુજારેલા** - વિતાવેલા **હૃદય ઘવાવું** - ખૂબ દુ:ખ થવું, વેદના થવી **કોડઘેલા** - આશાભર્યા **પ્રસરતી** - ફેલાતી **ગુમાસ્તા** - મહેતાગીરી **ટાહ્યલાં** - મિથ્યા બોલવું તે **ખળભળી ઊઠવું** - ગભરાઈ ઊઠવું, કંપી ઊઠવું, ક્ષોભ થવો **કમજાત** - હલકા કુળમાં જન્મેલો **અણદીઠો** - નહિ જોયેલો **ઉમળકા ભર્યો** - વહાલ ભર્યો, હેત ભર્યો **નિશ્ચળ** - અચળ, સ્થિર **સ્વધામ** - ભગવાનના ઘેર (અહીં) **ગળગળા થવું** - ઢીલા થઈ જવું, દુ:ખથી કે લાગણીથી હૈયું કે કંઠ ભરાઈ જવા જેવું થવું **રંક** - ગરીબ **પાષાણ** - પથ્થર **કોડીલા** - પ્રબળ ઈચ્છાવાળા **આશિષ** - આશીર્વાદ **આક્રંદ** - રુદન, વિલાપ **સમાધાન** - વિરોધ, શંકા કે ગૂંચવણનો નિવેડો અને શાંતિ **મગરૂરી** - અભિમાની **સત્તાશીલ** - જેની પાસે સત્તા છે તેવી વ્યક્તિ **કૃતઘ્ન** - ઉપકારનો બદલો અપકારથી આપનાર



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. મામાને મળવા જતા ત્રિભુવન કેમ ગભરાય છે ?
2. કઈ વાતથી ત્રિભુવનનું હૃદય ઘવાયું હતું ?
3. ત્રિભુવન શાની ભીખ માગવા માટે ગયો હતો ?
4. મુંજાલે ત્રિભુવનને શાનું પ્રલોભન આપ્યું ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. માને છોડાવવા માટે ત્રિભુવન કેવી કેવી વિનંતી કરે છે ?
2. ત્રિભુવનને લાલચ આપવા માટે મુંજાલ શું કરે છે ?
3. મુંજાલની લાલચને ઠોકર મારતા ત્રિભુવન શું કહે છે ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. માતા માટે તલસતા ત્રિભુવનનો વલોપાત વર્ણવો.
2. આ નવલકથાખંડમાંથી તમને ગમતા કોઈપણ ત્રણ સંવાદો લખો અને તે સંવાદ ગમવા પાછળનું કારણ જણાવો.

**પ્રશ્ન 4. નીચેના પાત્રોનો સંક્ષિપ્તમાં પરિચય આપો.**

1. ત્રિભુવન 2. મુંજાલ

**પ્રશ્ન 5. નીચેના વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે કહો.**

1. 'આપનું નામ ?'
2. 'ઉપર બેસ, ભાઈ ! જોંઉ, આમ જો તો, જોઉં તારું મોઢું.'
3. 'પહેલી જ વખત, નહિ ?'
4. 'ત્રિભુવન ! મારી પાસે રહેશે ?'
5. 'તે સુખ ખાતર મારા બાપુને એકલા છોડું ?'

**પ્રશ્ન 6. સમાનાર્થી શબ્દ લખો.**

જુલમ, શિક્ષા, જનેતા, આશિષ

**પ્રશ્ન 7. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

ક્રૂર, નીરસ, સ્થિર, સખત, કૃતઘ્ન

**પ્રશ્ન 8. સાચી જોડણી લખો.**

કારકીર્દિ, મગરુરી, કીર્તી, તિરસ્કાર

**આટલું કરો**

1. તમારી માતા પ્રત્યેની લાગણીને કાગળ પર લખી માતાને વાંચી સંભળાવો.
2. ત્રિભુવનની એકોક્તિ વર્ગખંડમાં રજૂ કરો.
3. માતૃપ્રેમને રજૂ કરતો પ્રસંગ મિત્રોને સંભળાવો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**વ્યાકરણ**

## વાક્ય પરિવર્તન

નીચેના વાક્યો વાંચો.

- રમેશે બારી બંધ કરી.
- પવનથી બારી બંધ થઈ.

આ બે વાક્યમાં શું ફરક છે ? વિચારો-

પહેલા વાક્યમાં બારી બંધ થવાની ક્રિયા થાય છે. જેના પર રમેશનું નિયંત્રણ છે. બીજા વાક્યમાં પવનથી આપમેળે બારી બંધ થાય છે તે એક પ્રક્રિયા છે.

અહીં આપણા માટે મહત્ત્વના છે ક્રિયા દર્શાવતા વાક્યો. ક્રિયા થતી હોય ત્યારે કર્તાનું તેના પર નિયંત્રણ હોય છે. કર્તાનું મહત્ત્વ હોય છે. કર્તાને પ્રધાનતા મળે છે. દા.ત. જુમો વેણુ માટે ગદબ ખરીદતો.

- અબ્દુલકલામ દિલ્હીમાં ડૉ. વિક્રમ સારાભાઈને મળ્યા.
- લેખકે નર્મદાનો પ્રવાસ કર્યો.
- કલ્પના ચાવલા એરોનોટિકલ એન્જિનિયર બની.

ઉપરના વાક્યોમાં ક્રિયા થાય છે. તેનું નિયંત્રણ કર્તાના હાથમાં છે. કર્તા તેમાં પ્રધાન સ્થાને છે. આવા કર્તાની પ્રધાનતાવાળા વાક્યોને કર્તરિ વાક્ય કહેવાય. તે જ રીતે કર્મની પ્રધાનતાવાળા વાક્યોને કર્મણિ વાક્યો કહેવાય. જ્યારે ક્રિયા અથવા ભાવને પ્રધાનતા મળે ત્યારે ભાવે વાક્ય કહેવાય.

દા.ત. રીનાએ કેરી ખાધી (કર્તરિ વાક્ય, કર્તા પ્રધાન)
રીનાથી કેરી ખવાઈ (કર્મણિ વાક્ય, કર્મ પ્રધાન)
રીનાએ ખાધું (કર્તરિ વાક્ય)
રીનાથી ખવાયું (ભાવે વાક્ય)

કર્તરિમાંથી કર્મણિમાં પરિવર્તન કરવા માટે કર્તાને થી, વડે, દ્વારા પ્રત્યય લાગે છે અને ક્રિયાપદમાં યોગ્ય ફેરફાર થાય છે. ક્રિયાપદનું કર્મણિના 'આ' પ્રત્યયવાળું રૂપ વપરાય છે. કર્મણિ વાક્યમાં કર્મને મહત્ત્વ કે પ્રધાનતા પ્રાપ્ત થાય છે. જો વાક્યમાં કર્મ હોય તો તેને પ્રધાનતા મળે પણ વાક્યમાં કર્મ ન હોય તેવા સંજોગોમાં ક્રિયા કે ભાવને પ્રધાનતા મળે છે. આવી વાક્યરચના ભાવે વાક્યરચના બને છે (ભાવે વાક્ય બનાવવા માટે પણ થી, વડે, દ્વારા પ્રત્યય લાગે છે અને ક્રિયાપદમાં ફેરફાર થાય છે.)

- નીચેના વાક્યોમાંથી કર્તરિ, કર્મણિ અને ભાવે વાક્યરચના ઓળખાવો.

૧ લેખકથી છત્રી ખોવાઈ જતી.
૨ કલ્પનાએ પહેલીવાર અવકાશમાં ઉડ્ડયન કર્યું.
૩ મારાથી ભૂખ્યાની મદદ કરાશે.
૪ આજે આબુ ગિરિરાજ જોયો.
૫ કેટલાક લોકો રસ્તા પર કચરો ફેંકે છે.
૬ ઘણા લોકોથી ક્ષયનો ભોગ બની જવાય છે.
૭ વિદ્યાર્થીઓથી જોવાયું નહીં.
૮ આપણાથી આગળ નહીં જવાય.
૯ લેખકથી કહેવાઈ ગયું.
૧૦ જમ્યા પછી મુખવાસ આપવામાં આવશે.



Downloaded from https:// www.studiestoday.com